નં.ટી.ડી.ઓ/૩૦
તા.૭–૬–૧૨

**અપીલ અરજી તા.૨૬–૪–૧૨**
**અરજદારશ્રી :– શ્રી અરૂણ એસ.પાઠક,**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– આર.ટી.આઈ. એકટનો ભંગ કરી નિયત સમયગાળામાં માહિની ન આપવા તથા ખોટી અને અધુરી માહિતી આપતા જાહેર માહિતી અધિકારીઓ વિરૂધ્ધ કાયદેસરનીથવા તથા સંપૂર્ણ માહિતી મેળવવા બાબતની આપની અપીલ અરજી.

સંદર્ભ :–(૧) આપની તા.૯–૩–૧૨ની આઈ.ડી નં.૩૮ થી કરેલ અરજી.
(૨) અત્રેના તા.૧૬–૩–૧૨ ના પત્ર નં.ટીડીઓ/૬૧૩ થી પાઠવેલ જવાબ.
(૩) આપની તા. ૩૦–૪–૧૨ ની અપીલ અરજી.
(૪) અત્રેના તા.૧૯–૫–૧૨ ના પત્ર નં.ટીડીઓ/૨૬
(૫) આપની તા.૬–૬–૧૨ ની રૂબરુ /લેખિત રજુઆત

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે આપની તા.૦૯/૦૩/૨૦૧૨ની આઈ.ડી નં.૩૮ થી મધ્યસ્થ કચેરીમાં અરજી કરવામાં આવેલ. સદર અરજી મધ્યસ્થ કચેરી ધ્વારા તેમના પત્ર નં.સી/૩૧૦૮ તા. ૧૪–૩–૧૨ થી મુદ્દા નં(૧૦) ની અંશતઃ માહિતી બાબતે અરજી શહેર વિકાસ ખાતાની કચેરીમાં તબદીલ કરવામાં આવેલ. જે શહેર વિકાસ ખાતામાં ટીડીઓ આઈ.ડી નં.૫૬૨ થી નોંધાયેલ છે. ઉકત અરજી સંદર્ભે આપશ્રીને સંદર્ભ (૨) હેઠળના તા. ૧૬–૩–૧૨ ના પત્રથી સદર વિગતો શહેર વિકાસ ખાતાના કાર્યક્ષેત્રમાં આવતી નથી. પરંતુ સુરત શહેરી વિકાસ સત્તા મંડળ (સુડા) કચેરીના કાર્યક્ષેત્રમાં આવે છે. એવો પ્રત્યુત્તર પાઠવેલ તેમજ આપની તા.૦૯/૦૩/૧૨ની અરજીના મુદ્દાનં.: (૧૦)માં ઉલ્લેખ કરેલ તા.૦૮/૦૨/૨૦૧૨ના રોજ મે. કલેકટર સાહેબશ્રી, સુરતને સંબોધીને કરેલ અરજીની નકલ શહેરી વિકાસ સત્તા મંડળ (સુડા ભવન) નાનપુરા, સુરતને પણ મોકલવામાં આવેલ હોય અને સુરત મહાનગરપાલિકાના કાર્યક્ષેત્રની પણ નહી હોવાથી કોઈ કાર્યવાહી કરાયેલ નથી.

આપશ્રી ધ્વારા ઉકત અરજીના મુદ્દાઓની વિગતો ત્રીસ દિવસની સમય મર્યાદા પછી પણ આજદિન સુધી માહિતી મળેલ નથી એમ જણાવી તા. ૨૬–૪–૧૨ ના રોજ અપીલ અરજી મધ્યસ્થ કચેરીમાં કરવામાં આવેલ. સદર અરજી મધ્યસ્થ કચેરીના તા. ૩૦–૪–૧૨ ના પત્ર નં.સી.૨૭૮ થી અત્રે તબદીલ કરવામાં આવેલ. સદર અપીલ અરજી અન્વયે જણાવવાનું કે મધ્યસ્થ શહેર વિકાસ ખાતાને લગતા મુદ્દા નં(૧૦) ની વિગતે આપશ્રીને ત્રીસ દિવસની નિયત સમય મર્યાદામાં ઉપર મુજબની હકીકતે પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. (જેની નકલ આ સાથે સામેલ છે.)

વધુમાં ઉકત અપીલ અરજી સંદર્ભે નિયત સમયમાં પ્રત્યુતર ન મળેલ હોવા બાબતેઆધાર સહ આપનો પક્ષ રજુ કરવા અત્રેના પત્ર નં.ટીડીઓ/૨૬, તા.૧૯–૫–૧૨ થી જણાવવામાં આવેલ. જે અન્વયે આપશ્રીએ તા. ૬–૬–૧૨ ના રોજ રૂબરુ રજુઆત કરેલ. ઉકત રૂબરુ/લેખિત રજુઆતમાં જણાવ્યા મુજબ મોજે–જીયાવ, રે.સ.નં.૪૮૨ વાળી મિલ્કત સંબંધેની માહિતીની માંગણી કરેલ છે. જયારે અગાઉની આપની તા.૯–૩–૧૨ ની અરજીમાં મોજે–જીયાવનો ઉલ્લેખ કરેલ ન હતો. વધુમાં અત્રેના તા.૧૬–૩–૧૨ ના પત્ર નં.ટીડીઓ/૬૧૩ થી પાઠવેલ જવાબ આપશ્રીને આજદિન સુધી મળેલ નથી. એમ જણાવેલ છે.

**હુકમ :–**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ તા. ૬–૬–૧૨ ની રૂબરુ/લેખિત રજુઆત તેમજ જ જાહેર માહિતી અધિકારી તરફથી રજુ કરેલ આધારભુત ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૯–૦૩–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી તરફથી તા. ૧૬–૩–૧૨ ના રોજ પ્રત્યુતર પાઠવવામાં આવેલ. જે પ્રત્યુતર આપશ્રીને મળેલ ન હોવાની રજુઆત કરેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી તા. ૧૬–૩–૧૨ ના રોજ પાઠવેલ જવાબનું કવર આજદિન સુધી જાહેર માહિતી અધિકારીને પરત મળેલ ન હોય ,આથી સદર માહિતી આપશ્રીને મળેલ હોવાનું માનવામાં આવે છે. વધુમાં આપની તા. ૬–૬–૧૨ ની રજુઆતમાં આપશ્રીએ મોજે–જીયાવ, રે.સ.નં.૪૮૨ વાળી મિલ્કત સંદર્ભેની માહિતીની માંગણી કરેલ છે. જયારે આપશ્રીની તા. ૯–૩–૧૨ ની અરજીમાં આ અંગેનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

આમ ઉપરોકત અરજદારની રજુઆત સંદર્ભે જાહેર માહિતી અધિકારી ધ્વારા દફતરી ચકાસણી કરી અરજદારને દિન–૭ (સાત) માં અરજદારને પ્રત્યુતર પાઠવવા હુકમ કરવામાં આવે છે.

**અપીલ અધિકારી અને**
**ઈ.ચા. શહેર વિકાસ અધિકારી**
**શહેર વિકાસ ખાતુ**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૪૧
તા.૪–૭–૧૨

**અપીલ અરજી તા.૪–૫–૨૦૧૨, SMC/TDO/FAP NO.30/12-13**
**અરજદારશ્રી :– શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રીમહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૫–૪–૧૨ ની આઈ.ડી નં.૨૩ થી ટી.પી.સ્કીમ નં.૮, મોજેઃપાલનપુર, ફા.પ્લોટ નં. ૨૦ માં કટારીયા મોટર્સનું વર્કશોપ/શો રૂમના મિલ્કત બાબતેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા. ૪–૫–૧૨ ની અપીલ અરજી નં. **SMC/TDO/FAP NO.30/12-13,**અપીલ અરજી.

શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૫–૪–૧૨ ની અરજીથી ટી.પી.સ્કીમ નં.૮, મોજેઃપાલનપુર, ફા.પ્લોટ નં. ૨૦ માં કટારીયા મોટર્સનું વર્કશોપ/શો રૂમના મિલ્કત બાબતેની માંગેલ માહિતીના મુદ્દા નં(૧)ની અંશતઃ તથા (૨) થી (૬) ની માંગેલ માહિતી વેસ્ટ ઝોન કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ આવતી હોય, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીના પત્ર નં.ટીડીઓ/૧૭, તા.૧૩–૪–૧૨ થી વેસ્ટ ઝોન કચેરીને તબદીલ કરવામાં આવેલ તથા મુદ્દા નં.(૧) ની અંશતઃ માહિતી પત્ર નં.ટીડીઓ/૧૮, તા.૧૩–૪–૧૨ થી અરજદારશ્રી મહેન્દ્રસિંહ બ્રહમભટ્ટને પુરી પાડવામાં આવેલ.

ઉકત તા.૧૩–૪–૧૨ પત્ર નં.ટીડીઓ/૧૮ થી આપેલ માહિતીથી નારાજ થઈ અરજદારશ્રી મહેન્દ્રસિંહ બ્રહમભટ્ટે તા.૪–૫–૧૨ ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ. ઉકત અપીલ અરજી અન્વયે અત્રેના પત્ર નં.ટીડીઓ/૨૩, તા.૧૬–૫–૧૨ ના પત્રથી નારાજગીના કિસ્સામાં આધારસહ પક્ષ દિન–૫ માં રજુ કરવા અરજદારશ્રીને જણાવવામાં આવેલ, જે અન્વયે અરજદારશ્રી તરફથી તા.૧૯–૫–૧૨ ના રોજ કરવામાં આવેલ લેખિત રજુઆતના અનુસંધાને તા.૧૧–૬–૧૨ ના પત્ર નં.ટીડીઓ/૩૨ થી અરજદારશ્રીને તા.૧૪–૬–૧૨ ના રોજ સવારે ૧૧–૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

રૂબરુ રજુઆત દરમ્યાન અરજદારશ્રી ધ્વારા આ સંપૂર્ણ માહિતી મુખ્ય કચેરીએથી જ પુરી પાડવા રજુઆત કરેલ, જે સંદર્ભે જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારે અરજીમાં નિર્દિષ્ટ કરેલ બાંધકામને મુખ્ય કચેરીએથી મંજુરી મળેલ ન હોવાથી, આવા બાંધકામનું નિયંત્રણ મે.કમિશનરશ્રીના તા. ૫–૨–૦૮ ના પરિપત્ર નં. ૪૮૦૯ અન્વયે સંબંધિત ઝોન કક્ષાએથી કરવાનું રહેતુ હોવાથી તે સંબંધી માહિતી મધ્યસ્થ શહેર વિકાસ ખાતાને સ્પર્શતી નહી હોવાથી તથા વેસ્ટ (રાંદેર) ઝોન ને વધુ નિકટતાથી સ્પર્શતી હોવાથી તેઓ ધ્વારા બાકીનાં મુદ્દા અંગે માહિતી પુરી પાડવા અરજદારશ્રીની અરજી વેસ્ટ ઝોન કચેરીમાં તબદીલ કરી તેની જાણ અરજદારશ્રીને પત્ર નં.ટી.ડી.ઓ/૧૭ તા. ૧૩–૪–૧૨ નાં રોજ કરવામાં આવેલ હોવાની વધુ સ્પષ્ટતા કરેલ છે.

**હુકમ :–**

**અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાન ઉપર લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૫–૪–૧૨ ની અરજીના મુદ્દા નં.(૧)ની મધ્યસ્થ શહેર વિકાસ ખાતાને સંલગ્ન અંશતઃ માહિતી અરજદારશ્રીને પુરી પાડેલ છે. બાકીના મુદ્દાઓ માન.કમિશનરશ્રીના પરિપત્ર નં.૪૮૦૯ તા. ૫–૨–૦૮ ને ધ્યાને લેતા વેસ્ટ ઝોન (રાંદેર) ને વધુ નિકટતાથી સ્પર્શતા હોવાથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા પત્ર નં.ટીડીઓ/૧૭ તા. ૧૩–૪–૧૨ થી વેસ્ટ ઝોન કચેરીમાં નિયમાનુસાર તબદીલ કરી તેની જાણ અરજદારને પણ કરેલ છે. જેથી આ બાબતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. અરજદારશ્રી બાકીના મુદ્દા અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, વેસ્ટ ઝોન કચેરીનો સંપર્ક કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.**

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૪૩
તા.૦૬–૭–૧૨

**અપીલ અરજી તા ૨૧–૩–૧૨**
**અરજદારશ્રી :– શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રીમહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૨૧–૨–૧૨ ની આઈ.ડી નં.૧૮૩૫ થી મુદ્દા નં(૧) રાહુલરાજ ટેક્ષટાઈલ સીટી, ટી.પી.સ્કીમ નં.૩૩ ના ચાલી રહેલ બાંધકામ સંદર્ભે આપના વિભાગના જે તે અધિકારીશ્રીએ સાઈટ વીઝીટ (સ્થળ મુલાકાત) લીધેલ હોય તેના નામ આધાર પુરાવા અને નકલ સહિતની માહિતી આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા. ૨૧–૩–૧૨ ની અપીલ અરજી નં.SMC/ FAP/ NO/૭૦૧ 2011-12 અપીલ અરજી.

શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૨૧–૨–૧૨ ની અરજીથી મુદ્દા નં(૧) રાહુલરાજ ટેક્ષટાઈલ સીટી, ટી.પી.સ્કીમ નં.૩૩ ના ચાલી રહેલા બાંધકામ સંદર્ભે " આપના વિભાગના જે તે અધિકારીશ્રીએ સાઈટ વિઝીટ (સ્થળ મુલાકાત) લીધેલ હોય તેના નામ,આધાર પુરાવા અને નકલ સહિતની માહિતી " વિગેરે મુદ્દા નં(૧) થી (૫) ની માહિતી આપવા બાબતે અરજદારશ્રીને કોઈપણ નિર્ણય ન આપનાર તથા ખોટો નિર્ણય આપનાર ત્રણેય માહિતી અધિકારીશ્રીથી નારાજ થઈ તત્કાલીન એપેલેટ ઓફિસરશ્રીને તા. ૨૧–૩–૧૨ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ.

જે સંદર્ભે પર્સોનલ ઓફિસર અને આસી.નોડેલ ઓફિસરશ્રી (આર.ટી.આઈ.સેલ), સુરત મહાનગરપાલિકાના તા. ૨૯–૩–૧૨ ના પત્ર નં. આર.ટી.આઈ.સેલ/૨૧૧૦ થી ડે.કમિશ્નરશ્રી (પી એન્ડ ડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારીશ્રી તથા સીટી ઈજનેરશ્રી અને તત્કાલીન જાહેર માહિતી અધિકારીશ્રી (લીંબાયત ઝોન) ને અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની અપીલ અરજી સંદર્ભેની મુળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ ,આપવા જોગ પુરક માહિતીની વિગતો, વિલંબ/ વિસંગતતા/ ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતા સહ દિન–૫ માં પર્સોનલ ઓફિસરશ્રી અને આસી નોડેલ ઓફિસરશ્રીને પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા જણાવેલ. ત્યારબાદ ડે.કમિશ્નરશ્રી (સ્પે) અને એપેલેટ ઓફિસરશ્રી, સુરત મહાનગરપાલિકાના તા. ૩૧–૩–૧૨ ના પત્ર નં. આરટીઆઈસેલ/ ૨૧૪૦ થી અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ ને તેઓની તા. ૨૧–૨–૨૦૧૨ ની આરટીઆઈ હેઠળની અરજી ડે.ઈજનેરશ્રી અને જાહેરમાહિતી અધિકારી (લીંબાયત) ઝોન ધ્વારા તા. ૨૩–૩–૧૨ ના પત્ર નં. સાઉથ ઈસ્ટ (લીંબાયત) આ.નં ૩૯૦૯ થી શહેર વિકાસ અધિકારીશ્રી (મધ્યસ્થ શહેર વિકાસ)ને તબદીલ કરવામાં આવેલ છે તથા ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી અને જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં.ટીડીઓ/૫૯૭ તા. ૧૦–૩–૧૨ થી જવાબ પાઠવવામાં આવેલ હોય અરજદારશ્રીની તા. ૨૧–૩–૧૨ ની અપીલ અરજી બાબતે વધુ દાદ ફરીયાદ–રજુઆત માટે તેને લાગત અપીલ અધિકારીશ્રી જેમને તેઓના પત્ર નં. આરરટીઆઈસેલ/૨૧૩૯ તા. ૩૧–૩–૧૨ થી અરજદારની જાણ હેઠળ અપીલ અરજીની તબદીલી કરવામાં આવેલ હોવાથી, તેમનો સંપર્ક કરવા જણાવેલ છે. સદર પત્રની એક નકલ ડે.કમિશ્નરશ્રી (સ્પે) અને એપેલેટ ઓફિસરશ્રી ધ્વારા શહેર વિકાસ અધિકારી અને અપીલ અધિકારી પ્રતિ મોકલવામાં આવેલ.

વધુમાં આર.ટી.આઈ.સેલ,સુરત મહાનગરપાલિકાના પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારીશ્રીના તા. ૩૧–૩–૧૨ ના પત્ર આઉટવર્ડ નં.૨૧૩૯ થી અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા. ૨૧–૩–૧૨ ની અપીલ અરજી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, લીંબાયત ઝોન તથા અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારી, મધ્યસ્થ શહેર વિકાસ ખાતા પ્રતિઆગળની કાર્યવાહી કરવા માટે તબદીલ કરેલ.

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ ધ્વારા તેઓની તા.૨૧–૩–૧૨ ની અપીલમાં અત્રેના શહેર વિકાસ વિભાગ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા નાયબ શહેર વિકાસ અધિકારીએ માહિતી આપવાના બદલે દફતરી તપાસ માટે બોલાવેલ હોવાના કારણો જણાવેલ છે. જે સંદર્ભે અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ને તેઓની અપીલના અનુસંધાને રૂબરૂ સાંભળવા અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારી, શહેર વિકાસ ખાતાનાં તા.૧૬/૦૬/૧૨ ના પત્ર નં. ટીડીઓ/૩૪ થી તેઓને રૂબરુ સાંભળવા તા.૨૫–૬–૧૨ ના રોજ બોપરે ૪.૦૦ કલાકે હાજર રહેવા જાણ કરવામાં આવેલ પરંતુ સદર રોજ અરજદારને રૂબરૂ સાંભળવા માટેની અનુકુળતા ન હોવાથી, તા.૨૬/૦૬/૧૨ ના રોજ અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારી સમક્ષ રૂબરૂ હાજર રહેવા ટેલીફોનીક જાણ અરજદારને કરવામાં આવેલ હતી. તા.૨૬/૦૬/૧૨ ના રોજ બપોરે ૪:૦૦ કલાકે અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી એમ બન્ને પક્ષકારોની રૂબરૂ સુનાવણી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારી સમક્ષ રાખવામાં આવેલ. જેમાં અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૧/૦૨/૧૨ ના રોજથી માહિતી માંગતી અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીએ તેઓના તા.૧૪/૦૩/૧૨ ના પત્ર નં.: ટીડીઓ/૫૯૭ થી અરજદારની અરજી ના મુદ્દાનં.: (૧) થી (૫) માં માંગેલ માહિતી વિસ્તાર પૂર્વકની હોવાથી ઉપલબ્ધ રેકર્ડ નું નિરીક્ષણ / ઈન્સપેકશન કરી જરૂરી માહિતી મેળવવા /વિગતો મેળવવાનું જણાવેલ તે બાબતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીએ કરેલ સ્પષ્ટતા મુજબ અરજદારે મુદ્દાનં.: (૧) થી (૫) માં માંગેલ માહિતી જેવી કે ચાલી રહેલા બાંધકામ સંદર્ભે શહેર વિકાસ વિભાગના જે તે અધિકારીએ સાઈટ વીઝીટ લીધેલ હોય તેના નામ, આધાર પુરાવા અને નકલ તથા મુદ્દાનં.: (૨)માં સાઈટ વીઝીટ કર્યા બાદ જે તે અધિકારી ધ્વારા બાંધકામની પ્રગતીના રીપોર્ટ જે તે કચેરી કે ઉપરી અધિકારીને કરેલ હોય તો તેના નામ, આધાર પુરાવા અને નકલ સહિતની માહિતી તેમજ (૪) પ્લાન પાસ વિરૂધ્ધનું બાંધકામ જે સમયગાળા દરમ્યાન થયેલ હોય તેની ચોકકસ તારીખ સહિતની સંપૂર્ણ માહિતી (૫) આ બાંધકામ અટકાવવાની જવાબદારી હોવા છતાં અટકાવેલ નહી અને બાંધકામ પ્રગતીમાં રખાવનાર જે તે જવાબદાર અધિકારીઓના નામ અને હોદ્દા સહિતની સંપૂર્ણ માહિતી તથા ચાલી રહેલા બાંધકામમાં પ્લાન પાસ વિરૂધ્ધનું જેટલું બાંધકામ થયેલ હોય તેની ક્ષેત્રફળ સહિતની સંપૂર્ણ માહિતી તથા " પબ્લીક યુટીલીટી અને સુએઝ પમ્પીંગ સ્ટેશન" માટે રીઝર્વેશનમાં રખાયેલ ૧૩,૮૯૯ ચો.મી. ના પ્લોટમાં જેટલું બાંધકામ થયેલ હોય તેની ક્ષેત્રફળની સંપૂર્ણ માહિતી માંગેલ. સદર મુદ્દાઓની માહિતી વિસ્તાર પૂર્વકની તથા સબંધિત ફાઈલમાં અલગ અલગ જગ્યાએ છુટી છવાઈ રીતે ઉલ્લેખ થયેલ હોય તેમજ સદર મિલકતના બાંધકામ બાબતની ફાઈલના રીપોર્ટીગ સેકશનમાં સ્થળ સ્થિતિના રીપોર્ટ તેમજ રૂબરૂ સ્થળ તપાસને લગતી નોંધ ફાઈલમાં અલગ–અલગ જગ્યાએ જે તે સમયના ફરજ ઉપરના કર્મચારી / અધિકારીએ કરેલ હોય તેમજ બાંધકામને લગતી માહિતી અલગ અલગ નકશા સ્વરૂપે હોય અરજદારે માંગેલ માહિતી વધુ પારદર્શક અને સચોટ રીતે મળી શકે તે હેતુસર રીપોટીંગ સેકશન તથા પત્ર વ્યવહાર વિભાગ સહિત સંપૂર્ણ ફાઈલનો દફતરી રેકર્ડનો અરજદારે તેઓને જરૂરી દફતરી રેકર્ડનો આભ્યાસ કરી તેઓને જરૂરી માહિતી મેળવી શકે તે હેતુથી તેઓને તા.૧૪/૦૩/૧૨ ના પત્ર ટીડીઓ નં.: ૫૯૭ થી દફતરી તપાસ કરી માહિતી મેળવવા જાણ કરવામાં આવેલ તે મુજબની સ્પષ્ટતા રૂબરૂ હિયરીંગ દરમ્યાન જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી તરફથી કરવામાં આવેલ. વધુમાં અરજદારે તેઓના તા.૨૧/૦૨/૧૨ ના પત્રના મુદ્દાનં. (૩) થી જણાવ્યા મુજબ રાહુલ રાજ ટેક્ષટાઈલ સીટી, ટી. પી. સ્કીમ નં. ૩૩ (કુંભાલ) ના ચાલી રહેલા બાંધકામ સંદર્ભે સાઈટ વિઝીટ કરેલ હોય તે અધિકારીએ તે દિવસે કરેલા કામની વિગતો દર્શાવતું પત્રક (વર્ક ડાયરી) ની

નકલ સહિતની માહિતી માંગેલ. જે મુજબની વર્ક ડાયરી બનાવવામાં આવતી નહી હોવાનું તથા મુદ્દાનં.: (૫) (પાંચ) થી માંગેલ માહિતી રાહુલરાજ ટેક્ષટાઈલ સીટી, ટી.પી. ૩૩ ના ચાલી રહેલા બાંધકામમાં પ્લાન પાસ વિરૂધ્ધનું જટલું બાંધકામ થયેલ હોય તેની ક્ષેત્રફળ સહિતની સંપૂર્ણ માહિતી તથા પબ્લીક યુટીલીટી અને સુએઝ પંપીઝ સ્ટેશન માટે રીઝર્વેશનમાં રખાયેલ ૧૩૮૯૯ ચો.મી ના આ માટેના જેટલુ બાંધકામ થયેલ તેની ક્ષેત્રફળ સહિતની માહિતી અંગે અગાઉ મંજુર પ્લાન તથા રીવાઈઝડ પ્લાનનું અરજદાર નિરીક્ષણ/ ઈન્સ્પેકશન કરીને મેળવી શકાશે,તેમ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીએ જણાવેલ છે.

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટે રૂબરૂ રજુઆતમાં માહિતી અધિકારીશ્રી તરફથી સુચવ્યા મુજબ માંગેલ માહિતી સંદર્ભે ચકાસણી કરવા / રેકર્ડ ઈન્સપેકશન કરવા સ્પષ્ટ ઈન્કાર કરી તેઓએ માંગેલ માહિતી પૂરી પાડવા ની રજુઆત રૂબરુ હીયરીંગ દરમ્યાન કરેલ.

**હુકમ :–**

**અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાન ઉપર લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**અરજદારશ્રીની તા.૨૧–૨–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે ઉપલબ્ધ માહિતી અરજદારને પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને જણાવવામાં આવેલ છે તથા અરજદાર ઈચ્છે તો જાહેર માહિતી અધિકારીએ કરેલ પ્રસ્તાવ અનુસાર ઉપલબ્ધ રેકર્ડનું દફતરી નિરીક્ષણ કરીને માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે.**

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૪૪
તા.૧૬–૭–૧૨

**અપીલ અરજી તા.૧૩–૬–૨૦૧૨, SMC/TDO/FAP NO.64/12-13**
**અરજદારશ્રી :– શ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાળા (તંત્રી સમાધાન ન્યુઝ )**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાળાની તા.૨૧–૪–૧૨ ની આઈ.ડી નં.૧૧૧ થી વોર્ડ નં.૩ નોંધ નં.૨૮૫૩ થી ૨૮૫૮ માં આવેલ અંબાજી માર્કેટ વિગેરે મિલ્કત બાબતેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા. ૧૩–૬–૧૨ ની અપીલ અરજી નં. **SMC/TDO/FAP NO.64/12-13,**અપીલ અરજી.

શ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાળા ધ્વારા તા.૨૧–૪–૧૨, આઈ.ડી નં.૧૧૧થી વેસ્ટ ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી (વેસ્ટ ઝોન) કચેરી ધ્વારા તેમના પત્ર નં. વેસ્ટ ઝોન/ આરટીઆઈસેલ/ ૧૩૩ તા. ૨૩–૪–૧૨ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારી (શહેર વિકાસ મધ્યસ્થ) ને તબદીલ કરવામાં આવેલ. સદર અરજીથી વોર્ડ નં.૩ નોંધ નં.૨૮૫૩ થી ૨૮૫૮ વાળી અંબાજી માર્કેટના નામે ઓળખાતી તેમજ વોર્ડ નં.૨, નોંધ નં. ૧૯૩૨/૧ પૈકી વાળી તેમજ સ્વામી નારાયણ કોમ્પલેક્ષ વાળી મિલ્કત બાબતેની માંગેલ માહિતી અન્વયે મુદૃા નં(૬) અને (૧૨) ની વિગતો આકારણી વિભાગ, સેન્ટ્રલ ઝોન તથા મુદૃા નં(૧૩) અને (૧૪) ની વિગતો ઉધના ઝોન કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ આવતી હોય, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીના પત્ર નં.ટીડીઓ/૮૦, તા.૨૧–૫–૧૨ થી આકારણી વિભાગ સેન્ટ્રલ ઝોન તથા ઉધના ઝોન કચેરીને નિયામુનસાર તબદીલ કરી તેની જાણ અરજદારને કરવામાં આવેલ તથા મુદૃા નં.(૧) થી (૫) તથા (૭) થી (૧૦) ની માહિતી પત્ર નં.ટીડીઓ/૭૯, તા.૨૧–૫–૧૨ થી અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાળાને પુરી પાડવામાં આવેલ.

ઉકત તા.૨૧–૫–૧૨ પત્ર નં.ટીડીઓ/૭૯ થી આપેલ માહિતીથી નારાજ થઈ અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાળા એ તા.૧૩–૬–૧૨ ના રોજ સેન્ટ્રલ ઝોન સીવીક સેન્ટરમાં પ્રથમ અપીલ અરજી કરેલ.જે અત્રેના ખાતામાં તા. ૧૪–૬–૧૨ ના રોજ મળેલ અને SMC/TDO/FAP NO.64/12-13 થી નોંધાયેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે અત્રેના પત્ર નં.ટીડીઓ/૩૭, તા.૧૯–૬–૧૨ થી અરજદારશ્રીને નારાજગીના કિસ્સામાં આધારસહ પક્ષ રજુ કરવા તા. ૨૭–૬–૧૨ ના રોજ સાંજે ૪–૦૦ કલાકે રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ. જે અન્વયે અરજદારશ્રી નિયત તારીખે હાજર રહેલ નથી. પરંતુ, તા. ૩૦–૬–૧૨ ના રોજ હાજર રહી રજુઆત કરેલ છે.

અરજદારે રૂબરૂ રજુઆતમાં મુદૃા નં(૧૦)નો જવાબ મોડો આપવામાં આવેલ છે તેમજ જવાબ સમયમર્યાદા બાદ આપેલ હોય, તમામ માહિતી વિના મુલ્યે મળવાપાત્ર છે તેમ જણાવેલ છે. ઉપરોકત રજુઆત સંદર્ભે નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રીની તેઓને તબદીલ થયેલ અરજી મળ્યેથી જે સંદર્ભે પત્ર નં.ટીડીઓ/૭૯, તા.૨૧–૫–૧૨ થી મુદૃા નં.(૧) થી (૫) તથા (૭) થી (૧૦)ની માહિતી/પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાવી માહિતીને સંલગ્ન પેપર્સની નકલો મેળવવા જરૂરી ફી ભરપાઈ કરવા જણાવવામાં આવેલ

હોવાની સ્પષ્ટતા કરેલ છે. વધુમાં, અરજદારને માહિતિના મુદ્દા નં.(૧) તથા (૭) અન્વયે ફાઈલનું અગાઉ નિરીક્ષીણ કરાવેલ હોવાનું તથા મુદ્દા નં.(૧૦) થી સદરહું મિલ્કત અંગે કોઈ ફરીયાદ આવી હોય તો તે અંગેની માંગેલ માહિતિ બાબતે આવી કોઈ ફરીયાદ આવેલ નહી હોવાની સ્પષ્ટતા કરેલ છે.

**હુકમ :–**

**અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત/ રજુઆતો ધ્યાન ઉપર લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**અરજદારશ્રી પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાળાએ આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૨૧–૪–૧૨ ની અરજી વેસ્ટ ઝોન કચેરીમાં કરેલ. જે જાહેર માહિતી અધિકારી (વેસ્ટ ઝોન) કચેરી ધ્વારા તા. ૨૩–૪–૧૨ ના રોજ જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ મધ્યસ્થ) ને તબદીલ કરવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ,શહેર વિકાસ (મધ્યસ્થ) ધ્વારા, તબીદલ અરજી મળ્યેથી સમય મર્યાદા બાદ તેઓને સલગ્ન મુદ્દા નં. (૧) થી (૫) તથા (૭) થી (૧૦) સંદર્ભે માહિતી/પ્રત્યુત્તર પત્રક્રમાંકઃ ટીડીઓ/૭૯, તા.૨૧/૦૫/૧૨ થી અરજદારશ્રી પીકંલ પ્રફુલચંદ્ર ઘીવાળાને પાઠવી માહિતીને સંલગ્ન પેપર્સની નકલો મેળવવા નિયમોનુસાર જરૂરી ફી ભરપાઈ કરવા જણાવવામાં આવેલ છે અને મુદ્દા નં(૧૦) સંદર્ભે નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી અને જાહેર માહિતી અધિકારી ધ્વારા રૂબરુ સુનાવણીમાં અરજદારશ્રીને જરૂરી સ્પષ્ટતા કરી વિગતવાર સમજ આપેલ છે. જેનાથી અરજદારશ્રીને સંતોષકારક માહિતી/જાણકારી મળેલ હોવાનું અરજદારશ્રી જણાવેલ છે.**

**ઉપરોકત વિગતો ધ્યાને લઈ, અરજદારશ્રીને માહિતી/ નકલો વિના મુલ્યે આપવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને જણાવવામાં આવે છે.**

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૫૧
તા.૨૫–૭–૧૨

**અપીલ અરજી તા ૦૫–૫–૧૨**
**અરજદારશ્રી :– શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રીમહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૧૨–૪–૧૨ ની આઈ.ડી નં.૮૧ થી રાહુલરાજ ટેક્ષટાઈલ સીટી, ટી.પી.સ્કીમ નં.૩૩ માં રજાચિઠ્ઠી રદ કરવા બાબતે માંગેલ માહિતી બાબત.

સંદર્ભ :–(૧) અરજદારની કાયદાવિભાગમાં તા. ૫–૫–૧૨ ના રોજ કરેલ અપીલ અરજી.
(૨) અરજદાર મજકુરની તા.૨૪–૫–૧૨ ની .SMC/ FAP/ NO/5!, 2011-12 અપીલ અરજી.

શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૧૨–૪–૧૨ ની , આઈ.ડી નં.૮૧ ની અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરવામાં આવેલ. સેન્ટ્રલ ઝોન કચેરીના જાહેર માહિતી અધિકારી ધ્વારા તા. ૧૩–૪–૧૨ ના પત્રથી સદરહુ અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીને તબદીલ કરવામાં આવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૨૫–૪–૧૨ ના પત્ર નં.ટીડીઓ/૩૯ થી મુદ્દા નં(૧) થી (૪),(૬) તથા (૭) ની માહિતી પુરી પાડવામાં આવેલ. જે પૈકી મુદ્દા નં.૭ ની માહિતીમાં મંજુર પ્લાનની નકલ મેળવવા નકલ ફી પેટે રૂા. ૨૪૦૭/– ભરપાઈ કરવા તેમજ પ્લાન પાસ વિરૂધ્ધનું બાંધકામ માટે સદર મુદ્દામાં માંગેલ માહિતી વિસ્તૃત પ્રકારની હોય, શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ/ ઈન્સ્પેકશન કરવા જણાવેલ . તેના અનુસંધાને અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટના તા. ૧૪–૫–૧૨ ના પત્રથી રેકર્ડનું નિરીક્ષણ/ દફતરી તપાસણી માટેનો સમય અને તારીખ આપવા જણાવેલ છે.

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટે ઉકત પુરી પડાયેલ માહિતી ના મુદ્દા નં(૭) માં જણાવ્યા મુજબ દફતરી રેકર્ડ/નીરીક્ષણ માટેની અરજદારની તા.૧૪–૫–૧૨ ની વિનંતી ધ્યાને ન લઈ, દફતરી તપાસણી ન કરાવી માહિતી ન પુરી પાડી હોવાના કારણે નારાજ થઈ અરજદારે તા. ૨૪–૫–૧૨ ના રોજ શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતામાં અપીલ અરજી કરેલ તથા તે અગાઉ તા.૦૫/૦૫/૧૨ ના રોજ અપીલ સત્તાધિકારી અને લો–ઓફિસરશ્રી, કાયદા વિભાગ પ્રતિ પણ અપીલ કરેલ તે અત્રેના ખાતામાં તબદીલ કરવામાં આવેલ.

ઉપરોકત વિગતે અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી પત્ર નં. ટીડીઓ/૧૭૯, તા. ૩–૭–૧૨ થી અપીલ અરજીના અનુસંધાને તા. ૯–૭–૧૨ ના રોજ સાંજે ૪–૦૦ કલાકે રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા અરજદારને જણાવેલ, જે સંદર્ભે અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ ઉકત તારીખે રૂબરુ સનાવણી માટે હાજર રહેલ નથી. અપીલ અંગે સુનાવણી માટે તા.૦૯/૦૭/૧૨ ના રોજ હાજર રહેલ જાહેર માહિતી અધિકારીએ કરેલ સ્પષ્ટતા મુજબ, શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટએ તા.૩૦/૦૫/૧૨ ના રોજ રૂબરૂમાં શહેર વિકાસ ખાતાના ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ કરેલ છે તથા નિરીક્ષણ બાદ તેઓએ માંગ્યા મુજબના નોંધ વિભાગના કુલ પાના નંગ– ૭૯ ની નકલ, તેઓને રૂબરૂમાં તા.૧૨/૦૬/૧૨ ના રોજ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે.

જે નકલો સ્વીકાર્યાની સહી અરજદારશ્રીએ ઓફિસ કોપી પર કરેલ છે, જે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ રૂબરૂમાં બતાવેલ છે. આમ અરજદારે મુદ્દાનં.: (૭) થી માંગેલ માહિતી બાબતની અપીલ માં જણાવેલ બાકી માહિતી પુરી પાડવામાં આવેલ છે .

હુકમ :–

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાન ઉપર લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રીની તા.૧૨–૪–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ રૂબરુ રેકર્ડ નીરીક્ષણ કરાવી અરજદારશ્રીને માંગ્યા મુજબની નકલો વિના મુલ્યે પુરી પાડેલ છે તેમજ અરજદારશ્રી તા.૯–૭–૧૨ ના રોજ રૂબરુ સુનાવણી માટે હાજર રહેલ નથી કે આ બાબતે તેઓએ કોઈ અસંતોષ હોવાની રજુઆત કરેલ નથી. જે ધ્યાને લેતા આ બાબતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

નં.ટી.ડી.ઓ/૫૩
તા.૩–૮–૧૨

**અપીલ અરજી તા.૧૯–૬–૧૨**
**અરજદારશ્રી :– શ્રી જસવંતસિંહ એ.બ્રહમભટ્ટ,**

**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**
**ફરીયાદીની હકીકત :–**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી જસવંતસિંહ એ.બ્રહમભટ્ટની તા. ૧૯–૫–૧૨ ની આઈ.ડી નં.૧૦૦ થી કરેલ અરજીમાં મુદ્દા નં(૨) થી (૪), (૬) અને (૭) ની માહિતી આપવા બાબત.
સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૯/૦૬/૧૨ SMC/TDO/FAP NO. 71/12-13 અપીલ અરજી.

શ્રી જસવંતસિંહ એ.બ્રહમભટ્ટ ધ્વારા આઈ.ડી નં.૧૦૦, તા.૧૯/૫/૧૨ થી સાઉથ ઝોન કચેરી (ઉધના) ખાતે કરવામાં આવેલ માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (સાઉથ ઝોન) ઉધના ધ્વારા તા. ૬–૬–૧૨ ના પત્ર નં. સા.ઝોન/ટેક/૧૯૪ થી મુદ્દા નં(૨) થી (૪), (૬) અને (૭) ની માહિતી આપવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા મુદ્દા નં(૨) થી (૪), (૬) અને (૭) ની માહિતી, પત્ર ક્રમાંક ટીડીઓ નં.૧૫૦ તા. ૧૪–૬–૧૨ થી અરજદારશ્રી જશવંતસિંહ એ. બ્રહમભટ્ટને પુરી પાડવામાં આવેલ છે. જે સંદર્ભે અરજદારશ્રી જશવંતસિંહ એ.બ્રહમભ્ટ્ટે મુદ્દા નં(૬) થી માંગેલ પરિપત્રોની નકલો, નકલ ફી પેટે રૂા. ૬/– રસીદ નંબર ૩૮૩૧૦૮ તા. ૧૯–૬–૧૨ ના રોજ ભરપાઈ કરાવી અરજદારશ્રી જશવંતસિંહ એ. બ્રહમભટ્ટને પુરી પાડવામાં આવેલ છે.

અરજદારશ્રી જશવંતસિંહ એ.બ્રહમભટ્ટે, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં(૬) સિવાયની તમામ માહિતી તદ્દન ખોટી, પાયાવિહોણી અને બેબુનીયાદ અને અરજદારને આડે પાટે ચઢાવતી હોવાના તથા આ બાબતે ખુબજ મોટા ભ્રષ્ટાચાર ઉપરથી પડદો ઉચકાય તેવુ જાહેર માહિતી અધિકારી ઈચ્છતા ન હોવાથી માહિતી છુપાવી હોવાનાં કારણો દર્શાવી તથા મુદ્દા નં(૭) ની માહિતી, માહિતીની વ્યાખ્યામાં આવતી નહિ હોવાના પ્રત્યુત્તરથી નારાજ થઈ તા. ૧૯–૬–૧૨ ના રોજ અપીલ અરજી કરેલી છે.

અરજદારશ્રી જશવંતસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૧૯–૬–૧૨ ની અપીલ અરજીના અનુસંધાને અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૫–૭–૧૨ ના પત્ર નં.ટીડીઓ/૪૨ થી નારાજગીના કિસ્સામાં તા. ૯–૭–૧૨ ના રોજ સાંજે ૫–૦૦ કલાકે રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ. જે અન્વયે અરજદારશ્રી જશવંતસિંહ એ.બ્રહમભટ્ટ ઉકત દિને રૂબરુ સુનાવણી માટે હાજર રહેલ ન હતા. આથી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારી ધ્વારા તા.૧૮–૭–૧૨ ના પત્ર નં.ટીડીઓ/૪૭ થી તા. ૨૫–૭–૧૨ ના રોજ રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા અરજદારશ્રીને ફરીથી જણાવેલ. પરંતુ અરજદારશ્રી જશવંતસિંહ એ.બ્રહમભટ્ટ ઉકત દિને પણ રૂબરુ સુનાવણી માટે હાજર રહેલ નથી. જયારે સામાવાળા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ઉપરોકત સમય અને તારીખે હાજર રહી તેઓએ તા. ૧૪–૬–૧૨ ના પત્રથી આપેલ માહિતી બાબતે સ્પષ્ટતા કરેલ છે.

**હુકમ :–**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અરજદારશ્રી ધ્વારા તા.૧૯–૦૫–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૧૪/૬/૧૨ થી માહિતી/પ્રત્યુતર પાઠવવામાં આવેલ તથા તે સંદર્ભે અરજદારશ્રી ધ્વારા તા. ૧૯–૬–૧૨ ના રોજ નિયત ચાર્જ ભરપાઈ કરી જરૂરી નકલો મેળવેલ છે. અરજદારશ્રીની અપીલ અરજી સંદર્ભે અત્રેથી તા. ૯–૭–૧૨ તથા તા. ૨૫–૭–૧૨ ના રોજ રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા અરજદારશ્રીને જણાવેલ ,જે અન્વયે તેઓ હાજર રહેલ નથી કે આ અંગે કોઈ લેખિત રજુઆત કરેલ નથી. જે ધ્યાને લેતા હવે અપીલ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને વધુ કોઈ માહિતી આપવા અંગે હુકમ કરવાનો રહેતો નથી. ફરીયાદીની અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૫૫
તા.૬–૮–૧૨

**અપીલ અરજી તા ૦૪–૭–૧૨**
**અરજદારશ્રી :– શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રીમહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૨૭–૩–૧૨ થી રાહુલરાજ ટેક્ષટાઈલ સીટી, ટી.પી.સ્કીમ નં.૩૩ માં રજાચિઠ્ઠી રદ કરેલ તે બાબતે માંગેલ માહિતી બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૦૪–૭–૧૨ ની .SMC/ FAP/ NO/79/ 2011-12 અપીલ અરજી.

શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ ધ્વારા તા.૨૭–૦૩–૧૨ ની અરજી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગુજરાત રાજય,ગાંધીનગર ખાતે કરવામાં આવેલ. સદર અરજી મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પત્ર ક્રમાંક સમન/૧૦૨૦૧૨/ આરટીઆઈ–૨૯/પી તા. ૨૨–૫–૧૨ થી મુદ્દા નં(૬) ની માહિતી પુરી પાડવા બાબતે સુરત મહાનગરપાલિકામાં તબદીલ કરવામાં આવેલ છે. જે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા. ૨–૬–૧૨ ના રોજ મળેલ છે, અને ટીડીઓ આઈ.ડી નં.૧૧૭ થી નોંધાયેલ છે.

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની નમુના 'ક' ની મુળ તા. ૨૭–૩–૧૨ ની અરજીના મુદ્દા નં(૬) ની માંગેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રીએ માહિતી કે કોઈ નિર્ણય નહિ આપેલ હોવાના કારણોસર, અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ સંદર્ભ હેઠળની તા. ૪–૭–૧૨ ના રોજ અપીલ અરજી રજુ કરેલ છે. સદર અપીલ અરજી સંદર્ભે અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટને તા. ૧૮–૭–૧૨ ના પત્ર ક્રમાંક ટીડીઓ નં.૪૬ થી પત્ર લખી તા. ૨૫–૭–૧૨ ના રોજ સાંજે ૫–૦૦ કલાકે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જે સંદર્ભે અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ હાજર રહેલ નથી, તેમજ ત્યારબાદ આ બાબતે કોઈ રજુઆત કરેલ નથી.

રૂબરુ સુનાવણીની નિયત તા. ૨૫–૭–૧૨ ના રોજ સાંજે ૫–૦૦ કલાકે જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી હાજર રહી તેઓ તરફથી અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૨૭–૩–૧૨ની અરજીના મુદ્દા નં(૬) ની માહિતી તા. ૧૬–૭–૧૨ ના પત્ર નં.ટીડીઓ/૨૨૩ થી અરજદારશ્રીને પુરી પાડેલ હોવાનું જણાવી, સદર પુરી પાડેલ માહિતી/ પત્ર નીચે સહી કરનારને દર્શાવેલ છે.

**હુકમ :–**

**અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાન ઉપર લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

અરજદારશ્રીની તા.૨૭–૩–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ મુદ્દા નં(૬) ની માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ તા. ૧૬–૭–૧૨ ના પત્ર નં.ટીડીઓ/૨૨૩ થી માહિતી પુરી પાડેલ છે. અરજદારશ્રી તરફથી કરવામાં આવેલ અપીલ સંદર્ભે અત્રેથી રૂબરુ સુનાવણી માટે નિયત તા.૨૫–૭–૧૨ ના રોજ અરજદારશ્રી રૂબરુ સુનાવણી માટે હાજર રહેલ નથી કે આ બાબતે તેઓએ કોઈ લેખિત રજુઆત કરેલ નથી. જે ધ્યાને લેતા આ બાબતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને વધુ કોઈ માહિતી પુરી પાડવા સંબંધે હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૫૮
તા.૭–૮–૧૨

**અપીલ અરજી તા.૧૪–૫–૨૦૧૨,**
**અરજદારશ્રી :– શ્રી સુરેશ એમ.પટેલ,**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી સુરેશ એમ.પટેલની તા.૨૯–૩–૧૨ ની આઈ.ડી નં.૨૧૧૮ ગુજરાત સરકાર તરફથી ગેરકાયદેસર બાંધકામ કાયદેસર કરવાની કટ ઓફ ડેઈટ તા. ૨૮–૩–૧૧ નકકી કરવામાં આવેલ હોય, ત્યારબાદ સુરત મહાનગરપાલિકાની હદમાં ગેરકાયદેસર બાંધકામ કેટલા છે? તેની આંકડાકીય માહિતી આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા. ૧૪–૫–૧૨ ની અપીલ અરજી

અરજદારશ્રી સુરેશ એમ.પટેલ ધ્વારા તા.૨૯–૩–૧૨, આઈ.ડી નં.૨૧૧૯ થી સેન્ટ્રલ ઝોન કચેરીમાં કરવામાં આવેલ અરજી સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા પત્ર નં. સે.ઝોન/ આર.ટી.આઈ/ જાવક/ ૨૭૮૭ તા. ૩૦–૩–૧૨ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવેલ, જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૯–૪–૧૨ ના પત્ર નં.ટીડીઓ/૦૯ થી અરજદારશ્રી સુરેશ એમ.પટેલને ઉકત માહિતી બાબતે રેકર્ડ નીરીક્ષણ કરવા જણાવવામાં આવેલ છે. જે અન્વયે અરજદારશ્રીએ રેકર્ડ નીરીક્ષણ કરેલ નથી.

અરજદારશ્રી સુરેશ એમ.પટલે ઉકત બાબતે પાઠવેલ જવાબથી નારાજગી દર્શાવી તા. ૧૪–૫–૧૨ ના રોજ ડે.કમિશ્નરશ્રી (જન) અને અપીલ અધિકારીશ્રીને અપીલ અરજી કરેલ છે. ઉકત અપીલ અરજીના અનુસંધાને અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૯–૭–૧૨ ના પત્ર નં.ટીડીઓ/૧૯૭ થી ફરીયાદી તથા સામાવાળા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા. ૧૩–૭–૧૨ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ. જે સંદર્ભે ફરીયાદીશ્રી સુરેશ એમ.પટેલ રૂબરુ સુનાવણી માટે હાજર રહેલ નથી તથા તેઓ તરફથી આ બાબતે કોઈ લેખિત રજુઆત કરવામાં આવેલ નથી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ ઉકત સુનાવણીમાં હાજર રહી તેઓ તરફથી અરજદારશ્રીને પાઠવવામાં આવેલ માહિતી / પ્રત્યુત્તરની વિગત રજુ કરી તેઓ તરફે સ્પષ્ટતા કરવામાં આવેલ છે.

**હુકમ :–**

**અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાન ઉપર લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**અરજદારશ્રી સુરેશ એમ.પટેલની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૨૯–૩–૧૨ ની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને રૂબરુ રેકર્ડ નીરીક્ષણ કરવા જણાવેલ હોવાનું તા. ૧૩–૭–૧૨ ના રોજ રૂબરુ સુનાવણી સમયે દર્શાવેલ છે. જે અન્વયે અરજદારશ્રીએ રેકર્ડ નીરીક્ષણ કરેલ નથી તેમજ તેઓ ધ્વારા તા.૧૪–૫–૧૨ થી કરવામાં આવેલ અપીલ સંદર્ભે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા નિયત કરેલ સુનાવણીમાં તેઓ રૂબરુ સુનાવણી માટે પણ હાજર રહેલ નથી. તેમ છતાં અરજદારની મુળ અરજી જોતા અરજદાર ધ્વારા ગેરકાયદેસર બાંધકામની આંકાડાકીય માહિતી માંગેલ હોઈ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી રેકર્ડ રજીસ્ટર પરથી આંકડાકીય માહિતી આપી શકે તેમ હોવાનું જણાય છે. જેથી આ બાબતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજદારે માંગેલ આંકડાકીય માહિતી દિન–૧૫ માં પુરી પાડવા હુકમ કરવામાં આવે છે તથા અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૬૬
તા.૨૭–૮–૧૨

**અપીલ અરજી તા ૩૦–૦૭–૧૨**
**અરજદારશ્રી :– શ્રી અલ્પેશ કે. ઠકકર(એડવોકેટ)**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી અલ્પેશ કે. ઠકકરની તા.૨૮–૦૬–૧૨ થી ટી. પી. સ્કીમ નં. ૨(વેસુ–ભરથાણા–વેસુ), ફા.પ્લોટ નં. ૨૮ વાળી મિલ્કત સબંધે માંગેલ માહિતી બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૩૦–૦૭–૧૨ ની .SMC/ FAP/ NO/82/ 2012-13 અપીલ અરજી.

શ્રી અલ્પેશ કે. ઠકકર ધ્વારા તા.૨૮–૦૬–૧૨ થી શહેર વિકાસ વિભાગમાં માહતી માંગતી અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૩૦–૦૬–૧૨ ના રોજ ટીડીઓ/ નં.૧૭૪ થી , વસવાટની પરવાનગીની શરત નં.૧ મુજબ ડ્રેનેજ લાઈન સબંધે મુદ્દા નં.(૨) થી માંગેલ અંશતઃ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(અઠવા ઝોન) ને તબદીલ કરવામ આવેલ છે તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૫–૭–૧૨ ના પત્ર ક્રમાંક ટીડીઓ નં.૧૮૭ થી મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી આપવામાં આવેલ છે. જે અન્વયે અરજદારે મુદ્દા નં.૧૧ માં જણાવ્યા મુજબની નકલો મેળવવા તા.૧૦–૦૭–૧૨ થી જમા કરાવેલ રૂા.૫૬૬/– અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૧૩–૦૭–૧૨ ના પત્રક્રમાંક ટીડીઓ નં.૨૧૯ થી નકલો પૂરી પાડવામાં આવેલ છે.

જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ તા.૧૩–૦૭–૧૨ થી આપેલા જવાબ / માહિતી અન્વયે અરજદારશ્રી ધ્વારા તા. ૧૮–૭–૧૨ ના પત્રથી તેઓને અધુરી માહિતી/પુરાવા મળેલ હોવાનું જણાવી તેવા પુરાવા/ માહિતી તેઓને પુરી પાડવા રજુઆત કરેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૨૪–૭–૧૨ ના પત્ર નં ટીડીઓ/૨૫૬ થી માંગ્યા મુજબની માહિતી તેઓને અગાઉ પુરી પાડેલ હોવાનું જણાવી આ પુરી પાડેલ માહિતી થી તેઓને અસંતોષ હોય તો તેઓ અપીલ અધિકારીશ્રીને અપીલ કરી શકે છે. તે મુજબ અરજદારશ્રી અલ્પેશ કે.ઠકકરને જણાવવામાં આવેલ.

જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૨૪–૭–૧૨ ના પત્ર નં. ટીડીઓ નં ૨૫૬ થી પુરી પાડેલ માહિતીથી નારાજ થઈ, અરજદારશ્રી અલ્પેશ કે.ઠકકરે તા.૩૦–૦૭–૧૨ ના રોજ નમુનો 'જ' માં અપીલ અરજી કરેલ છે. સદર અપીલ અરજી સંદર્ભે અરજદારશ્રી અલ્પેશ કે. ઠકકરને તા.૦૯–૦૮–૧૨ ના પત્ર ક્રમાંક ટીડીઓ નં.૫૯ થી તા. ૧૬–૦૮–૧૨ ના રોજ સાંજે ૫–૦૦ કલાકે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા જાણ કરવામાં આવેલ,અરજદારશ્રી અલ્પેશ કે. ઠકકર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ છે. અરજદારની અપીલના મુદ્દા નં.૧ મુજબ એરપોર્ટ એન.ઓ.સી. સબંધિત નોંધના રીપોર્ટની નકલ મુળ અરજીમાં માંગેલ નથી તથા મુદ્દા નં.૨(મુળ અરજીનો મુદ્દા નં.૪) તેમજ મુદ્દા નં.૩(મુળ અરજીના મુદ્દા નં.૮) અન્વયે અગાઉ પત્રક્રમાંકઃટીડીઓ નં.૨૧૯, તા.૧૩–૦૭–૧૨ થી આપવામાં આવેલ પ્રત્યુત્તરમાં માંગેલ માહિતી/નકલ આપવામાં આવેલ જ છે. પરંતુ, અરજદારશ્રીને આ અંગે ચોકકસ સ્પષ્ટતા થયેલ નહી હોવાથી અરજદારને ખાતામાં ઉપલબ્ધ રેકર્ડ રૂબરુમાં બતાવી, આ અંગે જરૂરી સંતોષકારક સમજ આપવામાં આવેલ છે. મુદ્દા નં.૪ તથા ૫ (મુળ અરજીના મુદ્દા નં.૫ થી ૭) તેમજ મુદ્દા નં ૬ અને ૭ ( મુળ અરજીના મુદ્દા નં૧૦) અંગે અરજદારને તેઓની મૂળ અરજીમાં માંગ્યા મુજબના રેકર્ડની નકલો આપેલ છે.

હુકમ :–

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાન ઉપર લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રીની તા.૨૮–૦૬–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ તા.૦૫–૦૭–૧૨ ના પત્ર નં.ટીડીઓ/૨૬૩૭ થી માહિતી પુરી પાડેલ છે.અરજદારની અપીલ અરજીના મુદ્દા નં.(૧) માં જણાવેલ એરપોર્ટ એન.ઓ.સી. બાબતે મુળ અરજીમાં નકલ માંગેલ ન હોઈ તેવી નકલ આપવાની રહેતી નથી,તેમજ અપીલ અરજીના મુદ્દા નં.(૨) થી (૩) ની અરજદારને રૂબરુમાં ઉપલબ્ધ રેકર્ડ બતાવી તેઓને સંતોષકારક રીતે સ્પષ્ટતા કરવામાં આવેલ છે તથા અપીલ અરજીના મુદ્દા નં(૪) થી (૭) અંગે અરજદારની મૂળ અરજીમાં માંગ્યા મુજબની જરૂરી માહિતી/ રેકર્ડની નકલો અરજદારને આપેલ હોય, અરજદારની અપીલ અરજી સબંધે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. વધુમાં, અરજદારશ્રી ધ્વારા અગાઉ તા.૨૮–૬–૧૨ ના પત્રથી માંગેલ માહિતી સિવાયની અન્ય માહિતી/નકલોની જરૂરીયાત હોય તો જે મેળવવા માટે અરજદારશ્રી આર.ટી.આઈ.એકટ હેઠળ નિયમોનુસાર અરજી કરી મેળવી લેવા સ્વતંત્ર છે.

અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

નં.ટી.ડી.ઓ/૭૬
તા.૧૪–૯–૧૨

**અપીલ અરજી તા ૩૦–૭–૧૨**
**અરજદારશ્રી :– શ્રી આસીફ ગોરા**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગવા બાબતની અપીલ.

સંદર્ભ :– (૧) અરજદારશ્રી આસીફ ગોરાની તા.૨૫–૬–૧૨ ના રોજ આઈ.ડી નં.૫૩૭ થી જાહેર માહિતી અધિકારીશ્રી, સેન્ટ્રલઝોન ખાતે પ્રતિ રજુ કરેલ " નમુનો–ક " ની અરજી.
(૨) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીના તા. ૬–૮–૧૨ ના પત્ર ક્રમાંક ટીડીઓ/ ૨૯૭ થી પુરી પાડેલ માહિતી.
(૩) અરજદારશ્રી આસીફ ગોરા ધ્વારા " નમુનો–જ " માં તા. ૩૦–૭–૧૨ ના ટીડીઓ અપીલ નં.૮૩ થી રજુ થયેલ અપીલ.
(૪) સંદર્ભ (૩) હેઠળની અપીલ બાબતે તા. ૧૭–૮–૧૨ ના પત્ર ક્રમાંક ૬૨ થી રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ પત્ર.

અરજદારશ્રી આસીફ ગોરા ધ્વારા ટી.પી.સ્કીમ નં.૮ (ઉમરવાડા) ફા.પ્લોટ નં. ૧૩૪ પૈકી વાળી જમીનમાં બાંધવામાં આવેલ ટેક્ષટાઈલ ટાવરવાળી મિલ્કતની આજુબાજુ મંજુર પ્લાનમાં બતાવેલ ખુલ્લી જમીનમાં થયેલ બાંધકામ વિશે કયારે મંજુરી આપી તે બાંધકામની પરવાનગી કયારે મેળવી, સંબંધિત ખાતાએ મંજુરી આપી હોય તેની વિગત નકશા, પુરાવા સાથે આપશો, માલિકીના પુરાવા, રીપોર્ટની નકલો આપવા તા. ૨૫–૬–૧૨ ના રોજ જાહેર માહિતી અધિકારીશ્રી સેન્ટ્રલ ઝોન પ્રતિ અરજી કરેલ. જે ડે.ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન ના તા. ૨૭–૬–૧૨ ના પત્ર ક્રમાંક નં. સે.ઝોન/આરટીઆઈ/ જાવક/૮૫૫ થી ડે.ઈજનેરશ્રી, વરાછાઝોન પ્રતિ તબદીલ કરવામાં આવી. ડે.ઈજનેરશ્રી અને પી.આઈ.ઓ ઈસ્ટ(વરાછા) ઝોન ધ્વારા તા. ૧૧–૭–૧૨ ના પત્ર નં.૩૧૫ થી જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ઈજનેરશ્રી સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત) પ્રતિ તબદીલ કરવામાં આવી. જે જાહેર માહિતી અધિકારીશ્રી, શહેર વિકાસ વિભાગ, સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત) ના તા. ૩૦–૭–૧૨ ના પત્ર આઉટવર્ડ નં.૨૩૦૩ થી જાહેર માહિતી અધિકારીશ્રી મધ્યસ્થ શહેર વિકાસ ખાતા પ્રતિ તબદીલ કરવામાં આવી. અરજદારશ્રી આસીફ ગોરાની માહિતી માંગતી તા. ૨૫–૬–૧૨ ની અરજી આઈ.ડી નં ૫૩૭ અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૬–૮–૧૨ ના રોજ પત્ર નં.ટીડીઓ/૨૯૭ થી માહિતી પુરી પાડવામાં આવેલ. જેમાં ટી.પી.સ્કીમ નં.૮ (ઉમરવાડા) ફા.પ્લોટ નં. ૧૩૪ પૈકી વાળી જમીન ઉપર બાંધવામાં આવેલ ટેક્ષટાઈલ ટાવર વાળી મિલ્કતની આજુબાજુમાં મંજુર પ્લાનમાં બતાવેલ ખુલ્લી જમીનમાં બાંધકામ વિશે પ્લાન મંજુર થયા નથી. જેથી આવા બાંધકામના મંજુર પ્લાનની વિગત આપવાની રહેતી નથી તેમ જણાવેલ. જેનાથી નારાજ થઈ અરજદારશ્રી આસીફ ગોરાએ તા. ૩૦–૭–૧૨ ના રોજ સુરત મહાનગરપાલિકામાં અપીલ રજુ કરેલ. સદર અપીલ અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીએ તા. ૨૪–૮–૧૨ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા સંદર્ભ (૪) હેઠળના પત્રથી અરજદારશ્રી આસીફ ગોરાને તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને જણાવેલ.

નિયત સમયે સુનાવણી માટે અરજદારશ્રી આસીફ ગોરા તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી, અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ રૂબરુ હાજર રહેલ. જે દરમ્યાન અરજદારશ્રીએ કરેલ રજુઆત મુજબના ટી.પી.સ્કીમ નં.૮ (ઉમરવાડા) ના ફા.પ્લોટ નં. ૧૩૪ પૈકી, સી.સ. નં ૨૦૨૪/૧ વાળી જગ્યામાં બાંધકામ કરવા પરવાનગી સંદર્ભે માહિતીની તેઓને જરૂરીયાત હોવાની સ્પષ્ટતા કરેલ, જે સંદર્ભે જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ સ્પષ્ટતા કરી,અરજદાર ટી.પી.સ્કીમ નં.૮ (ઉમરવાડા) ના ફા.પ્લોટ નં. ૧૩૪ વાળી મિલ્કતમાં મંજુર થયેલ પ્લાન વાળી ફાઈલો પૈકી શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ ફાઈલ/ રેકર્ડનું નિરીક્ષણ કરીને તેઓને જરૂરીયાત મુજબની માહિતી મેળવી શકતા હોવાની તથા ટી.પી.સ્કીમ વિસ્તારમાં ફાયનલ પ્લોટ નંબર

મુજબ વિકાસ પરવાનગી આપવામાં આવતી હોય, રજાચિઠ્ઠી કે મંજુર પ્લાનમાં સીટી સર્વે નંબરોનો ઉલ્લેખ થતો નથી. જેથી અરજદારશ્રીની માંગણી મુજબ સીટી સર્વે નંબર મુજબની વિગતો ફાઈલ પર નહી હોય પરંતુ આ સી.સ.નંબરને સંબંધિત ફા.પ્લોટ નં. ૧૩૪ માં મંજુર પ્લાનોની ઉપલબ્ધ ફાઈલોનું નીરીક્ષણ કરી સીટી સર્વે નં ૨૦૨૪/૧ વાળી જગ્યા બાબતની માહિતી અરજદારશ્રી જરૂર જણાયે પોતાની રીતે આ સીટી સર્વે નંબરને સંબંધિત વિગતો તારવવાની રહેતી હોવાનું જણાવેલ છે.

**હુકમ :–**

**અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાન ઉપર લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ ટી.પી.સ્કીમ નં.૮ (ઉમરવાડા) ના અંતિમખંડ નં ૧૩૪ વાળી મિલ્કતમાં મંજુર થયેલ પ્લાનોની મુળ ફાઈલનું અરજદારશ્રી આસીફ ગોરાને નીરીક્ષણ આપવા તથા જે અન્વયે અરજદારશ્રી તરફથી તેઓને જરૂરી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને જાણ કર્યેથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ નિયમાનુસાર માહિતી પુરી પાડવા હુકમ કરવામાં આવે છે.આમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૭૭
તા.૧૪–૯–૧૨

**અપીલ અરજી તા.૩૦/૦૭/૨૦૧૨**
**અરજદારશ્રી :– શ્રી આસીફ ગોરા,**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**વિષય :– આર.ટી.આઈ એકટ ૨૦૦૫ હેઠળ આપશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી બાબત.**

**સંદર્ભ :– (૧) અરજદારશ્રી આસીફ ગોરાની તા.૨૫/૦૬/૧૨ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૫૩૬**
**(૨) અરજદારશ્રીને તા.૦૮/૦૮/૧૨ ના પત્ર નં.: ટીડીઓ/૩૦૭ થી માહિતી પુરી પાડતો પત્ર**
**(૩) "નમુનો–જ" માં અરજદારશ્રી આસીફ ગોરા ધ્વારા તા.૩૦/૦૭/૧૨ ના રોજ રજુ કરેલ પ્રથમ અપીલ અરજી.**
**(૪) તા.૧૭/૦૮/૧૨ ના રોજના પત્ર ક્રમાંકઃ ટીડીઓ/૬૩ થી અરજદારશ્રી આસીફ ગોરા ને રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવતો પત્ર**

અરજદારશ્રી આસીફ ગોરા ધ્વારા તા.૨૫/૦૬/૧૨ ના રોજ આઈ.ડી. નં.: ૫૩૬ થી ટી.પી. સ્કીમ નં.: ૮ (ઉમરવાડા) ફાયનલ પ્લોટ નં. ૧૩૪ પૈકી સીટી સર્વે નં.: ૨૦૨૪/૧ વાળી ખુલ્લી જમીનની એફ.એસ.આઈ. કયા વપરાયેલ છે વિગેરે માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ. સદર અરજી ડે. ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી સેન્ટ્રલ ઝોનના તા.૨૭/૦૬/૧૨ ના પત્ર નં.: ૮૫૫ થી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી વરાછા ઝોન પ્રતિ તબદીલ કરેલ. સદર અરજીમાં માંગેલ માહિતી વરાછા ઝોનના અધિકારક્ષેત્રમાં આવતી ન હોવાથી ડે. ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોન ધ્વારા તા.૧૧/૦૭/૧૨ ના પત્ર નં.: આરટીઆઈસેલ/૩૧૭ થી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, લિંબાયત ઝોન પ્રતિ તબદીલ કરેલ હતી. સદર અરજીમાં માંગેલ માહિતીની વિગતો લિંબાયતઝોનના અધિકારક્ષેત્રમાં આવતી ન હોવાથી જાહેર માહિતી અધિકારીશ્રી, શહેર વિકાસ વિભાગ,લિંબાયત ઝોનના તા.૩૦/૦૭/૧૨ ના પત્ર ક્રમાંકઃ ૨૨૯૮ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી પ્રતિ તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ તેઓના સંદર્ભ (૨) હેઠળના પત્રથી મીહતી પુરી પાડેલ છે. જેનાથી નારાજ થઈ અરજદારશ્રી આસીફ ગોરા ધ્વારા તા.૩૦/૦૭/૧૨ ના રોજ સુરત મહાનગરપાલિકામાં અપીલ રજુ કરેલ.

સદર અપીલ અન્વયે અરજદારશ્રી આસીફ ગોરા તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૨૪/૦૮/૧૨ ના રોજ સાંજે ૪ઃ૩૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા સંદર્ભ (૪) હેઠળના પત્રથી જણાવવામાં આવેલ.

ઉપર મુજબ સુનાવણીના નિયત સમયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ અરજદારશ્રી આસીફ ગોરા તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી હાજર રહેલ જે દરમ્યાન અરજદારશ્રી આસીફ ગોરા ધ્વારા થયેલ રજુઆત મુજબ તેઓને ટી.પી. સ્કીમ નં.: ૮ (ઉમરવાડા) ફાયનલ પ્લોટ નં. ૧૩૪ પૈકી સીટી સર્વે નં.: ૨૦૨૪/૧ વાળી મિલ્કતની માહિતીની જરૂર છે ફાયનલ પ્લોટ નં. ૧૩૪ પૈકીમાં મંજુર થયેલ પ્લાન તથા એન.એ. હુકમ તથા રજુ થયેલ કરારોની નકલો જાહેર માહિતી અધિકારી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી પુરી પાડવામાં આવેલ તેની જરૂર નથી. અરજદારશ્રી આસીફ ગોરાની રજુઆત અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ સ્પષ્ટતા કરી,અરજદાર ટી.પી.સ્કીમ નં.૮ (ઉમરવાડા) ના ફા.પ્લોટ નં. ૧૩૪ વાળી મિલ્કતમાં મંજુર થયેલ પ્લાન વાળી ફાઈલો પૈકી શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ ફાઈલ/ રેકર્ડનું નિરીક્ષણ કરીને તેઓને જરૂરીયાત મુજબની માહિતી મેળવી શકતા હોવાની તથા ટી.પી.સ્કીમ વિસ્તારમાં ફાયનલ પ્લોટ નંબર મુજબ વિકાસ પરવાનગી આપવામાં આવતી હોય, રજાચિઠ્ઠી કે મંજુર પ્લાનમાં સીટી સર્વે નંબરોનો ઉલ્લેખ થતો નથી. જેથી અરજદારશ્રીની માંગણી મુજબ સીટી સર્વે નંબર

મુજબની વિગતો ફાઈલ પર નહી હોય પરંતુ આ સી.સ.નંબરને સંબંધિત ફા.પ્લોટ નં. ૧૩૪ માં મંજુર પ્લાનોની ઉપલબ્ધ ફાઈલોનું નીરીક્ષણ કરી સીટી સર્વે નં ૨૦૨૪/૧ વાળી જગ્યા બાબતની માહિતી અરજદારશ્રી જરૂર જણાયે પોતાની રીતે આ સીટી સર્વે નંબરને સંબંધિત વિગતો તારવવાની રહેતી હોવાનું જણાવેલ છે.

**–:: હુકમ ::–**

**અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાન ઉપર લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ ટી.પી.સ્કીમ નં.૮ (ઉમરવાડા) ના અંતિમખંડ નં ૧૩૪ વાળી મિલ્કતમાં મંજુર થયેલ પ્લાનોની મુળ ફાઈલનું અરજદારશ્રી આસીફ ગોરાને નીરીક્ષણ આપવા તથા જે અન્વયે અરજદારશ્રી તરફથી તેઓને જરૂરી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને જાણ કર્યેથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ નિયમાનુસાર માહિતી પુરી પાડવા હુકમ કરવામાં આવે છે.આમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૭૮
તા.૧૪–૯–૧૨

**અપીલ અરજી તા.૨૨/૦૮/૨૦૧૨**
**અરજદારશ્રી :– શ્રી નાસીરખાન સીમેન્ટવાલા**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગવા બાબતની અપીલ.

સંદર્ભ :– (૧) અરજદારશ્રી આસીફ ગોરાની તા.૧૬–૦૭–૧૨ ના રોજ આઈ.ડી નં.૧૧૮ થી જાહેર માહિતી અધિકારીશ્રી, સેન્ટ્રલઝોન ખાતે પ્રતિ રજુ કરેલ " નમુનો–ક " ની અરજી.
(૨) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીના તા.૦૮–૦૮–૧૨ ના પત્ર ક્રમાંક ટીડીઓ/૩૦૮ થી પુરી પાડેલ માહિતી.
(૩) અરજદારશ્રી નાસીરખાન સીમેન્ટવાલા ધ્વારા " નમુનો–જ " માં તા.૨૨–૦૮–૧૨ ના ટીડીઓ અપીલ નં.૯૩ થી રજુ થયેલ અપીલ.
(૪) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીના તા.૦૪/૦૯/૧૨ ના પત્ર નં.: ટીડીઓ/૭૧ થી રૂબરૂ સુનાવણી માટે જાણ કરતો પત્ર

અરજદારશ્રી નાસીરખાન સીમેન્ટવાલા ધ્વારા "નમુનો–ક" માં આર.ટી.આઈ. એકટ –૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી તા.૧૬/૦૭/૧૨ ના રોજ આઈ.ડી. નં.: ૧૧૮ થી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી લિંબાયત ઝોન પ્રતિ રજુ કરેલ. સદર અરજી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી લિંબાયત ઝોનના તા.૩૦/૦૭/૧૨ ના પત્ર નં.: ૨૨૯૯ થી મધ્યસ્થ શહેર વિકાસ ખાતા પ્રતિ તબદીલ કરવામાં આવેલ. અરજદારશ્રી નાસીરખાન સીમેન્ટવાલાની સંદર્ભ (૧) હેઠળની અરજીમાં ટેક્ષટાઈલ ટાવર માર્કેટ અથવા કસ્તુરી એપાર્ટમેન્ટ કો.ઓ.હા. સોસાયટી લી. ના નામે રજાચિઠ્ઠી તથા પ્લાન મંજુર થયેલ છે કે કેમ? પ્લાન અને રજાચિઠ્ઠી કયા વર્ષમાં મંજુર કરવામાં આવેલ છે? તેની વિગતવાર માહિતી તથા અરજીના મુદ્દાનં.: (૧) થી (૧૧) માં ટેક્ષટાઈલ ટાવર માર્કેટના બાંધકામને લગતી માહિતી માંગવામાં આવેલ. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી તા.૦૮/૦૮/૧૨ ના પત્ર નં.: ટીડીઓ/૩૦૮ થી મુદ્દાનં.: (૧) થી (૧૧) ની મુદ્દાસરની માહિતી પુરી પાડતો પત્ર અરજદારશ્રી નાસીરખાન સીમેન્ટવાલા પ્રતિ રવાના કરેલ. જેનાથી નારાજ થઈ અરજદારશ્રી નાસીરખાન સીમેન્ટવાલાએ સંદર્ભ (૩) હેઠળની વિગતે પ્રથમ અપીલ રજુ કરેલ છે.

અરજદારશ્રી નાસીરખાન સીમેન્ટવાલાની ઉપરોકત અપીલ અન્વયે તેઓને રૂબરૂ સુનાવણી માટે તા.૦૭/૦૯/૧૨ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારી સમક્ષ રૂબરૂ હાજર રહેવા તા.૦૪/૦૯/૧૨ ના પત્ર ક્રમાંકઃ ટીડીઓ/૭૨ થી જણાવવામાં આવેલ.

નિયત સુનાવણીના સમયે અરજદારશ્રી નાસીરખાન સીમેન્ટવાલા તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી, અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહી કરેલ રજુઆતો પૈકી અરજદારશ્રી નાસીરખાન સીમેન્ટવાલા ધ્વારા માંગેલ માહિતીના મુદ્દાનં.: (૨), (૪), (૫), (૧૦) તથા (૧૧)ની માહિતી માટે મંજુર પ્લાનની નકલ મેળવવા નકલ ફી પેટે રૂ.૨૦૫૦/– ભરપાઈ કરી સદર મુદ્દાઓની માહિતી મેળવવા જણાવવામાં આવેલ. જે યોગ્ય નથી, તે મુજબની રજુઆત કરેલ. જેના સંદર્ભે અરજદારશ્રીને મંજુર પ્લાનની નકલ મેળવવા ઈચ્છુક ન હોય તો શહેર વિકાસ ખાતામાં ટેક્ષટાઈલ ટાવર માર્કેટના ઉપલબ્ધ મંજુર પ્લાનનું નિરીક્ષણ માટે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીનો અગાઉ થી સમય અને તારીખ મેળવી મંજુર પ્લાનનું નિરીક્ષણ કરી માહિતી તારવવા અરજદાર સ્વતંત્ર છે તે મુજબની સ્પષ્ટતા કરવામાં આવી.

હુકમ :–

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાન ઉપર લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ ટી.પી.સ્કીમ નં.૮ (ઉમરવાડા) ના અંતિમખંડ નં ૧૩૪ પૈકી વાળી મિલ્કતમાં બાંધકામ કરવા આપવામાં આવેલ વિકાસ પરવાનગી તથા મંજુર પ્લાનોનું અરજદારશ્રી નાસીરખાન સીમેન્ટવાલાએ નિરીક્ષણ કરી તેઓને જરૂરીયાત પુરતી માહિતી અલગ તારવી લેવા સ્વતંત્ર છે, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદાર મજકુરને નિરીક્ષણનો સમય અને તારીખ ફાળવવા તેમજ નિરીક્ષણ કરવા માટેની ફી તથા નિરીક્ષણ કર્યા બાદ જે માહિતી / રેકર્ડની નકલોની અરજદારને જરૂરીયાત હશે તે માટે નિયમોનુસાર નકલ ફી ભરપાઈ કર્યેથી માહિતી આપવા હુકમ કરવામાં આવે છે. આમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

નં.ટી.ડી.ઓ/૭૯
તા.૧૪–૯–૧૨

**અપીલ અરજી તા.૨૨/૦૮/૨૦૧૨**
**અરજદારશ્રી :– શ્રી નાસીરખાન સીમેન્ટવાલા**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગવા બાબતની અપીલ.

સંદર્ભ :– (૧) અરજદારશ્રી આસીફ ગોરાની તા.૧૬–૦૭–૧૨ ના રોજ આઈ.ડી નં.૧૧૭ થી જાહેર માહિતી અધિકારીશ્રી, લિંબાયત ઝોન ખાતે પ્રતિ રજુ કરેલ " નમુનો–ક " ની અરજી.
(૨) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીના તા.૦૭–૦૮–૧૨ ના પત્ર ક્રમાંક ટીડીઓ/૩૦૨ થી પુરી પાડેલ માહિતી.
(૩) અરજદારશ્રી નાસીરખાન સીમેન્ટવાલા ધ્વારા " નમુનો–જ " માં તા.૨૨–૦૮–૧૨ ના ટીડીઓ અપીલ નં.૯૪ થી રજુ થયેલ અપીલ.
(૪) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીના તા.૩૦/૦૮/૧૨ ના પત્ર નં.: ટીડીઓ/૬૯ થી રૂબરૂ સુનાવણી માટે જાણ કરતો પત્ર

અરજદારશ્રી નાસીરખાન સીમેન્ટવાલા ધ્વારા "નમુનો–ક" માં આર.ટી.આઈ. એકટ ૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી તા.૧૬/૦૭/૧૨ ના રોજ આઈ.ડી. નં.: ૧૧૭ થી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી લિંબાયત ઝોન પ્રતિ રજુ કરેલ. સદર અરજી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી લિંબાયત ઝોનના તા.૩૦/૦૭/૧૨ ના પત્ર નં.: ૨૩૦૨ થી મધ્યસ્થ શહેર વિકાસ ખાતા પ્રતિ તબદીલ કરવામાં આવેલ. અરજદારશ્રી નાસીરખાન સીમેન્ટવાલાની સંદર્ભ (૧) હેઠળની અરજીમાં ન્યુ ટેક્ષટાઈલ ટાવર માર્કેટ ના નામે રજાચિઠ્ઠી તથા પ્લાન મંજુર થયેલ છે કે કેમ? પ્લાન અને રજાચિઠ્ઠી કયા વર્ષમાં મંજુર કરવામાં આવેલ છે? તેની વિગતવાર માહિતી તથા અરજીના મુદ્દાનં.: (૧) થી (૧૧) માં ન્યુ ટેક્ષટાઈલ ટાવર માર્કેટના બાંધકામને લગતી માહિતી માંગવામાં આવેલ. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તા.૦૭/૦૮/૧૨ ના પત્ર નં.: ટીડીઓ/૩૦૨ થી મુદ્દાનં.: (૧) થી (૧૧) ની મુદ્દાસરની માહિતી પુરી પાડતો પત્ર અરજદારશ્રી નાસીરખાન સીમેન્ટવાલા પ્રતિ રવાના કરેલ. જેનાથી નારાજ થઈ અરજદારશ્રી નાસીરખાન સીમેન્ટવાલાએ સંદર્ભ (૩) હેઠળની વિગતે પ્રથમ અપીલ રજુ કરેલ છે.

અરજદારશ્રી નાસીરખાન સીમેન્ટવાલાની ઉપરોકત અપીલ અન્વયે તેઓને રૂબરૂ સુનાવણી માટે તા.૦૭/૦૯/૧૨ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારી સમક્ષ રૂબરૂ હાજર રહેવા તા.૩૦/૦૮/૧૨ ના પત્ર ક્રમાંકઃ ટીડીઓ/૬૯ થી જણાવવામાં આવેલ.

નિયત સુનાવણીના સમયે અરજદારશ્રી નાસીરખાન સીમેન્ટવાલા તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી, અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહી કરેલ રજુઆતો પૈકી અરજદારશ્રી નાસીરખાન સીમેન્ટવાલા ધ્વારા માંગેલ માહિતીના મુદ્દાનં.: (૨), (૩), (૪), (૫), (૧૦) તથા (૧૧)ની માહિતી માટે મંજુર પ્લાનની નકલ મેળવવા નકલ ફી પેટે રૂા.૩૪૫૦/– ભરપાઈ કરી સદર મુદ્દાઓની માહિતી મેળવવા જણાવવામાં આવેલ, જે યોગ્ય નથી, તે મુજબની રજુઆત કરેલ. જેના સંદર્ભે અરજદારશ્રીને મંજુર પ્લાનની નકલ મેળવવા ફી ભરપાઈ કરીને નકલ મેળવવા ઈચ્છુક ન હોય તો શહેર વિકાસ ખાતામાં ન્યુ ટેક્ષટાઈલ ટાવર માર્કેટના ઉપલબ્ધ મંજુર પ્લાનનું નિરીક્ષણ માટે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીનો અગાઉ થી સમય અને તારીખ મેળવી મંજુર પ્લાનનું નિરીક્ષણ કરી માહિતી તારવવા અરજદાર સ્વતંત્ર છે, તે મુજબની સ્પષ્ટતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી કરવામાં આવી.

હુકમ :–

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાન ઉપર લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ ટી.પી.સ્કીમ નં.૮ (ઉમરવાડા) ના અંતિમખંડ નં ૧૨૯, ૧૩૦(૧), ૧૩૮ વાળી મિલ્કતમાં બાંધકામ કરવા આપવામાં આવેલ વિકાસ પરવાનગી તથા મંજુર પ્લાનોનું અરજદારશ્રી નાસીરખાન સીમેન્ટવાલાએ નિરીક્ષણ કરી તેઓને જરૂરીયાત પુરતી માહિતી અલગ તારવી લેવા સ્વતંત્ર છે, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદાર મજકુરને નિરીક્ષણનો સમય અને તારીખ ફાળવવા તેમજ  નિરીક્ષણ કરવા માટેની નિયત ફી તથા નિરીક્ષણ બાદ જે માહિતી / રેકર્ડની નકલોની અરજદારને જરૂરીયાત હશે તે માટે નિયમોનુસાર નકલ ફી ભરપાઈ કર્યેથી માહિતીની નકલો આપવા આથી હુકમ કરવામાં આવે છે.આમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

નં.ટી.ડી.ઓ/૮૦
તા.૧૭–૯–૧૨

**અપીલ અરજી તા ૧૬–૮–૧૨**
**અરજદારશ્રી :– શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગવા બાબતની અપીલ.

સંદર્ભ :– (૧) અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૧૪–૬–૧૨ ના રોજ આઈ.ડી નં.૪૫ થી સુરત મહાનગરપાલિકામાં રજુ થયેલ અરજી.
(૨) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીના તા. ૧૧–૭–૧૨ ના પત્ર ક્રમાંક ટીડીઓ/ ૨૦૬ થી પુરી પાડેલ માહિતી.
(૩) અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બંહમભટ્ટ ધ્વારા " નમુનો–જ " માં તા. ૧૬–૮–૧૨ ના ટીડીઓ અપીલ નં.૯૦ થી રજુ થયેલ અપીલ.
(૪) સંદર્ભ (૩) હેઠળની અપીલ બાબતે તા. ૨૮–૮–૧૨ ના પત્ર ક્રમાંક ૬૭ થી રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ પત્ર.

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ ધ્વારા રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ હેઠળ માહિતી માંગતી અરજી " નમુનો–ક" તા. ૧૪–૬–૧૨ ના રોજ સુરત મહાનગરપાલિકાની મધ્યસ્થ કચેરીમાં રજુ કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી અને પ્રથમશ્રેણી કર્લાક (મધ્યસ્થ કચેરી) ના તા. ૧૮–૬–૧૨ ના પત્ર નં.સી.૮૫૪ થી અંશતઃ માહિતી આપવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી પ્રતિ તબદીલ કરવામાં આવી. સદર અરજીના મુદ્દા નં(૨) થી (૫) માં માંગેલ માહિતી અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ ને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ(૨) હેઠળ ના પત્રથી પુરી પાડવામાં આવેલ.

ઉપરોકત પુરી પાડવામાં આવેલ માહિતીથી નારાજ થઈ અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ ધ્વારા ઉપરોકત સંદર્ભ (૩) હેઠળના તેઓના પત્રથી તા. ૧૬–૮–૧૨ ના રોજ પ્રથમ અપીલ, અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારી સમક્ષ રજુ કરવામાં આવી, જે અન્વયે અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીનું સયુંકત હીયરીંગ તા. ૪–૯–૧૨ ના રોજ રાખવામાં આવેલ હોવાની જાણ સંદર્ભ (૪) હેઠળના પત્રથી કરવામાં આવેલ. તા. ૪–૯–૧૨ ના રોજ બપોરે ૪.૩૦ કલાકે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ તથા જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીની રૂબરુમાં સુનાવણી કરવામાં આવી.

સુનાવણી દરમ્યાન અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટે, તેઓ ધ્વારા શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગર પ્રતિ તથા મા.મુખ્યમંત્રીશ્રીની કચેરીમાં વિવિધ અરજીઓ રજુ કરેલ, જે અન્વયે સેકશન અધિકારીશ્રી, શહેર વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના વિવિધ પત્રો થી અરજદારની રજુઆત સંદર્ભમાં નિયમોનુસારની યોગ્ય કાર્યવાહી કરવા તથા કરવામાં આવેલ કાર્યવાહી / લેવામાં આવેલ પગલાની જાણ તેઓને કરવા જણાવેલ, તેના અનુસંધાને કાર્યવાહી થયેલ નહી હોવાની અને આપેલ માહિતી ખોટી હોવાની તથા અધુરી માહિતી પુરી પાડવામાં આવેલ હોવાની રજુઆત કરેલ, જે બાબતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ "અરજદારે માન. મુખ્યમંત્રીશ્રીની કચેરીમાં રજુ કરેલ તા.૧૦/૦૬/૧૧, તા.૨૨/૦૬/૧૧, તા.૨૧/૧૦/૧૧ ના પત્રો થી રાહુલરાજ ટેક્ષટાઈલ સીટીના બાંધકામ બાબતે પગલા લેવા કરેલ ફરીયાદ / રજુઆત સંદર્ભે તેઓને અનુક્રમે ટીડીઓ નં.: ૪૫૮૩, તા.૨૫/૦૧/૧૨, ટીડીઓ નં.: ૪૯, તા.૨૯/૧૨/૧૧, ટીડીઓ નં.: ૧૪૭૫, તા.૩૦/૦૬/૧૨ થી પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું તથા આ અંગે માહિતી અરજદારને સંદર્ભ (૨) હેઠળના પત્રથી પુરી પાડવામાં આવેલ હોવાનું, જયારે મા.મુખ્યમંત્રીશ્રીની કચેરીમાં તા. ૨૮–૯–૧૧ ના રોજ કરેલ ફરીયાદ અરજી અન્વયે કાર્યવાહી કરવા તથા લેવામાં આવેલ પગલાની જાણ અરજદારને કરવા સેકશન અધિકારીશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ધ્વારા પત્ર ક્રમાંક સમન/ ૯૦૨૦૧૧/સીએ/ ૨૦૩૩/પી થી તથા અરજદારશ્રી ધ્વારા તા. ૭–૧૧–૧૧ તથા તા. ૮–૧૧–૧૧ ના પત્રથી

મા.મુખ્યમંત્રીશ્રીને કરેલ રજુઆત સંદર્ભે યોગ્ય કાર્યવાહી કરવા/ લેવામાં આવેલ પગલાની જાણ અરજદારને તથા મા.મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયને કરવા જણાવેલ, જે સંદર્ભે અત્રેની કાર્યવાહી ચાલુ હોવાનું અરજદારને સંદર્ભ (૨)હેઠળના પત્રથી જણાવેલ હોય, સદર ચાલુ કાર્યવાહી તાજેતરમાં પૂર્ણ થયેલ છે. જે અંગેની જાણ અરજદારશ્રીને કરવામાં આવશે તે મુજબ નો ખુલાસો જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સુનાવણી દરમ્યાન કરવામાં આવેલ છે. વધુમાં અરજદાર ધ્વારા તે સિવાય માંગવામાં આવેલ માહિતી સંદર્ભે તેઓના દફતરે ઉપલબ્ધ રેકર્ડની વિગતો/ માહિતી પુરી પાડવામાં આવેલ હોય, જે માહિતી ખોટી હોવાની રજુઆત સાચી નહી હોવાનું જણાવેલ છે.

આમ ઉપરોકત સઘળી હકીકત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ :–**

**અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાન ઉપર લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટને તેઓની નમુના–ક ની રજુ કરેલ અરજી અન્વયે મુદ્દા નં(૨) થી માંગેલ માહિતી પૈકી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પત્ર ક્રમાંક સમન/ ૯૦૨૦૧૧/ સીએમ/ ૨૦૩૩ તથા પત્ર ક્રમાંક સમન/ ૯૦૨૦૧૧/ સીએમ/ ૨૨૪૪ અન્વયે કાર્યવાહી ચાલુ હોવાની જાણ જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ના તા. ૧૧–૭–૧૨ ના પત્ર નં.ટીડીઓ.૨૦૬ થી પુરી પાડેલ માહિતીમાં જણાવેલ છે, હાલમાં સદરહુ કાર્યવાહી પૂર્ણ થયેલ હોય અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટને પત્ર પાઠવવામાં આવેલ હોવાનું જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા જણાવવામાં આવેલ હોય,જે અન્વયે અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ ને સદરહુ થયેલ કાર્યવાહીની માહિતી/ નકલ નિયમોનુસાર આપવા આથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરવામાં આવે છે. આમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૮૩
તા.૧૮–૯–૧૨

**અપીલ અરજી તા.૧૧–૫–૨૦૧૨,**
**અરજદારશ્રી :– શ્રી રમેશ કે.જાંગીડ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**વિષય :– આર.ટી.આઈ એકટ ૨૦૦૫ હેઠળ આપશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી બાબત.**

**સંદર્ભ :– (૧) અરજદારશ્રી રમેશ કે.જાંગીડની તા.૨૦/૦૩/૧૨ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૭૨૪**
**(૨) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને તા.૧૦/૦૫/૧૨ ના પત્ર નં.: ટીડીઓ/૬૦ થી માહિતી પુરી પાડતો પત્ર**
**(૩) "નમુનો–જ" માં અરજદારશ્રી રમેશ કે.જાંગીડ ધ્વારા તા.૧૧/૦૫/૧૨ ના રોજ રજુ કરેલ પ્રથમ અપીલ અરજી.**
**(૪) તા.૨૫/૦૭/૧૨ ના રોજના પત્ર ક્રમાંકઃ ટીડીઓ/૫૨ થી અરજદારશ્રી રમેશ કે.જાંગીડ ને રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવતો પત્ર.**
**(૫) તા.૨૧/૦૮/૧૨ ના રોજના પત્ર ક્રમાંકઃ ટીડીઓ/૬૪ થી અરજદારશ્રી રમેશ કે.જાંગીડ ને રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવતો પત્ર.**

અરજદારશ્રી રમેશ કે.જાંગીડ ધ્વારા તા.૨૦/૦૩/૧૨ ના રોજ આઈ.ડી. નં.: ૭૨૪ થી રઘુનંદન ટેક્ષટાઈલ માર્કેટના ટેરેસ ફ્લોર પર થતા ગેરકાયદેસર બાંધકામ વિગેરે મુદ્દાઓ સંબધે માહિતી માંગતી અરજી વેસ્ટ ઝોન કચેરીમાં રજુ કરેલ. સદર અરજી ડે. ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી વેસ્ટ ઝોનના તા.૨૧/૦૩/૧૨ ના પત્ર નં.: ૧૨૧૨ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી પ્રતિ તબદીલ કરેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ તેઓના સંદર્ભ (૨) હેઠળના પત્રથી મીહિતી પુરી પાડેલ છે. જેનાથી નારાજ થઈ અરજદારશ્રી રમેશ કે.જાંગીડ ધ્વારા તા.૧૧/૦૫/૧૨ ના રોજ સુરત મહાનગરપાલિકામાં અપીલ રજુ કરેલ.

સદર અપીલ અન્વયે અરજદારશ્રી રમેશ કે.જાંગીડ તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૦૧/૦૮/૧૨ ના રોજ સાંજે ૫ઃ૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા સંદર્ભ (૪) હેઠળના પત્રથી જણાવવામાં આવેલ. જે અન્વયે ઉકત તારીખે અરજદારશ્રી રમેશ કે.જાંગીડ રૂબરુ સુનાવણી માટે હાજર ન રહેતા ફરી તા. ૨૪–૮–૧૨ ના રોજ સાંજે ૫ઃ૦૦ કલાકે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા સંદર્ભ (૫) હેઠળના પત્રથી જણાવી, નિયત તારીખે તેઓ રૂબરુ સુનાવણીમાં ગેરહાજર રહેશે તો તેઓની અપીલ બાબતે ગુણદોષ પર નિકાલ કરવામાં આવશે તેમ જણાવેલ, જે અન્વયે ઉકત સુનાવણીમાં અરજદારશ્રી રમેશ કે.જાંગીડ હાજર રહેલ નથી તેમજ આ અંગે તેમણે કોઈ લેખિત રજુઆત કરેલ નથી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી હાજર રહેલ અને તેમણે અરજદારશ્રી રમેશ કે.જાંગીડને નિયત સમય મર્યાદામાં જવાબ પાઠવવામાં આવેલ હોવાનું જણાવી પાઠવેલ પત્રની નકલ રૂબરુ સુનાવણી દરમ્યાન રજુ કરેલ છે.

**–:: હુકમ ::–**

**અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાન ઉપર લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**અરજદારશ્રી ધ્વારા તા.૨૦–૦૩–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૧૦/૫/૧૨ થી માહિતી/પ્રત્યુતર પાઠવવામાં આવેલ છે. અરજદારશ્રીની અપીલ અરજી સંદર્ભે અત્રેથી તા. ૦૧–૮–૧૨ તથા તા. ૨૪–૮–૧૨**

ના રોજ રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા અરજદારશ્રીને જણાવેલ ,જે અન્વયે તેઓ હાજર રહેલ નથી કે આ અંગે કોઈ લેખિત રજુઆત કરેલ નથી.

ઉપરોકત તમામ વિગતો ધ્યાને લેતા અપીલ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને વધુ કોઈ માહિતી આપવા અંગે હુકમ કરવાનો રહેતો નથી. ફરીયાદીની અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

નં.ટી.ડી.ઓ/૮૮
તા.૨૫–૯–૧૨

**અપીલ અરજી તા.૦૭/૦૫/૨૦૧૨**
**અરજદારશ્રી :– શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાલા,**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**વિષય :– આર.ટી.આઈ એકટ ૨૦૦૫ હેઠળ આપશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી બાબત.**

**સંદર્ભ :– (૧) અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલાની તા.૦૯/૦૩/૧૨ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૭૯૧**
**(૨) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૨૨/૦૩/૧૨ ના પત્ર નં.: ટીડીઓ/૬૨૯ થી માહિતી પુરી પાડતો પત્ર**
**(૩) "નમુનો–જ" માં અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલા ધ્વારા તા.૦૭/૦૫/૧૨ ના રોજ રજુ કરેલ પ્રથમ અપીલ અરજી.**
**(૪) તા.૩૦/૦૫/૧૨ ના રોજના પત્ર ક્રમાંકઃ ટીડીઓ/૨૭ થી અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલને અપીલ અરજી બાબતે જરૂરી સ્પષ્ટતા કરવા લખેલ પત્ર**
**(૫) તા. ૭–૮–૧૨ ના પત્ર ક્રમાંક ટીડીઓ/૫૬ થી અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલાને અપીલ અરજી બાબતે રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા લખેલ પત્ર.**
**(૬) તા.૧૧–૯–૧૨ ના પત્ર ક્રમાંક ટીડીઓ/૭૩ થી અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલાને અપીલ અરજી બાબતે રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા લખેલ પત્ર.**

અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલા ધ્વારા તા.૦૯/૦૩/૧૨ ના રોજ આઈ.ડી. નં.: ૭૯૧ થી સુરત શહેરમાં કેટલી વાડી,લગ્ન માટેના હોલ, પાર્ટિ પ્લોટને સુરત મહાનગરપાલિકા ધ્વારા કેટલા હોલને મંજુરી આપવા આંવેલ વિગરે માહિતી માંગતી અરજી નોર્થ ઝોન કચેરીમાં રજુ કરેલ. સદર અરજી ડે. ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી નોર્થ ઝોનના તા.૧૪/૦૩/૧૨ ના પત્ર નં.: ૮૭૭૬ થી અંશતઃ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી પ્રતિ તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ તેઓના સંદર્ભ (૨) હેઠળના પત્રથી રૂબરુ રેકર્ડ નીરીક્ષણ કરવા તથા જી.ડી.સી.આર ના નિયમોની નકલો મેળવવા અંગે નીયત ચાર્જ ભરપાઈ કરવા જણાવેલ. ઉકત પાઠવેલ જવાબ અધુરો પાઠવેલ હોવાનું જણાવી તેનાથી નારાજ થઈ અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલા ધ્વારા તા.૦૭/૦૫/૧૨ ના રોજ પ્રથમ અપીલ રજુ કરેલ.

સદર અપીલ અન્વયે અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલાને સંદર્ભ(૪) હેઠળના પત્રથી આધાર સહ જરૂરી સ્પષ્ટતા દિન–૭ માં કરવા જણાવેલ. જે બાબતે અરજદારશ્રી તરફથી જરૂરી સ્પષ્ટતા નહી કરાતાં, સંદર્ભ(૫) હેઠળના પત્રથી અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલા તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૧૩/૦૮/૧૨ ના રોજ સાંજે ૫:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જે સમયે અરજદાર હાજર ન રહેતા પત્ર નં.: ટીડીઓ/૭૩, તા.૧૧/૦૯/૧૨ થી તા.૧૪/૦૯/૧૨ ના રોજ સાંજે ૫:૦૦ કલાકે અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ને હાજર રહેવા જણાવેલ. જે અન્વયે અરજબદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલા તથા મદદનીશ જાહેર માહિતી અધિકારી અને જુની.ઈજનેરશ્રી તા.૧૪–૯–૧૨ ના રોજ સુનાવણીના નિયત સમયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેલ છે. જે સુનાવણીમાં અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલાએ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા પાઠવવામાં આવેલ જવાબ/ માહિતી અધુરી હોવાની રજુઆત કરેલ જે સંદર્ભે મદદનીશ જાહેર માહિતી અધિકારી અને જુની.ઈજનેરશ્રી ધ્વારા પાઠવવામાં આવેલ માહિતી/ જવાબ અધુરી નહી હોવાની સ્પષ્ટતા કરી, અરજદારશ્રી તરફથી માંગવામાં આવેલ માહિતી મુજબ વાડી, હોલ વિગેરે માટે આપવામાં આવેલ વિગતો શહેર વિકાસ ખાતામાં અલગથી નિભાવવામાં આવતી નહી હોવાનું જણાવી શહેર વિકાસ ખાતામાંથી આપવામાં આવેલ પરમીશનની યાદી દર્શાવતુ રજીસ્ટર નિરીક્ષણ કરવા તથા આ સમગ્ર માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર પણ

ઉપલબ્ધ હોય, અરજદારશ્રી ઈચ્છે તે મુજબ માહિતી મેળવી શકે તેમ હોવાની સ્પષ્ટતા કરેલ છે. જેનાથી અરજદારશ્રી સંતુષ્ઠ થયેલ છે.

**–:: હુકમ ::–**

**અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાન ઉપર લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલાની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૯–૩–૧૨ ની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને રૂબરૂ રેકર્ડ નિરીક્ષણ કરવા તેમજ જી.ડી.સી.આર ના નિયમની નકલો મેળવવા નિયત ચાર્જ ભરપાઈ કરવા જણાવેલ. જે અન્વયે અરજદારશ્રીએ જે તે સમયે રેકર્ડનું નિરીક્ષણ કરેલ નથી. રૂબરૂ સુનાવણીમાં મદદનીશ જાહેર માહિતી અધિકારી અને જુની.ઈજનેરશ્રી એ માંગવામાં આવેલ માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર ઉપલબ્ધ હોવાનું જણાવી, સદરહુ માહિતી વેબસાઈટ પરથી જોવા અત્રેથી અરજદારશ્રીને સમજ આપેલ છે. જેનાથી અવગત થઈ અરજદારશ્રીએ સંતોષ વ્યકત કરેલ છે.**

**અરજદારે જે ચોકકસ પ્રકારની મિલકતો વાડી, પાર્ટી પ્લોટ વિગેરે અંગેની માહિતી માંગેલ છે, જે મુજબની કેટેગરીવાઈઝ માહિતી ખાતામાં અલગથી નિભાવવામાં આવતી નહી હોવાથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૨૩–૩–૧૨ નાં રોજ પત્ર નં. ટીડીઓ/૬૨૯ થી આપવામાં આવેલ માહિતી/ જવાબયોગ્ય હોવા અંગેનીસ્પષ્ટતા/ સમજ રૂબરૂ સુનાવણી દરમ્યાન મદદનીશ માહિતી અધિકારી અને જુની.ઈજનેરશ્રી ધ્વારા આપવામાં આવેલ છે.જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને કોઈ હુકમ કરવાનો નથી. વધુમાં પાર્કિંગની જોગવાઈ બાબતેના જી.ડી.સી.આરના નિયમોની નકલોની જરૂરીયાત હોય, તો અરજદારશ્રી તે નિયમોનુસાર મેળવવા સ્વતંત્ર છે તથા સદરહુ નકલોથી અરજદારશ્રી તરફથી માંગણી કરવામાં આવે તો સદરહુ નકલો નિયમોનુસાર આપવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ તે આપવાની રહેશે, આમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૯૧
તા.૩–૧૦–૧૨

**અપીલ અરજી તા.૨૬–૪–૧૨**
**અરજદારશ્રી :– શ્રી પ્રમોદચંદ્ર વેણીલાલ ગુજરાતી,**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– આર.ટી.આઈ. એકટનો ભંગ કરી નિયત સમયગાળામાં માહિની ન આપવા તથા ખોટી અને અધુરી માહિતી આપતા જાહેર માહિતી અધિકારીઓ વિરૂધ્ધ કાયદેસરની થવા તથા સંપૂર્ણ માહિતી મેળવવા બાબતની આપની અપીલ અરજી.

સંદર્ભ :–(૧)અરજદારની તા.૨૪–૦૮–૧૨ની આઈ.ડી નં.૩૭૯/૬૦૦/૨૪૮૨થી કરેલ અરજી.
(૨)અત્રેના તા.૦૧–૦૯–૧૨ ના પત્ર નં.ટીડીઓ/૩૯૬ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ પાઠવેલ જવાબ નકલ.
(૩)અરજદારની તા.૧૪–૦૯–૧૨ના અપીલ નં.: SMC/TDO/FAP/102, ની અપીલ અરજી.
(૪)અત્રેના તા.૧૮–૦૯–૧૨ ના પત્ર નં.ટીડીઓ/૮૨ થી રૂબરૂ સુનાવણી માટેનો પત્ર
(૫)અરજદારની તા.૨૬/૦૯/૧૨ ની રૂબરુ રજુઆત

અરજદારશ્રીની તા.૨૪/૦૮/૨૦૧૨ની આઈ.ડી નં.૩૭૯/૬૦૦/૨૪૮૨ થી ઉધના ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ. સદર અરજી ઉધના ઝોન કચેરી ધ્વારા તેમના પત્ર નં.સા.ઝોન/ટેક/૪૧૦, તા.૨૭/૦૮/૧૨ થી માહિતી બાબતે અરજી શહેર વિકાસ ખાતાની કચેરીમાં તબદીલ કરવામાં આવેલ. જે શહેર વિકાસ ખાતામાં ટીડીઓ આઈ.ડી નં.૩૩૮ થી નોંધાયેલ છે. ઉકત અરજી સંદર્ભે અરજદારશ્રીને સંદર્ભ (૨) હેઠળના તા.૦૧–૦૯–૧૨ ના જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીના પત્રથી ટી. પી. સ્કીમ નં. ૬ (મજુરા–ખટોદરા) ફા.પ્લોટ નં. ૩૮૮ પૈકીથી નોંધાયેલ મિલ્કત અન્વયે રેકર્ડ ચકાસતા માંગેલ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય, આપી શકાય તેમ નહી હોવાનું જણાવેલ.

અરજદારશ્રી પ્રમોદચંદ્ર વેણીલાલ ગુજરાતી ધ્વારા ઉકત અરજીથી માંગેલ માહિતી ત્રીસ દિવસની સમય મર્યાદા પછી પણ તેઓને મળેલ નહી હોવાનું જણાવી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૧૪–૦૯–૧૨ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ.

સદર અપીલ અન્વયે અરજદારશ્રી પ્રમોદચંદ્ર વેણીલાલ ગુજરાતી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૨૬/૦૯/૧૨ ના રોજ સાંજે ૫:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા સંદર્ભ (૪) હેઠળના પત્રથી જણાવવામાં આવેલ.

ઉપર મુજબ સુનાવણીના નિયત સમયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ અરજદારશ્રી પ્રમોદચંદ્ર વેણીલાલ ગુજરાતી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી હાજર રહેલ. ઉકત રૂબરુ રજુઆતમાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ તા.૦૧/૦૯/૧૨ ના રોજથી ત્રીસ દિવસની નિયત સમય મર્યાદામાં ઉપર મુજબની હકીકતે પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે, તેનો આધાર પુરાવો રજુ કરેલ. જયારે અરજદારશ્રી પ્રમોદચંદ્ર વેણીલાલ ગુજરાતીએ ટી. પી. સ્કીમ નં. ૬ (મજુરા–ખટોદરા) ફા.પ્લોટ નં. ૩૮૮ પૈકી વાળી મિલ્કત સંબંધેની સુરત મહાનગરપાલિકા તરફથી રજાચિઠ્ઠી નં.: ટીડીઓ/૮૬૬/ઈન:૧૨૭૪, તા.૧૫–૧૭/૧૦/૮૮ થી મંજુર કરાયેલ પ્લાન તથા રજાચિઠ્ઠીની મુળ

નકલ તેઓએ એપ્રીલ–૨૦૧૨ ના અરસામાં ઉધના ઝોન કચેરીમાં રૂબરૂમાં પ્રત્યક્ષ જોયેલ હોવાનું જણાવેલ છે, જેથી તે મુજબની માહિતી તેઓને ઉપલબ્ધ કરાવવી જોઈએ તેવી રજુઆતો કરેલ છે.

**–:હુકમ :–**

**અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાન ઉપર લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**અરજદારશ્રી પ્રમોદચંદ્ર વેણીલાલ ગુજરાતીની તા.૨૪–૦૮–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. ના. શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી ત્રીસ દિવસની સમય મર્યાદામાં તા.૦૧/૦૯/૨૦૧૨ ના રોજ પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. જેથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને કોઈ હુકમ કરવાનો રહેતો નથી. રૂબરુ સુનવણી દરમ્યાન અરજદરશ્રી પ્રમોદચંદ્ર વેણીલાલ ગુજરાતીએ પ્રશ્નવાળી ટી. પી. સ્કીમ નં. ૬ (મજુરા–ખટોદરા), ફા.પ્લોટ નં. ૩૮૮ પૈકી વાળી જમીનમાં ટીડીઓ/૮૬૬/ઈનઃ૧૨૭૪, તા.૧૫–૧૭/૧૦/૧૯૮૮ થી મંજુર થયેલ પ્લાન તથા રજાચિઠ્ઠીની નકલ તેઓએ સાઉથ ઝોન (ઉધના)ની કચેરીમાં એપ્રિલ–૨૦૧૨ ના અરસામાં પ્રત્યક્ષ રીતે જોયેલ હોવાનું જણાવેલ છે, જે ધ્યાને લેતા અરજદારશ્રી માંગ્યા મુજબની નકલો સાઉથ ઝોન કચેરી માંથી મેળવી લેવા સ્વતંત્ર છે.**

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૯૬
તા.૯–૧૦–૧૨

**અપીલ અરજી તા.૧૪–૮–૨૦૧૨,**
**અરજદારશ્રી :– શ્રી 'હેમંત એન.દેસાઈ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**વિષય :– આર.ટી.આઈ એકટ ૨૦૦૫ હેઠળ આપશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી બાબત.**

**સંદર્ભ :– (૧) અરજદારશ્રી હેમંત એન.દેસાઈની તા.૨૮/૦૫/૧૨ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૩૫૩**
**(૨) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને તા.૨૬/૦૬/૧૨ ના પત્ર નં.: ટીડીઓ/૧૫૯ થી માહિતી પુરી પાડતો પત્ર**
**(૩) "નમુનો–જ" માં અરજદારશ્રી હેમંત એન.દેસાઈ ધ્વારા તા.૧૪/૦૮/૧૨ ના રોજ રજુ કરેલ પ્રથમ અપીલ અરજી.**
**(૪) તા.૨૪/૦૮/૧૨ ના રોજના પત્ર ક્રમાંકઃ ટીડીઓ/૬૫ થી અરજદારશ્રી હેમંત એન.દેસાઈ ને રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવતો પત્ર.**
**(૫) તા.૧૭/૦૯/૧૨ ના રોજના પત્ર ક્રમાંકઃ ટીડીઓ/૮૧ થી અરજદારશ્રી હેમંત એન.દેસાઈ ને રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવતો પત્ર.**

અરજદારશ્રી હેમંત એન.દેસાઈ ધ્વારા તા.૨૮/૦૫/૧૨ ના રોજ આઈ.ડી. નં.: ૩૫૩ થી મુદ્દા નં(૧) થી (૧૨) ની માંગેલ માહિતી અન્વયે સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ. સદર અરજી ડે. ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી સેન્ટ્રલ ઝોનના તા.૨૯/૦૫/૧૨ ના પત્ર નં.: ૫૩૩ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી પ્રતિ તબદીલ કરેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ તેઓના સંદર્ભ (૨) હેઠળના પત્રથી મીહતી પુરી પાડેલ છે. જેનાથી નારાજ થઈ અરજદારશ્રી હેંમત એન.દેસાઈ ધ્વારા તા.૧૪/૦૮/૧૨ ના રોજ સુરત મહાનગરપાલિકામાં અપીલ રજુ કરેલ.

સદર અપીલ અન્વયે અરજદારશ્રી હેમંત એન.દેસાઈ તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૩૦/૦૮/૧૨ ના રોજ સાંજે ૫ઃ૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા સંદર્ભ (૪) હેઠળના પત્રથી જણાવવામાં આવેલ. જે અન્વયે ઉકત તારીખે અરજદારશ્રી હેમંત એન.દેસાઈ રૂબરુ સુનાવણી માટે હાજર ન રહેતા ફરી તા. ૨૪–૯–૧૨ ના રોજ સાંજે ૫ઃ૦૦ કલાકે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા સંદર્ભ (૫) હેઠળના પત્રથી જણાવી, નિયત તારીખે તેઓ રૂબરુ સુનાવણીમાં ગેરહાજર રહેશે તો તેઓની અપીલ બાબતે ગુણદોષ પર નિકાલ કરવામાં આવશે તેમ જણાવેલ, જે અન્વયે ઉકત સુનાવણીમાં અરજદારશ્રી હેમંત એન.દેસાઈ હાજર રહેલ નથી તેમજ આ અંગે તેમણે કોઈ લેખિત રજુઆત કરેલ નથી. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી હાજર રહેલ અને તેમણે અરજદારશ્રી હેમંત એન.દેસાઈને નિયત સમય મર્યાદામાં જવાબ પાઠવવામાં આવેલ હોવાનું જણાવી પાઠવેલ પત્રની નકલ રૂબરુ સુનાવણી દરમ્યાન રજુ કરેલ છે.

**–:: હુકમ ::–**

**અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાન ઉપર લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**અરજદારશ્રી ધ્વારા તા.૨૮–૦૫–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૨૬/૬/૧૨ થી માહિતી/પ્રત્યુતર પાઠવવામાં આવેલ છે. અરજદારશ્રીની અપીલ અરજી સંદર્ભે અત્રેથી તા. ૩૦–૮–૧૨ તથા તા. ૨૪–૯–૧૨ ના રોજ રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા અરજદારશ્રીને જણાવેલ ,જે અન્વયે તેઓ હાજર રહેલ નથી કે આ અંગે કોઈ લેખિત રજુઆત કરેલ નથી.**

ઉપરોકત તમામ વિગતો ધ્યાને લેતા અપીલ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને વધુ કોઈ માહિતી આપવા અંગે હુકમ કરવાનો રહેતો નથી. ફરીયાદીની અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

નં.ટી.ડી.ઓ/૯૮
તા. ૨–૧૧–૧૨

**અપીલ અરજી તા.૨૧/૦૯/૨૦૧૨**
**અરજદારશ્રી :– શ્રી જુનેદ ખાન (બ્યુરો ચીફ સુરત)**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**વિષય :– આર.ટી.આઈ એકટ ૨૦૦૫ હેઠળ આપશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી બાબત.**

**સંદર્ભ :– (૧) અરજદારશ્રી જુનેદ ખાનની તા.૩૦/૦૮/૧૨ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૭૮૬**
**(૨) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૧૨/૦૯/૧૨ ના પત્ર નં.: ટીડીઓ/૪૩૧ થી માહિતી પુરી પાડતો પત્ર**
**(૩) "નમુનો–જ" માં અરજદારશ્રી જુનેદ ખાન ધ્વારા તા.૨૦/૦૯/૧૨ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી.**
**(૪) ૫–૧૦–૧૨ ના પત્ર ક્રમાંક ટીડીઓ/૯૩ થી અરજદારશ્રી જુનેદ ખાનને અપીલ અરજી બાબતે રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા લખેલ પત્ર.**

અરજદારશ્રી જુનેદ ખાન ધ્વારા તા.૩૦/૦૮/૧૨ ના રોજ આઈ.ડી. નં.: ૭૮૬ થી ટી.પી.સ્કીમ નં.૧૪ (રાંદેર–અડાજણ) ના ફા.પ્લોટ નં. ૧૨૭ વાળી મિલ્કતમાં રોયલ હેરીટેઝનું બાંધકામ સંબંધેની માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ. સદર અરજી ડે. ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી સેન્ટ્રલ ઝોનના તા.૧/૦૯/૧૨ ના પત્ર નં.: ૧૫૨૦ થી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, વેસ્ટ ઝોન કચેરી પ્રતિ તબદીલ કરવામાં આવેલ. વેસ્ટ ઝોન કચેરી ધ્વારા માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી પ્રતિ તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ તેઓના સંદર્ભ (૨) હેઠળના પત્રથી ઉકત મિલ્કતના મંજુર થયેલ પ્લાનોની નકલો મેળવવા નકલ ફી પેટે રૂા. ૧,૧૭૦/– ભરપાઈ કરવા જણાવેલ. તેમજ મુદ્દા નં(૨) માં માંગેલ માહિતી બાબતે તા. ૧૨–૯–૧૨ ના પત્ર નં. ટીડીઓ/ ૪૩૦ થી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (વેસ્ટ ઝોન) કચેરીને તબદીલ કરવામાં આવેલ. ઉકત પાઠવેલ જવાબમાં નકલોની માંગણી કરેલ ન હોય, ફકત માહિતી માંગેલ હોય, જેનાથીનારાજ થઈ અરજદારશ્રી જુનેદ ખાન ધ્વારા તા.૨૦/૦૯/૧૨ ના રોજ પ્રથમ અપીલ રજુ કરેલ.

સદર અપીલ અન્વયે અરજદારશ્રી જુનેદ ખાનને સંદર્ભ(૪) હેઠળના પત્રથી અરજદારશ્રી જુનેદ ખાન તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૧૧/૧૦/૧૨ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રી જુનેદ ખાન તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચ. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તા.૧૧–૧૦–૧૨ ના રોજ સુનાવણીના નિયત સમયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેલ છે. જે સુનાવણીમાં અરજદારશ્રી જુનેદ ખાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા નકલો મેળવવા નિયત નકલ ફી ભરપાઈ કરવા બાબતે પાઠવવામાં આવેલ જવાબ અન્વયે હમોએ ફકત માહિતી માંગેલ હોય, નકલોની માંગણી કરેલ નથી એ બાબતની રજુઆત કરેલ જે સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી જુનેદ ખાનને ઉકત મંજુર પ્લાનમાં આપશ્રીએ માંગેલ માહિતીની વિગતો દર્શાવેલ હોવા બાબતે ખુલાસાઓ કરવામાં આવેલ. તેમજ ઉકત મંજુર ફાઈલનું રૂબરુ નીરીક્ષણ કરી અરજદારશ્રી ઈચ્છે તે મુજબ માહિતી મેળવી શકે તેમ હોવાની સ્પષ્ટતા કરેલ છે. જેનાથી અરજદારશ્રી સંતુષ્ઠ થયેલ છે.

–:: હુકમ ::–

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાન ઉપર લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી જુનેદ ખાનની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૩૦–૮–૧૨ ની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૧૨–૯–૧૨ ના પત્રક્રમાંક નં.ટીડીઓ/૪૩૧ થી અરજદારશ્રીને ઉકત મિલ્કતના મંજુર પ્લાનોની નકલો મેળવવા નિયત ચાર્જ ભરપાઈ કરવા જણાવેલ. જેનાથી નારાજ થઈ અરજદારશ્રીએ કરેલ અપીલ અરજી સંદર્ભેની રૂબરુ સુનાવણીમાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસઅધિકારીશ્રી ધ્વારા, અરજદારશ્રી તરફથી માંગવામાં આવેલ માહિતીની વિગતો ઉકત પ્લાનોમાં ઉપલબ્ધ હોવાનું જણાવી તે અંગે અરજદારશ્રીને સમજ આપી વધુમાં ઉકત મિલ્કત સંબંધેનો ઉપલબ્ધ રેકર્ડનું રૂબરુ નીરીક્ષણ કરી , જરૂરીયાત મુજબની માહિતી/નકલો મેળવવા અરજદારશ્રીને એ અંગેની અત્રેથી સમજ આપેલ છે. જેનાથી અવગત થઈ અરજદારશ્રીએ સંતોષ વ્યકત કરેલ છે.

અરજદારશ્રી જુનુદ ખાન ધ્વારા રોયલ હેરીટેઝ બિલ્ડીંગ સંદર્ભેની માંગેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૧૨–૯–૧૨ નાં રોજ પત્ર નં. ટીડીઓ/૪૩૧ થી આપવામાં આવેલ માહિતી/ જવાબના અનુસંધાનમાં ઉકત મિલ્કત સંબંધેનો ઉપલબ્ધ રેકર્ડનું નીરીક્ષણ કરવા અંગેનીસ્પષ્ટતા/ સમજ રૂબરુ સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને આપવામાં આવેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રી જુનેદ ખાનને પ્રશ્નવાળી મિલ્કત સંબંધેનો રેકર્ડનું નીરીક્ષણ કરવા દેવા તથા રેકર્ડ નીરીક્ષણ દરમ્યાન અરજદારશ્રી તરફથી જે નકલોની માંગણી કરવામાં આવે તે નકલો નિયમોનુસાર આપવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરવામાં આવે છે. આમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

નં.ટી.ડી.ઓ/૧૦૦
તા.૬–૧૧–૧૨

**અપીલ અરજી તા.૧૪/૦૮/૨૦૧૨**
**અરજદારશ્રી :– શ્રી નિલેશ શાંતિલાલ લોટવાલા,**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**વિષય :– આર.ટી.આઈ એકટ ૨૦૦૫ હેઠળ આપશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી બાબત.**

**સંદર્ભ :– (૧) અરજદારશ્રી નિલેશ શાંતિલાલ લોટવાલાની તા.૧૯/૦૪/૧૨ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી ટીડીઓ.આઈ.ડી. નં.: ૫૧**
**(૨) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૧૧/૦૫/૧૨ ના પત્ર નં.: ટીડીઓ/૬૨ થી માહિતી પુરી પાડતો પત્ર**
**(૩) "નમુનો–જ" માં અરજદારશ્રી નિલેશ શાંતિલાલ લોટવાલા ધ્વારા તા.૨૮/૦૮/૧૨ ના રોજ મધ્યસ્થ કચેરીમાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી.**
**(૪) ૫–૧૦–૧૨ ના પત્ર ક્રમાંક ટીડીઓ/૯૪ થી અરજદારશ્રી નિલેશ શાંતિલાલ લોટવલાને અપીલ અરજી બાબતે રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા લખેલ પત્ર.**

અરજદારશ્રી નિલેશકુમાર શાંતિલાલ લોટવાલા ધ્વારા તા.૧૯/૦૪/૧૨ ના રોજ ટીડીઓ.આઈ.ડી. નં.: ૫૧ થી ભારત સરકારના ૮૦આઈબી ( ભારત સરકારના નાંણા વિભાગના અધિનિયમ અન્વયે) સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેર વિકાસ (મધ્યસ્થ) અને તમામ ઝોન કચેરી ધ્વારા કેટલા પ્લાનો મંજુર કરવામાં આવેલ વિગેરે માહિતી માંગતી અરજી મધ્યસ્થ કચેરીમાં રજુ કરેલ. સદર અરજી મધ્યસ્થ કચેરી ધ્વારા તેમના પત્ર નં. સી/૨૫૪ તા. ૨૬–૪–૧૨ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી પ્રતિ તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રી ધ્વારા માંગ્યા મુજબની વિગતો ઉપલબ્ધ નહીં હોવાનું જણાવી મધ્યસ્થ શહેર વિકાસ ખાતાની કચેરીમાં મંજુર પ્લાન અંગેના રજીસ્ટરો ઉપલબ્ધ હોય, જે ચકાસણી કરી જરૂરી માહિતી અરજદારશ્રી મેળવી શકતા હોવાની સંદર્ભ (૨) હેઠળના પત્રથી અરજદારશ્રીને જણાવેલ. ઉકત પાઠવેલ જવાબથી નારાજ થઈ અરજદારશ્રી નિલેશ શાંતિલાલ લોટવાલા ધ્વારા તા.૨૮/૦૮/૧૨ ના રોજ પ્રથમ અપીલ કરેલ છે.

સદર અપીલ અન્વયે સંદર્ભ(૪) હેઠળના પત્રથી અરજદારશ્રી નિલેશ શાંતિલાલ લોટવાલા તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૧૦/૧૦/૧૨ ના રોજ સાંજે ૪ઃ૩૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રી નિલેશ શાંતિલાલ લોગવાલા તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તા.૧૦–૧૦–૧૨ ના રોજ સુનાવણીના નિયત સમયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેલ છે. જે સુનાવણીમાં અરજદારશ્રી નિલેશ શાંતિલાલ લોટવાલાએ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા પાઠવવામાં આવેલ જવાબ સત્ય થી વેગળા હોવાનું જણાવી તેઓને જરૂરી માહિતી આપવા બાબતની રજુઆત કરેલ જે સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા જણાવેલ કે અરજદારે ઈન્કમટેક્ષની કલમોનો નિર્દિષ્ટ કરી માહિતી માંગેલ છે. આવી બાબતે તેઓના ખાતામાં અલગથી રેકર્ડ / ફાઈલો રાખવામાં આવતી હોય, માંગ્યા મુજબની માહિતી ઉપલબ્ધ ન હોઈ, માર્ચ–૨૦૦૭ ના સમયગાળા દરમ્યાન મંજુર થયેલ ફાઈલો/ રેકર્ડ ચકાસી જરૂરી માહિતી/ વિગતો મેળવવા અરજદારશ્રીને જણાવવામાં આવેલ. તેમજ ઉકત ઉપલબ્ધ રજીસ્ટરનું રૂબરુ નીરીક્ષણ કરી અરજદારશ્રી ઈચ્છે તે મુજબ માહિતી મેળવી શકે તેમ હોવાની સ્પષ્ટતા કરેલ છે. જે અંગે અરજદાર સંમત થયેલ છે.

—:: હુકમ ::—

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાન ઉપર લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નિલેશ શાંતિલાલ લોટવાલાની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૧૯–૪–૧૨ ની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને તેઓ ધ્વારા માંગ્યા મુજબની માહિતી અલગથી નિભાવવામાં આવતી ન હોય, ઉપલબ્ધ રજીસ્ટરોનું નીરીક્ષણ કરવા અને ખાસ કરીને માર્ચ–૨૦૦૭ દરમ્યાન મંજુર થયેલ ફાઈલો/ રેકર્ડનું ઈન્સ્પેકશન કરવા જણાવવામાં આવેલ છે.જે અંગે અરજદારશ્રી સંમત થયેલ છે.

અરજદારશ્રી નિલેશ શાતિલાલ લોટવાલા ધ્વારા ઈન્કમટેક્ષ એકટ ૮૦ આઈ.બી સંદર્ભેની માંગેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૧૧–૫–૧૨ નાં રોજ પત્ર નં. ટીડીઓ/૬૨ થી આપવામાં આવેલ માહિતી/ જવાબ ના અનુસંધાનમાં ઉપલબ્ધ રેકર્ડનું નીરીક્ષણ કરવા અંગેની સ્પષ્ટતા/ સુચન રૂબરુ સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને આપવામાં આવેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રી નિલેશ શાંતિલાલ લોટવાલાને ઉપલબ્ધ રેકર્ડનું નીરીક્ષણ નિયમાનુસાર કરવા દેવા તથા રેકર્ડ નીરીક્ષણ દરમ્યાન અરજદારશ્રી તરફથી જે નકલોની માંગણી કરવામાં આવે તે નકલો આપવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરવામાં આવે છે. આમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

નં.ટી.ડી.ઓ/૧૦૧
તા.૬–૧૧–૧૨

**અપીલ અરજી તા.૧૪/૦૮/૨૦૧૨**
**અરજદારશ્રી :– શ્રી નિલેશ શાંતિલાલ લોટવાલા,**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**વિષય :– આર.ટી.આઈ એકટ ૨૦૦૫ હેઠળ આપશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી બાબત.**

**સંદર્ભ :– (૧) અરજદારશ્રી નિલેશ શાંતિલાલ લોટવાલાની તા.૨૨/૦૬/૧૨ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી .આઈ.ડી. નં.: ૫૭**
**(૨) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૧૭/૦૭/૧૨ ના પત્ર નં.: ટીડીઓ/૨૩૦ થી માહિતી પુરી પાડતો પત્ર**
**(૩) "નમુનો–જ" માં અરજદારશ્રી નિલેશ શાંતિલાલ લોટવાલા ધ્વારા તા.૧૪/૦૮/૧૨ ના રોજ રજુ કરેલ પ્રથમ અપીલ અરજી.**
**(૪) ૫–૧૦–૧૨ ના પત્ર ક્રમાંક ટીડીઓ/૯૨ થી અરજદારશ્રી નિલેશ શાંતિલાલ લોટવાલાને અપીલ અરજી બાબતે રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા લખેલ પત્ર.**

અરજદારશ્રી નિલેશ શાંતિલાલ લોટવાલા ધ્વારા તા.૨૨/૦૬/૧૨ ના રોજ ટીડીઓ.આઈ.ડી. નં.: ૫૭ થી ટી.પી.સ્કીમ નં.૩૨ (અડાજણ) ફા.પ્લોટ નં. ૮૦ વાળી મિલ્કત સંબંધેની માહિતી માંગતી અરજી મધ્યસ્થ કચેરીમાં રજુ કરેલ. સદર અરજી મધ્યસ્થ કચેરી ધ્વારા તેમના પત્ર નં. સી/૯૫૦ તા. ૨૭–૬–૧૨ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી પ્રતિ તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ મુદ્દા નં(૧) ની અંશતઃ માહિતી બાબતે જરૂરી નકલો મેળવવા નિયત ચાર્જ ભરપાઈ કરવા તથા મુદ્દા નં(૨) અંગે પ્રશ્નવાળી મિલ્કત બાબતે અલગથી રજીસ્ટર નિભાવવામાં આવતુ નહી હોવાનું જણાવી ખાતામાં ઉપલબ્ધ રજીસ્ટરોનું રૂબરુ નીરીક્ષણ કરી જરૂરી માહિતી મેળવવા સંદર્ભ (૨) હેઠળના પત્રથી અરજદારશ્રીને જણાવેલ. મુદ્દા નં (૧) ની અંશતઃ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, વેસ્ટ ઝોન કચેરીને તા. ૧૭–૭–૧૨ ના પત્ર નં. ટીડીઓ/૨૨૯ થી તબદીલ કરવામાં આવેલ. ઉપરોકત તા.૧૭–૭–૧૨ થી પાઠવેલ જવાબ અધુરો હોવાનું જણાવી નારાજ થઈ અરજદારશ્રી નિલેશ શાંતિલાલ લોટવાલા ધ્વારા તા.૨૮/૦૮/૧૨ ના રોજ પ્રથમ અપીલ રજુ કરેલ છે.

સદર અપીલ અન્વયે સંદર્ભ(૪) હેઠળના પત્રથી અરજદારશ્રી નિલેશ શાંતિલાલ લોટવાલા તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૧૦/૧૦/૧૨ ના રોજ સાંજે ૪ઃ૩૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રી નિલેશ શાંતિલાલ લોટવાલા તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચ. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તા.૧૦–૧૦–૧૨ ના રોજ સુનાવણીના નિયત સમયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેલ છે. જે સુનાવણીમાં અરજદારશ્રી નિલેશ શાંતિલાલ લોટવાલાએ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા પાઠવવામાં આવેલ જવાબ ખોટો હોવાનું જણાવી વિગતવાર જરૂરી માહિતી આપવા બાબતની રજુઆત કરેલ જે સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા આ અંગે શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ ફાઈલનું રૂબરુમાં નિરીક્ષણ કરી અરજદારશ્રીને જરૂર જણાય તે તમામ પેપર્સની નકલ આપવા તૈયારી દર્શાવેલ. જે અન્વયે અરજદારશ્રીએ ફાઈલ રેકર્ડનું ઈન્સ્પેકશકન કરી માહિતી મેળવી લેવા સંમતિ દર્શાવેલ છે.

–:: હુકમ ::–

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાન ઉપર લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નિલેશ શાંતિલાલ લોટવાલાની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૨૨–૬–૧૨ ની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને તેઓ ધ્વારા માંગ્યા મુજબની માહિતી અલગથી નિભાવવામાં આવતી ન હોય, ઉપલબ્ધ રજીસ્ટરોનું રેકર્ડનું નીરીક્ષણ કરીને તથા મંજુર થયેલ ફાઈલનું રેકર્ડ ઈન્સ્પેકશન કરીને જરૂરી રેકર્ડ/ જે કાગળોની જરૂરીયાત હોઈ,તે નકલ ફી ભરપાઈ કરી મેળવી લેવા અરજદારશ્રીને સમજ આપેલ છે. જે અંગે અરજદારશ્રી સંમત થયેલ છે.

અરજદારે ટી.પી.સ્કીમ નં.૩૨ (અડાજણ) ફા.પ્લોટ નં. ૮૦ વાળી મિલ્કત સંબંધેની માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૧૭–૭–૧૨ નાં રોજ પત્ર નં. ટીડીઓ/૨૩૦ થી આપવામાં આવેલ માહિતી/ જવાબ ના અનુસંધાનમાં ઉપલબ્ધ રેકર્ડનું નીરીક્ષણ કરવા અંગેની સ્પષ્ટતા/ સુચન રૂબરુ સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને આપવામાં આવેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રી નિલેશ શાંતિલાલ લોટવાલાને ઉપલબ્ધ રેકર્ડનું નીરીક્ષણ નિયમાનુસાર કરવા દેવા તથા રેકર્ડ નીરીક્ષણ દરમ્યાન અરજદારશ્રી તરફથી જે નકલોની માંગણી કરવામાં આવે તે નકલો નિયમાનુસાર અરજદારને આપવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરવામાં આવે છે. આમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

નં.ટી.ડી.ઓ/૧૦૯
તા.૨૯–૧૧–૧૨

**અપીલ અરજી તા.૦૮/૦૯/૨૦૧૨**
**અરજદારશ્રી :– શ્રી સોહનલાલ સી જૈન,**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

વિષય :– આર.ટી.આઈ એકટ ૨૦૦૫ હેઠળ આપશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી બાબત.
સંદર્ભ :– (૧) અરજદારશ્રી સોહનલાલ સી જૈનની તા.૦૮/૦૯/૧૨ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી .આઈ.ડી. નં.: ૧૨
(૨) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૦૬/૧૦/૧૨ ના પત્ર નં.: ટીડીઓ/૫૦૦ થી માહિતી પુરી પાડતો પત્ર
(૩) "નમુનો–જ" માં અરજદારશ્રી સોહનલાલ સી. જૈન તરફથી તા.૨૩/૧૦/૧૨ ના રોજ રજુ કરેલ પ્રથમ અપીલ નં.: ટીડીઓ/૧૨૧.
(૪) ૭–૧૦–૧૨ ના પત્ર ક્રમાંક ટીડીઓ/૧૦૨ થી અરજદારશ્રી સોહનલાલ સી. જૈનને અપીલ અંગે સુનાવણી બાબતેનો પત્ર.
(૫)તા.૦૯/૧૧/૧૨ ના રોજ થયેલ રૂબરૂ સુનાવણી

અરજદારશ્રી સોહનલાલ સી. જૈન તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારી તરફથી અરજીના મુદ્દાનં.: (૧) થી (૯) અને મુદ્દાવાઈઝ જવાબ પાઠવવામાં આવેલ. સદર જવાબ બાદ અરજદારશ્રી સોહનલાલ સી. જૈન તરફથી સંદર્ભ (૩) હેઠળ થી અપીલ અરજી રજુ કરેલ. જે અન્વયે અરદારશ્રીની અપીલ અરજી અન્વયે સંદર્ભ (૪) હેઠળના પત્રથી રૂબરૂ સુનાવણી અંગે તેઓને જણાવી સંદર્ભ (૫) હેઠળમાં જણાવેલ તારીખે રૂબરૂ સુનાવણી કરવામાં આવેલ છે. જે અંગે બન્ને પક્ષોની સુનાવણી બાદ નીચે મુજબનો હુકમ કરૂં છું.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી સોહનલાલ સી. જૈનની તા.૦૮/૦૯/૧૨ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રીને નિયત સમયમાં મુદ્દાસર જવાબ પાઠવેલ છે અને અપીલ સંદર્ભે રૂબરૂ સુનાવણી દરમ્યાન અરજદારશ્રીએ મુળ માહિતી અરજીના જવાબ સંદર્ભે કોઈ વાંધો ન હોવાનું અને જવાબ સંતોષ કારક કરેલ હોવાનું જણાવેલ છે. અપીલ અરજી ની વિગતોમાં અરજદારશ્રીએ મુળ અરજી થી અલગ પ્રશ્નોત્તરી રૂપેનો માહિતી માંગેલ છે તથા મિલ્કતના મંજુર પ્લાન સંબંધેની હાલ સ્થિતિ બાબતે રૂબરૂમાં જણાવેલ છે. જે અંગે અરજદારશ્રીની રજુઆતો પરત્વે તેઓ અલગથી વિભાગમાં રજુઆત કરી શકો છો તે મુજબની તેઓને સમજણ આપવામાં આવેલ છે. આમ, ઉકત અપીલ અરજીનો હું નિકાલ થયેલ જાહેર કરૂં છું.**

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૧૧૦
તા.૪–૧૨–૨૦૧૨

**અપીલ અરજી તા.૨૦–૧૦–૨૦૧૨,**
**અરજદારશ્રી :– શ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાળા (તંત્રી સમાધાન ન્યુઝ )**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાળાની તા.૨૫–૯–૧૨ ની આઈ.ડી નં.૬૬૧ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :– (૧) અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલાની તા.૨૫/૦૯/૧૨ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૬૬૧**
**(૨) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૯/૧૦/૧૨ ના પત્ર નં.: ટીડીઓ/૫૦૮ થી માહિતી પુરી પાડતો પત્ર**
**(૩) "નમુનો–જ" માં અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલા ધ્વારા તા.૨૦/૧૦/૧૨ ના રોજ રજુ કરેલ પ્રથમ અપીલ અરજી.**
**(૪) તા. ૩૦–૧૦–૧૨ ના પત્ર ક્રમાંક ટીડીઓ/૯૭ થી અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલાને અપીલ અરજી બાબતે રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા લખેલ પત્ર.**

અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલા ધ્વારા તા.૨૫/૦૯/૧૨ ના રોજ આઈ.ડી. નં.: ૬૬૧ થી, ૪૫૦ પૈકી રે.સ.નં.૧૧૦ ની સામે આર.ટી.ઓ.ની નજીક, કૃષિમંગલની બાજુમાં પીરામીડ પોઈન્ટવાળી મિલ્કત બાબતે માહિતી માંગતી અરજી વેસ્ટ ઝોન કચેરીમાં રજુ કરેલ. સદર અરજી ડે. ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી વેસ્ટ ઝોનના તા.૨૬/૦૯/૧૨ ના પત્ર નં.: ૧૦૨૭ થી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી પ્રતિ તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ તેઓના સંદર્ભ (૨) હેઠળના પત્રથી રૂબરુ રેકર્ડ નીરીક્ષણ કરવા તથા સદર ફાઈલના રેકર્ડ ઈન્સ્પેકશન દરમ્યાન જે કાગળોની નકલો માંગવામાં આવશે તો તેની જરૂરી નકલ ફી ભરપાઈ કરાવી નકલો આપવામાં આવશે અથવા તો ઉતારો પણ કરી શકાશે તેમ જણાવેલ. જે અન્વયે અરજદારે તા. ૧૭–૧૦–૧૨ ના રોજ ફાઈલ રેકર્ડ નીરીક્ષણ કર્યાબાદ માંગેલ માહિતી/પુરાવાની નકલો મેળવવા અરજદારે નકલ ફી મેળવવા જરૂરી નાંણા ભરપાઈ કરેલ હોય, તા. ૨૨–૧૦–૧૨ ના રોજ માંગ્યા મુજબની નકલો આપવામાં આવેલ છે. જે અન્વયે અરજદાર શ્રી પીકંલ ઘીવાલાએ જાહેર માહિતી અધિકારીશ્રી તરફથી સંદર્ભ (૩) હેઠળના પત્રથી મુદ્દા નં(૧૯) નો જવાબ આપેલ હોય, બાકી રહેતા મુદ્દાઓનો જવાબ આપવાનો બાકી રહે છે તેમ જણાવી પ્રથમ અપીલ રજુ કરેલ.

સદર અપીલ અન્વયે સંદર્ભ(૪) હેઠળના પત્રથી અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલા તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૯/૧૧/૧૨ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જે અન્વયે અરજબદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલા તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તા.૯–૧૧–૧૨ ના રોજ સુનાવણીના નિયત સમયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેલ છે. જે સુનાવણીમાં અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલાએ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા માંગ્યા મુજબના સવાલોનો જવાબ આપેલ નથી તેમ રજુઆત કરેલ જે સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તેઓ ધ્વારા અરજદારશ્રીને તા ૯–૧૦–૧૨ થી પાઠવવામાં આવેલ માહિતી/ જવાબ મુજબ અરજદારશ્રીએ તેઓની અરજીના મુદ્દાનં.:(૧૯)થી ફાઈલનું રેકર્ડ ઈન્સ્પેકશન માંગેલ હોવાથી તેઓને ફાઈલ નીરીક્ષણ કરાવી તેઓ ધ્વારા માંગ્યા મુજબની માહિતી/ પુરાવા તેઓને નિયત ચાર્જ ભરપાઈ કરાવી આપવામાં આવેલ

હોવાની સ્પષ્ટતા કરવામાં આવેલ, જે સંદર્ભે અરજદારશ્રી તરફથી તેઓની અરજીના મુદ્દા વાઈઝ જવાબ આપવાનો આગ્રહ રાખવામાં આવેલ. જે સંદર્ભે જાહેર માહિતી અધિકારીશ્રીએ અરજદારશ્રીને તેઓએ કાયદાની કલમોનો ઉલ્લેખ કરી ખરેખર શું માહિતી માંગેલ છે, તે સ્પષ્ટ જણાવેલ ન હોય, અરજદારશ્રી ધ્વારા તેઓને શું માહિતી જોઈએ છે તે અંગે સ્પષ્ટતા સહિત જણાવ્યેથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ માહિતી આપી શકાય તેવી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી સ્પષ્ટતા કરવામાં આવેલ.

**—:: હુકમ ::—**

**અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાન ઉપર લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલાની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૨૫—૯—૧૨ ની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને રૂબરુ રેકર્ડ નિરીક્ષણ કરવા જણાવતા અરજદારશ્રી પીકંલ ઘીવાલાએ ફાઈલ રેકર્ડ નીરીક્ષણ કરી,રેકર્ડ નીરીક્ષણ બાદ જરૂરી નકલોની માંગણી કરેલ. જે નકલો / માહિતી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી પુરી પાડવામાં આવેલ છે. સદરહું માહિતી / નકલો મળેલ હોવાનો અરજદારશ્રીએ સ્વીકાર કરેલ છે પરંતુ તેઓની મુળ અરજીનો મુદ્દા વાઈઝ જવાબ / માહિતી આપવા જણાવતા, માહિતી અધિકારીશ્રીએ અરજદાર ધ્વારા કાયદાની કલમોનો ઉલ્લેખ કરી માંગેલ માહિતી અંગે અરજદારને શું માહિતી માંગેલ છે તે સ્પષ્ટ જણાયેલ ન હોય, તેની સ્પષ્ટતા થયેથી રેકર્ડ ઉપલબ્ધે માહિતી આપી શકાય. જે સંદર્ભે અપીલ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને, તેઓએ કાયદાની કલમોનો ઉલ્લેખ કરી ખરેખર શું માહિતી માંગેલ છે, તે જણાવવા અરજદારશ્રીને પુછતા અરજદારશ્રી તેઓને શું માહિતી જોઈએ છે તે અંગે જણાવી શકેલ નથી. જે અન્વયે અપીલ અધિકારીશ્રીએ અરજદારશ્રીને તેઓ તરફથી ફકત કાયદાની કલમો ટાંકી માહિતી માંગવામાં આવે છે પરંતુ તેઓને શું માહિતી જોઈએ છે તે અંગે તેઓને પોતાને જાણકારી નહી હોવાની બાબત યોગ્ય નહી હોવાનું જણાવી અરજદારશ્રીને તેઓને જરૂરી માહિતી સ્પષ્ટપણે માંગવા સુચના આપેલ છે તથા અરજદારશ્રી તરફથી તે મુજબ માહિતી માંગવામાં આવે તો તેનો મુદ્દાવાઈઝ જવાબ / માહિતી આપવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૧૧૧
તા.૪–૧૨–૨૦૧૨

**અપીલ અરજી તા.૨૦–૧૦–૨૦૧૨,**
**અરજદારશ્રી :– શ્રી પીંકલ પ્રફુલચંદ્ર ધીવાળા (તંત્રી સમાધાન ન્યુઝ )**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી પીંકલ પ્રફુલચંદ્ર ધીવાળાની તા.૨૫–૯–૧૨ ની આઈ.ડી નં.૬૪૬ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :– (૧) અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ધીવાલાની તા.૨૦/૦૯/૧૨ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૬૪૬**
**(૨) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા૯/૧૦/૧૨ ના પત્ર નં.: ટીડીઓ/૫૦૫ થી માહિતી પુરી પાડતો પત્ર**
**(૩) "નમુનો–જ" માં અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ધીવાલા ધ્વારા તા.૨૦/૧૦/૧૨ ના રોજ રજુ કરેલ પ્રથમ અપીલ અરજી.**
**(૪) તા. ૮–૧૧–૧૨ ના પત્ર ક્રમાંક ટીડીઓ/૧૦૫ થી અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ધીવાલાને અપીલ અરજી બાબતે રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા લખેલ પત્ર.**

અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ધીવાલા ધ્વારા તા.૨૦/૦૯/૧૨ ના રોજ આઈ.ડી. નં.: ૬૪૬ થી, ટી.પી.સ્કીમ નં.૮ જુના સ.નં ૨૮, બ્લોક નં ૨૩૩, ફા.પ્લોટ નં. ૨૭ વાળી મિલ્કત સંદર્ભેની માહિતી માંગતી અરજી વેસ્ટ ઝોન કચેરીમાં રજુ કરેલ. સદર અરજી ડે. ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી વેસ્ટ ઝોનના તા.૨૧/૦૯/૧૨ ના પત્ર નં.: ૯૯૭ થી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી પ્રતિ તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ તેઓના સંદર્ભ (૨) હેઠળના પત્રથી રૂબરુ રેકર્ડ નીરીક્ષણ કરવા તથા સદર ફાઈલના રેકર્ડ ઈન્સ્પેકશન દરમ્યાન જે કાગળોની નકલો માંગવામાં આવશે તો તેની જરૂરી નકલ ફી ભરપાઈ કરાવી નકલો આપવામાં આવશે અથવા તો ઉતારો પણ કરી શકાશે તેમ જણાવેલ. જે અન્વયે અરજદારે તા. ૧૭–૧૦–૧૨ ના રોજ ફાઈલ રેકર્ડ નીરીક્ષણ કર્યાબાદ માંગેલ માહિતી/પુરાવાની નકલો મેળવવા અરજદારે નકલ ફી મેળવવા જરૂરી નાંણા ભરપાઈ કરેલ હોય, તા. ૨૨–૧૦–૧૨ ના રોજ માંગ્યા મુજબની નકલો આપવામાં આવેલ છે. જે અન્વયે અરજદાર શ્રી પીકંલ ધીવાલાએ જાહેર માહિતી અધિકારીશ્રી તરફથી સંદર્ભ (૩) હેઠળના પત્રથી મુદ્દા નં(૧૯) નો જવાબ આપેલ હોય, બાકી રહેતા મુદ્દાઓનો જવાબ આપવાનો બાકી રહે છે તેમ જણાવી પ્રથમ અપીલ રજુ કરેલ.

સદર અપીલ અન્વયે સંદર્ભ(૪) હેઠળના પત્રથી અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ધીવાલા તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૯/૧૧/૧૨ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ધીવાલા તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તા.૯–૧૧–૧૨ ના રોજ સુનાવણીના નિયત સમયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેલ છે. જે સુનાવણીમાં અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ધીવાલાએ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા માંગ્યા મુજબના સવાલોનો જવાબ આપેલ નથી તેમ રજુઆત કરેલ જે સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તેઓ ધ્વારા અરજદારશ્રીને તા ૯–૧૦–૧૨ થી પાઠવવામાં આવેલ માહિતી/ જવાબ મુજબ અરજદારશ્રીએ તેઓની અરજીના મુદ્દાનં.:(૧૯)થી ફાઈલનું રેકર્ડ ઈન્સ્પેકશન માંગેલ હોવાથી તેઓને ફાઈલ નીરીક્ષણ કરાવી તેઓ ધ્વારા માંગ્યા મુજબની માહિતી/ પુરાવા તેઓને નિયત ચાર્જ ભરપાઈ કરાવી આપવામાં આવેલ

હોવાની સ્પષ્ટતા કરવામાં આવેલ, જે સંદર્ભે અરજદારશ્રી તરફથી તેઓની અરજીના મુદ્દા વાઈઝ જવાબ આપવાનો આગ્રહ રાખવામાં આવેલ. જે સંદર્ભે જાહેર માહિતી અધિકારીશ્રીએ અરજદારશ્રીને તેઓએ કાયદાની કલમોનો ઉલ્લેખ કરી ખરેખર શું માહિતી માંગેલ છે, તે સ્પષ્ટ જણાવેલ ન હોય, અરજદારશ્રી ધ્વારા તેઓને શું માહિતી જોઈએ છે તે અંગે સ્પષ્ટતા સહિત જણાવ્યેથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ માહિતી આપી શકાય તેવી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી સ્પષ્ટતા કરવામાં આવેલ.

**–:: હુકમ ::–**

**અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાન ઉપર લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ધીવાલાની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૨૦–૯–૧૨ ની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને રૂબરુ રેકર્ડ નિરીક્ષણ કરવા જણાવતા અરજદારશ્રી પીકંલ ધીવાલાએ ફાઈલ રેકર્ડ નીરીક્ષણ કરી,રેકર્ડ નીરીક્ષણ બાદ જરૂરી નકલોની માંગણી કરેલ. જે નકલો / માહિતી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી પુરી પાડવામાં આવેલ છે. સદરહું માહિતી / નકલો મળેલ હોવાનો અરજદારશ્રીએ સ્વીકાર કરેલ છે પરંતુ તેઓની મુળ અરજીનો મુદ્દા વાઈઝ જવાબ / માહિતી આપવા જણાવતા, માહિતી અધિકારીશ્રીએ અરજદાર ધ્વારા કાયદાની કલમોનો ઉલ્લેખ કરી માંગેલ માહિતી અંગે અરજદારને શું માહિતી માંગેલ છે તે સ્પષ્ટ જણાયેલ ન હોય, તેની સ્પષ્ટતા થયેથી રેકર્ડે ઉપલબ્ધ માહિતી આપી શકાય. જે સંદર્ભે અપીલ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને, તેઓએ કાયદાની કલમોનો ઉલ્લેખ કરી ખરેખર શું માહિતી માંગેલ છે, તે જણાવવા અરજદારશ્રીને પુછતા અરજદારશ્રી તેઓને શું માહિતી જોઈએ છે તે અંગે જણાવી શકેલ નથી. જે અન્વયે અપીલ અધિકારીશ્રીએ અરજદારશ્રીને તેઓ તરફથી ફકત કાયદાની કલમો ટાંકી માહિતી માંગવામાં આવે છે પરંતુ તેઓને શું માહિતી જોઈએ છે તે અંગે તેઓને પોતાને જાણકારી નહી હોવાની બાબત યોગ્ય નહી હોવાનું જણાવી અરજદારશ્રીને તેઓને જરૂરી માહિતી સ્પષ્ટપણે માંગવા સુચના આપેલ છે તથા અરજદારશ્રી તરફથી તે મુજબ માહિતી માંગવામાં આવે તો તેનો મુદ્દાવાઈઝ જવાબ / માહિતી આપવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૧૧૨
તા. ૬ –૧૨–૨૦૧૨

**અપીલ અરજી તા.૨૯–૧૦–૨૦૧૨,**
**અરજદારશ્રી :– શ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાળા (તંત્રી સમાધાન ન્યુઝ )**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાળાની તા.૨૦–૯–૧૨ ની આઈ.ડી નં.૬૪૭ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :– (૧) અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલાની તા.૨૦/૦૯/૧૨ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૬૪૭**
**(૨) ડેપ્યુટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોનનો પત્ર નં. સે.ઝોન/આર.ટી.આઈ/જાવક/૨૧૯૪ તા.૦૫/૧૧/૨૦૧૨ નો અરજી તબદીલ કરતો પત્ર.**
**(૩) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૮/૧૧/૧૨ ના પત્ર નં.: ટીડીઓ/૬૨૪ થી માહિતી પુરી પાડતો પત્ર**
**(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલા ધ્વારા તા.૨૦/૧૦/૧૨ ના રોજ રજુ કરેલ પ્રથમ અપીલ અરજી.**
**(૫) તા. ૨૯/૧૧/૧૨ થી અરજદારશ્રીએ પ્રથમ અપીલ અરજી કર્યાનો પત્ર.**

અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલા ધ્વારા તા.૨૦/૦૯/૧૨ ના રોજ આઈ.ડી. નં.: ૬૪૭ થી વોર્ડ નં. ૪ સી.સ.નં. ૧૬૪૧,૧૬૪૨ વાળી મિલ્કત બાબતે માહિતી માંગતી અરજી વેસ્ટ ઝોન કચેરીમાં રજુ કરેલ. સદર અરજી ડે. ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી વેસ્ટ ઝોનના તા.૨૪/૦૯/૧૨ ના પત્ર નં.: ૧૦૦૩ થી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેર સેન્ટ્રલ ઝોન પ્રતિ તબદીલ કરવામાં આવેલ હતી.સદર અરજી સંદર્ભ (૨) હેઠળના પત્રથી ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી પ્રતિ તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ સંદર્ભ (૩) હેઠળના પત્રથી માહિતી/જવાબ સહિત રૂબરુ રેકર્ડ નીરીક્ષણ કરવા તથા સદર ફાઈલના રેકર્ડ ઈન્સ્પેકશન દરમ્યાન જે કાગળોની નકલો માંગવામાં આવશે તો તેની જરૂરી નકલ ફી ભરપાઈ કરાવી નકલો આપવામાં આવશે અથવા તો ઉતારો પણ કરી શકાશે તેમ જણાવેલ. જે અન્વયે અરજદાર શ્રી પીકંલ ઘીવાલાએ સંદર્ભ (૫) હેઠળના પત્રથી તેઓ ધ્વારા માંગવામાં આવેલ માહિતી તેઓને આજદિન સુધી આપવામાં આવેલ નહી હોવાનું જણાવી માંગેલ માહિતી ફ્રીમાં આપવા સંદર્ભ (૪) હેઠળના પત્રથી પ્રથમ અપીલ તા. ૨૯–૧૦–૧૨ થી વેસ્ટઝોન કચેરી, સુરત મહાનગરપાલિકામાં રજુ કરેલ છે. જે અપીલ અધિકારી અને.કાર્યપાલક ઈજનેરશ્રી વેસ્ટ ઝોન તરફથી પત્ર નં.વેસ્ટ ઝોન/ આર.ટી.આઈ.સેલ/૧૨૫૫, તા.૧–૧૨–૧૨ થી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીને પાઠવવામાં આવેલ છે.

અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલા તરફથી અપીલ કરી તેઓને જાહેર માહિતી અધિકારીશ્રી તરફથી માહિતી/ જવાબ સમય મર્યાદામાં મળેલ ન હોવાથી સદર માહિતી/ નકલો ફ્રીમાં આપવા તથા બાકી રહેતા તમામ સવાલોના જવાબ આપવા જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રીને તા ૮–૧૧–૧૨ થી પાઠવવામાં આવેલ માહિતી/ જવાબ થી અરજદારશ્રીને તેઓની અરજીના મુદ્દાનં.:(૧૯) અન્વયે સંબંધિત ફાઈલનું રેકર્ડ ઈન્સ્પેકશન કરવા જણાવવામાં આવેલ છે. જે સંદર્ભે અરજદારશ્રીએ તેમના તા૨૯–૧૧–૧૨ ના પત્રથી તેઓ બહારગામ હોવાથી ફરીથી ફાઈલ નીરીક્ષણ આપવા રજુઆત કરેલ છે.

:: હુકમ ::–

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાન ઉપર લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલાની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.ર૦–૯–૧ર ની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ને તા.૬–૧૧–૧ર ના રોજ મળેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને તા ૮–૧૧–૧ર થી માહિતી/ પ્રત્યુતર પાઠવવામાં આવેલ છે તથા રૂબરુ રેકર્ડ નિરીક્ષણ કરવા સમય/ તારીખ ફાળવવામાં આવેલ છે, જે સંદર્ભે અરજદારશ્રી ધ્વારા જે તે સમયે હાજર રહી રેકર્ડ નીરીક્ષણ કરવામાં આવેલ નથી. પરંતુ આ માટે ફરીથી નવો સમય ફાળવવા તેમજ તેઓની મુળ અરજીનો મુદ્દાવાઈઝ જવાબ આપવા જણાવેલ છે.

ઉપરોકત હકિકતે, અરજદારશ્રીને રેકર્ડ તપાસણી માટે ફરીથી સમય ફાળવવા તથા રેકર્ડ નિરીક્ષણમાં અરજદારશ્રી તરફથી જે માહિતી/ નકલો માંગવામાં આવે તે વિના મુલ્યે અરજદારશ્રીને આપવા જહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરવામાં આવે છે.

વધુમાં, અરજદારશ્રીની માહિતી માંગતી તા.ર૦–૯–૧ર ની મુળ અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી વેસ્ટ ઝોન તથા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી સેન્ટ્રલ ઝોન ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને નિયત સમયમર્યાદામાં તબદીલ કરવામાં આવેલ નહી હોવાથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા નિયત સમય મર્યાદામાં અરજદારશ્રીને માહિતી પુરી પાડી શકાયેલ નથી, જે ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી સેન્ટ્રલ ઝોન ને માહિતી માંગતી અરજી, નિયમાનુસાર નિયત સમય મર્યાદામાં સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને તબદીલ કરવા યોગ્ય તકેદારી રાખવા આથી તાકીદ કરવામાં આવે છે.

અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

નં.ટી.ડી.ઓ/૧૨૪
તા. ૩૧ –૧૨–૨૦૧૨

**અપીલ અરજી તા.૦૩–૧૨–૨૦૧૨,**
**અરજદારશ્રી :– શ્રી પીંકલ પ્રફુલચંદ્ર ધીવાળા (તંત્રી સમાધાન ન્યુઝ )**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી પીંકલ પ્રફુલચંદ્ર ધીવાળાની તા.૦૧–૧૦–૧૨ ની આઈ.ડી નં.૧૨૧૦ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :– (૧) અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ધીવાલાની તા.૦૧/૧૦/૧૨ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૧૨૧૦**
**(૨) "નમુનો–જ" માં અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ધીવાલા ધ્વારા તા.૦૩/૧૨/૧૨ ના રોજ રજુ કરેલ પ્રથમ અપીલ અરજી.**
**(૩) તા.૧૦/૧૨/૧૨ થી અરજદારશ્રીને પ્રથમ અપીલ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જાણ કરતો પત્ર**

અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ધીવાલા ધ્વારા તા.૦૧/૧૦/૧૨ ના રોજ આઈ.ડી. નં.:૧૨૧૦ થી વોર્ડ નં. ૨ સી.સ.નં. ૧૪૨૦–અ–બ વાળી મિલ્કત બાબતે માહિતી માંગતી અરજી નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ, અરજદાર શ્રી પીકંલ ધીવાલાએ સંદર્ભ (૧) હેઠળના પત્રથી તેઓ ધ્વારા માંગવામાં આવેલ માહિતી પૈકી માત્ર સેન્ટ્રલ ઝોન આકારણી વિભાગ ધ્વારા જવાબ પાઠવવામાં આવેલ હોય બાકી સવાલના જવાબ તેઓને આજદિન સુધી આપવામાં આવેલ નહી હોવાનું જણાવી માંગેલ માહિતી ફીમાં આપવા સંદર્ભ (૨) હેઠળના પત્રથી પ્રથમ અપીલ મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાં રજુ કરેલ છે.

અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ધીવાલા તરફથી અપીલ કરી તેઓને સેન્ટ્રલ ઝોન આકારણી ખાતા ધ્વારા જવાબ મળેલ છે બાકીનો તમામ સવાલ –જવાબ મળેલ ન હોવાથી સદર માહિતી/ નકલો ફીમોં આપવા તથા બાકી રહેતા તમામ સવાલોના જવાબ આપવા જણાવેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજદારશ્રીની સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તેઓને મળેલ ન હોવાથી અરજદારને માહિતી/જવાબ આપી શકાયેલ નથ. વધુમાં અરજદારશ્રી તરફથી માંગવામાં આવેલ માહિતીની જાણ અરજદાર તરફથી કરવામાં આવેલ અપીલ અરજી ધ્વારા થયેલ છે. અરજદારશ્રી તરફથી માહિતી માંગતા કેટલાક મુદ્દાઓ અંગે ચોકકસ શું માહિતી માંગવામાં આવેલ છે તે સ્પષ્ટ થતુ નહી હોવાનું જણાવેલ છે.

**–:: હુકમ ::–**

**અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાન ઉપર લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા જણાવ્યા અનુસાર અરજદારશ્રી પીંકલ પ્રફુલચંદ્ર ધીવાલાની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૦૧–૧૦–૧૨ ની અરજી તેઓને મળેલ ન હોવાથી તેઓ ધ્વારા અરજદારશ્રીને માહિતી/ પ્રત્યુતર પાઠવી શકાયેલ નથી.**

**ઉપરોકત હકિકતે, અરજદારશ્રીએ માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારીને આ અંગેની જાણ થયા તા.૩–૧૨–૧૨ થી દિન–૩૦ માં પુરી પાડવા તથા જે માંગેલ માહિતી આપને સ્પષ્ટતા થતી ન હોય તે અંગે અરજદારશ્રીને તા.૮–૧–૨૦૧૩ સુધીમાં ને રેકર્ડ તપાસણી માટે સમય ફાળવી તથા રેકર્ડ**

નિરીક્ષણમાં અરજદારશ્રી તરફથી જે માહિતી/ નકલો માંગવામાં આવે તે વિના મુલ્યે અરજદારશ્રીને આપવા જહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરવામાં આવે છે.

વધુમાં, અરજદારશ્રીની માહિતી માંગતી તા.૦૧–૧૦–૧૨ ની મુળ અરજી નાગરિક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલ ઝોન ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવેલ નહી હોવાથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા નિયત સમય મર્યાદામાં અરજદારશ્રીને માહિતી પુરી પાડી શકાયેલ નથી, જે ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી સેન્ટ્રલ ઝોન / નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનને માહિતી માંગતી અરજી, નિયમાનુસાર નિયત સમય મર્યાદામાં સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને તબદીલ કરવા યોગ્ય તકેદારી રાખવા આથી તાકીદ કરવામાં આવે છે.

અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

નં.ટી.ડી.ઓ/૧૩૪
તા. ૧૧ –૧–૨૦૧૩

**અપીલ અરજી તા.૧૧–૧૨–૨૦૧૨,**
**અરજદારશ્રી :– શ્રી અમરતભાઈ ડાહયાભાઈ સેલર**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**
**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી અમરતભાઈ ડાહયાભાઈ સેલરની તા.૧–૧૧–૧૨ ની ટીડીઓ.આઈ.ડી નં.૫૧૮ થી માંગેલ માહિતી બાબત.

સંદર્ભ :–
(૧) અરજદારશ્રી અમરતભાઈ ડાહયાભાઈ સેલરની તા.૧/૧૧/૧૨ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી ટીડીઓ.આઈ.ડી. નં.: ૫૧૮
(૨) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૨૦/૧૧/૧૨ ના પત્ર નં.: ટીડીઓ/૬૪૨ થી માહિતી પુરી પાડતો પત્ર
(૩) "નમુનો–જ" માં અરજદારશ્રી અમરતભાઈ ડાહયાભાઈ સેલર ધ્વારા તા.૧૧/૧૨/૧૨ ના રોજ રજુ કરેલ પ્રથમ અપીલ અરજી.
(૪) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૨૦–૧૨–૧૨ ના ટીડીઓ નં.૧૧૭ થી અમરતભાઈ ડાહયાભાઈ સેલરને રૂબરુ હીયરીંગ માટે બોાલવતો પત્ર.
(૫) આપની તા. ૪–૧–૧૩ ની લેખિત રજુઆતથી અપીલ અરજી દફતરે કરવા જણાવતો પત્ર.

અરજદારશ્રી અમરતભાઈ ડાહયાભાઈ સેલર તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારી તરફથી માંગ્યા મુજબની માહિતી સંદર્ભ (૩) હેઠળના પત્રથી પુરી પાડવામાં આવેલ. સદર પાઠવેલ જવાબથી નારાજ થઈ અરજદારશ્રી અમરતભાઈ ડાહયાભાઈ સેલર ધ્વારા સંદર્ભ (૩) હેઠળ થી અપીલ અરજી રજુ કરેલ. જે અંગે નીચે મુજબનો હુકમ કરૂં છું.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી અમરતભાઈ ડાહયાભાઈ સેલર ની તા.૧/૧૧/૧૨ ની મુળ અરજી સંદર્ભે મુકરર તારીખે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ કરવાં આવેલ રૂબરુ સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ પાઠવેલ જવાબ / માહિતી અપુરતી અને અધુરી છે અને રેકર્ડની ચકાસણી કરતા માહિતી ઉપલબ્ધ નથી. જેથી મુદ્દા વાઈઝ પુરેપુરી માહિતી આપવા બાબતે માંગણી કરેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા મુદ્દા નં(૧) થી (૪) ની માહિતી બાબતે પ્રશ્નવાળી મિલ્કત સંબંધેના ઉપલબ્ધ રેકર્ડનું નીરીક્ષણ કરવા જણાવેલ હોય તેમજ મુદ્દા નં(૫) ની વિગતોએ માંગેલ માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ ન હોવાની સ્પષ્ટતા કરેલ. જે સંબંધે અરજદારે ઉકત ઉપલબ્ધ ફાઈલનું રેકર્ડ નીરીક્ષણ કરવા બાબતે સમંતી દર્શાવેલ. મુકરર તારીખે થયેલ રૂબરુ સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારી ધ્વારા કરવામાં આવેલ સ્પષ્ટતા તેમજ અરજદારે રેકર્ડ ઈન્સ્પેકશન કરવા દર્શાવેલ સંમતી ધ્યાને લેતા પ્રશ્નવાળી મિલ્કત સંબંધેનો ઉપલબ્ધ રેકર્ડનું નીરીક્ષણ નિયમાનુસાર કરવા દેવા તથા રેકર્ડ નીરીક્ષણ દરમ્યાન અરજદારશ્રી તરફથી જે નકલોની માંગણી કરવામાં આવે તે નકલો નિયમાનુસાર અરજદારને આપવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરવામાં આવે છે. આમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૧૩૮
તા. ૨૪–૧–૨૦૧૩

**અપીલ અરજી તા.૧૭–૧૨–૨૦૧૨,**
**અરજદારશ્રી :– શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૧૧–૧૦–૧૨ ની ટીડીઓ.આઈ.ડી નં.૪૭૫ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :– (૧) અરજદારશ્રી શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૧૧/૧૦/૧૨ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી ટીડીઓ.આઈ.ડી. નં.: ૪૭૫**
**(૨) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૨૦/૧૦/૧૨ ના પત્ર નં.: ટીડીઓ/૫૫૩ થી માહિતી પુરી પાડતો પત્ર**
**(૩) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (વેસ્ટ ઝોન) ને મુદ્દા નં(૮) ની અંશતઃ માહિતી બાબત જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૧૯/૧૦/૧૨ ના પત્ર નં.: ટીડીઓ/૫૭૩ થી અરજી તબદીલ કરવામાં આવી.**
**(૪) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૭/૧૧/૧૨ ના પત્ર નં.: ટીડીઓ/૬૨૦ થી માંગ્યા મુજબની નકલો પુરી પાડતો પત્ર.**
**(૫) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૨૧/૧૧/૧૨ ના પત્ર નં.: ટીડીઓ/૬૪૯ થી મુદ્દા નં(૮) ની અંશતઃ માહિતી પુરી પાડતો પત્ર.**
**(૬) "નમુનો–જ" માં અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ ધ્વારા તા.૧૬/૧૨/૧૨ ના રોજ રજુ કરેલ પ્રથમ અપીલ અરજી. ટીડીઓ.૧૪૨**
**(૭) અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ ધ્વારા તા.૧૭–૧૨–૧૨ ના રોજ કરેલ પ્રથમ અપીલ અરજી જાહેર માહિતી અધિકારીશ્રી વેસ્ટ ઝોન ધ્વારા તા. ૨૧–૧૨–૧૨ ના પત્ર નં. વેસ્ટ ઝોન/ આર.ટી.આઈ.સેલ/ ૧૫૩૩ થી તબદીલ કરવામાં આવી. ટીડીઓ.૧૪૪**
**(૮) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૪–૧–૧૩ ના ટીડીઓ નં.૧૨૮ થી અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટને રૂબરુ હીયરીંગ** માટે બોાલવતો પત્ર.

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારી તરફથી અરજીના મુદ્દાનં.: (૧) થી (૯) ની માહિતી પુરી પાડવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં(૩) માં જણાવેલ નકલો પુરતા જ નાંણા અરજદારે ભરેલ હોઈ, ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ મુદ્દા નં(૩) માં માંગેલ નકલો સંદર્ભ (૪) હેઠળના પત્રથી પુરી પાડવામાં આવેલ છે. તેમજ મુદ્દા ન(૮) ની અંશતઃ માહિતી માટે સંદર્ભ (૩) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી ડે.ઈજનેરશ્રી (વેસ્ટઝોન) ને તબદીલ કરવામાં આવેલ છે. તેમજ શહેર વિકાસ ખાતાને લગતી અંશતઃ માહિતી સંદર્ભ (૫) હેઠળના પત્રથી અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ છે. જે અન્વયે અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ ધ્વારા મુદ્દા નં(૩) સિવાયની બાકીની માહિતી છુપાવી હોવાનું જણાવી તા૧૬–૧૨–૧૨ ના રોજ અપીલ અરજી રજુ કરેલ છે. અપીલ અરજી અન્વયે અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા. ૧૦–૧–૧૩ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા જણાવતાઅરજદાર હાજર રહેલ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીએ માંગેલ શહેર વિકાસ ખાતાના રેકર્ડની તમામ માહિતી અરજદારશ્રીને પાઠવવામાં આવેલ હોવાનુ જણાવેલ છે. જયારે અરજદારે હાજર

રહી જાહેર માહિતી અધિકારીએ માહિતી છુપાવી હોવાનું જણાવેલ પરંતુ કઈ માહિતી છુપાવી છે તે અંગે પૂચ્છા કરતા તથા તેઓને પુરી પાડવામાં આવેલ માહિતી ઉપરાંત તેઓને અન્ય કઈ માહિતીની જરૂર છે તે અંગે તેઓ સ્પષ્ટતા કરી શકેલ નથી. આથી અપીલ અરજી અંગે નીચે મુજબનો હુકમ કરૂં છું.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ ની તા.૧૧/૧૦/૧૨ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ પાઠવેલ જવાબ પૈકી મુદ્દા નં(૩) સિવાયની માહિતી છુપાવી હોવાનું જણાવી અપીલ અરજી કરેલ. જે સંદર્ભે તા.૧૦–૧–૧૩ ના રોજ અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ કરવામાં આવેલ રૂબરુ સુનાવણી દરમ્યાન મુદ્દા નં(૧) થી (૮) ની માહિતી પૈકી કઈ માહિતીઓ અરજદારને મળી નથી તે પુચ્છા કરતા તે બાબતે તેઓ કોઈ ખુલાસો/ સ્પષ્ટતા કરી શકેલ નથી. તેમજ જાહેર માહિતી અધિકારીઅને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા માંગ્યા મુજબની તમામ માહિતીઓ પુરી પાડવામાં આવેલ હોવાની રૂબરુ હીયરીંગ દરમ્યાન સ્પષ્ટતા કરવામાં આવેલ છે. જે અન્વયે અરજદારે પણ સમજ મેળવી આપવામાં આવેલ માહિતી બાબતે સંતોષ વ્યકત કરેલ છે.**

**ઉપરોકત હકિકત ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ તેમના કાર્યક્ષેત્ર હેઠળની માહિતી / નકલો પુરી પાડેલ છે. અને સંદર્ભ (૨) હેઠળના પત્રથી જણાવેલ અન્ય મુદ્દા વિગેરેની માહિતી અરજદારશ્રી નકલ ફી ભરી મેળવી શકે છે. જે ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને કોઈ હુકમ કરવાનો રહેતો નથી. અને અપીલ સંદર્ભે અરજીનો હું નિકાલ થયેલ જાહેર કરૂં છું.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકાપ્રતિ,**

નં.ટી.ડી.ઓ/૧૩૯
તા. ૨૪–૧–૨૦૧૩

**અપીલ અરજી તા.૨૯–૧૧–૨૦૧૨,**
**અરજદારશ્રી :– શ્રી નરેશભાઈનાનજીભાઈ બથવાર**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૩–૦૯–૧૨ ની આઈ.ડી નં.૧૦૬૬ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :– (૧) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૩/૦૯/૧૨ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૧૦૬૬ (ટીડીઓ આઈ.ડી નં ૪૧૨)**
**(૨) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૦૮/૧૦/૧૨ ના પત્ર નં.: ટીડીઓ/૫૦૪ થી માહિતી પુરી પાડતો પત્ર**
**(૩) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૦૭/૧૧/૧૨ ના પત્ર નં.: ટીડીઓ/૬૧૯ થી માંગ્યા મુજબની નકલો વિના મુલ્યે પુરી પાડતો પત્ર**
**(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા તા.૨૯/૧૧/૧૨ ના રોજ રજુ કરેલ પ્રથમ અપીલ અરજી.**
**(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૭–૧૧–૧૨ ના ટીડીઓ નં.૬૧૯ થી અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારને રૂબરુ હીયરીંગ માટે બોાલવતો પત્ર.**

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારી તરફથી અરજીના મુદ્દાનં.: (૧) અન્વયે માંગ્યા મુજબની નકલો સંદર્ભ (૩) હેઠળના પત્રથી પુરી પાડવામાં આવેલ છે. તેમજ મુદ્દા ન(૨) થી માંગણી કરેલ નકલો અન્વયે સદરહુ માહિતી/ મે. ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં મંજુર કરાયેલ બાંધકામનલ રેકર્ડ શહેર વિકાસ ખાતાની કચેરીના રેકર્ડ પર ઉપલબ્ધ નહી હોવાનો જવાબ પાઠવવામાં આવેલ છે. જે અન્વયે અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા મુદ્દા નં(૨) ના પાઠવેલ જવાબથી નારાજ થઈ સંદર્ભ (૪) હેઠળ થી અપીલ અરજી રજુ કરેલ છે જે અંગે નીચે મુજબનો હુકમ કરું છું.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ની તા.૧૩/૦૯/૧૨ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સદરહુ અરજીના મુદ્દા નં(૨) થી માંગેલ માહિતી ન આપેલ હોવાથી તે માહિતી આપવા અરજદારશ્રીએ તા. ૨૯–૧૧–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે.અરજદાર ધ્વારા થયેલ અપીલની વિગતો જોતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારને તા. ૮–૧૦–૧૨ થી પાઠવેલ માહિતી/ પ્રત્યુતર સંદર્ભે અરજદાર ધ્વારા તા. ૨૯–૧૧–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે ત્રીસ દિવસની મુદત બાદ કરેલ છે. સદરહુ અપીલ અરજી અન્વયે તા. ૧૯–૧૨–૧૨ ના રોજ થયેલ સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારી ધ્વારા અરજદારને મુદ્દા નં(૨) માં માંગેલ માહિતી ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં મંજુર કરાયેલ બાંધકામની નકલ, શહેર વિકાસ ખાતુ, સુરત મહાનગરપાલિકાના રેકર્ડ પર ઉપલબ્ધ ન હોય, જેથી સદર નકલો આપી શકાય તેમ નહી હોવાની સ્પષ્ટતા કરી સદર નકલો ચેરીટી કમિશ્નરશ્રીની કચેરી માંથી મેળવી લેવા તથા અરજદાર ઈચ્છે તો પ્રશ્નવાળી મિલ્કત સંબંધેની અત્રેની કચેરીની સંપૂર્ણ ફાઈલનું ઉપલબ્ધનું રેકર્ડ નીરીક્ષણ આપવા જણાવેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી ધ્વારા કરેલ સ્પષ્ટતા બાબતે અરજદારશ્રીએ સંતોષ વ્યકત કરેલ છે.**

**ઉપરોકત હકિકતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ તેમના કાર્યક્ષેત્ર હેઠળની માહિતી / નકલો વિના મુલ્યે અરજદારશ્રીને પુરી પાડેલ છે. તેમજ મુદ્દા નં(૨) અન્વયે શહેર**

વિકાસ ખાતુ, સુરત મહાનગરપાલિકાની કચેરીની સંબંધિત ફાઈલ/ રેકર્ડનું નિરીક્ષણ આપવા તૈયારી દર્શાવેલ છે. જે ધ્યાને લેતા, અરજદારશ્રી ઈચ્છે તો ઉપલબ્ધ રેકર્ડનું નીરીક્ષણ વિના મુલ્યે કરવા દેવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરવામાં આવે છે. આમ અપીલ સંદર્ભે અરજીનો હું નિકાલ થયેલ જાહેર કરૂં છું

(મનિષ એમ.ડોકટર)
અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

નં.ટી.ડી.ઓ/૧૪૨
તા. ૪ –૨–૨૦૧૩

**અપીલ અરજી તા.૨૨–૧૨–૨૦૧૨,**
**અરજદારશ્રી :– શ્રી અરૂણ એસ.પાઠક**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી અરૂણ એસ.પાઠકની તા.૧૬–૦૭–૧૨ ની આઈ.ડી નં.૪૧૧ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :– (૧) અરજદારશ્રી શ્રી અરૂણ એસ.પાઠકની તા.૧૬/૭/૧૨ ના રોજ વેસ્ટ ઝોન કચેરીમાં માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૪૧૧**

**(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (વેસ્ટ ઝોન) ધ્વારા તેમના તા. ૨૩–૭–૧૨ ના પત્ર નં. ૭૦૯ થી મુદ્દા નં(૨), (૩) અને (૫) ની અંશતઃ માહિતી પુરી પાડવા અરજી તબદીલ કરવામાં આવી.**

**(૩) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૧૦/૧૦/૧૨ ના પત્ર નં.: ટીડીઓ/૫૧૦ થી માહિતી પુરી પાડતો પત્ર.**

**(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી અરૂણ એસ.પાઠક ધ્વારા તા.૨૨/૧૨/૧૨ ના રોજ રજુ કરેલ પ્રથમ અપીલ અરજી. ટીડીઓ.૧૪૫**

**(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૩૧–૧૨–૧૨ ના ટીડીઓ નં.૭૧૬ થી અરજદારશ્રી અરૂણ એસ.પાઠકને રૂબરુ હીયરીંગ માટે** બોલાવતો **પત્ર.**

અરજદારશ્રી અરૂણ અસ.પાઠક તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી અરજીના મુદ્દાનં.: (૨),(૩) તથા (૫) ની માહિતી પુરી પાડવામાં આવેલ છે. સદર જવાબ/ માહિતી બાદ અરજદારશ્રી અરૂણ એસ.પાઠક ધ્વારા મુદ્દા નં(૨),(૩) તથા (૫) ની માહિતી નિયત સમય મર્યાદામાં ન મળેલ હોવાનું જણાવી સંપૂર્ણ માહિતી આપવા તા૧૫–૦૯–૧૨ ના રોજ અપીલ અરજી રજુ કરેલ છે. અપીલ અરજીના બીડાણ સાથે રજુ કરેલ મુળ અરજીની નકલ જોતા તે જાહેર માહિતી અધિકારી ને મળેલ ન હોય, અત્રેથી જાહેર માહિતી અધિકારી (વેસ્ટ ઝોન)ને તા. ૧–૧૦–૧૨ ના ટીડીઓ નં.૯૦ થી પત્ર લખી વિગતો મંગાવેલ. જે વિગતો જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા. ૩–૧૦–૧૨ ના રોજ ઉપલબ્ધ થયેલ.

સદર અપીલ અન્વયે સંદર્ભ(૫) હેઠળના પત્રથી અરજદારશ્રી અરૂણ અસ.પાઠક તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૪/૧/૧૩ ના રોજ સાંજે ૫:૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રી અરૂણ અસ.પાઠક તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તા.૪–૧–૧૩ ના રોજ સુનાવણીના નિયત સમયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેલ છે . અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી તરફથી જણાવ્યા અનુસારની કઈ માહિતી ખોટી અને અધુરી આપેલ છે તે બાબતે અરજદારને પુચ્છા કરતા તે બાબતે અરજદાર ચોકકસ સ્પષ્ટતા કરી શકેલ નથી. પરંતુ અરજદારશ્રી ધ્વારા અરજીમાં જણાવેલ મિલ્કત બાબતેની ફાઈલમાં ઉપલબ્ધ તમામ પેપર્સની માંગણી કરી તે નકલો વિના મુલ્યે આપવા પણ રજુઆત કરેલ. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તેઓને સમય મર્યાદામાં અરજદારની મુળ અરજી મળેલ ન હોવાથી નિયત સમય મર્યાદામાં માહિતી પાઠવી શકાયેલ ન હોવાની રૂબરુ હીયરીંગ દરમ્યાન સ્પષ્ટતા કરવામાં આવેલ છે. અરજદારે તેઓની મુળ અરજી સંદર્ભે સુરત મહાનગરપાલિકા તરફથી થયેલ વિલંબ અંગે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા કરેલ સ્પષ્ટતા બાબતે અરજદારશ્રીએ સંતોષ વ્યકત કરેલ છે. જે અંગે નીચે મુજબનો હુકમ કરૂં છું.

–:: હુકમ ::–

માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી અરૂણ એસ.પાઠક ધ્વારા તા.૧૬/૭/૧૨ ની અરજી અંગે સુરત મહાનગરપાલિકા કક્ષાએ નિયત સમયમર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ ન હોય, અરજદારની રજુઆત મુજબ અરજીમાં જણાવેલ મિલ્કત બાબતેની ફરીયાદ અન્વયેનાં કાગળોનો ઉપલબ્ધ રેકર્ડ ચકાસણી કરવા દેવા તેમજ ઉકત ચકાસણી દરમ્યાન અરજદાર ધ્વારા જે નકલોની માંગણી કરે તે વિના મુલ્યે આપવા આથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને  હુકમ કરવામાં આવે છે. આમ અપીલ સંદર્ભે  અરજીનો  નિકાલ થયેલ જાહેર કરૂં છું.

(મનિષ એમ.ડોકટર)
અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકાપ્રતિ,

નં.ટી.ડી.ઓ/૧૪૭
તા. ૨૬ –૦૨–૨૦૧૩

**અપીલ અરજી તા.૦૮–૦૨–૨૦૧૩,**
**અરજદારશ્રી :– શ્રી સુરેશ એમ.પટેલ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી સુરેશ એમ.પટેલની તા.૨૪–૧૨–૧૨ ની આઈ.ડી નં.૧૭૧૩ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :– (૧) અરજદારશ્રી સુરેશ એમ.પટેલની તા.૨૪/૧૨/૧૨ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૧૭૧૩**
**(૨) "નમુનો–જ" માં અરજદારશ્રી સુરેશ એમ.પટેલ ધ્વારા તા.૦૮/૨/૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી.**
**(૩) સેન્ટ્રલ ઝોન કચેરીના તા. ૧૩–૨–૧૩ ના પત્ર નં. સી.ઝેડ/ આરટીઆઈ/ આઉટ/૩૧૭૯ થી અપીલ અરજી તબદીલ કરતો પત્ર.**

અરજદારશ્રી સુરેશ એમ.પટેલ ધ્વારા તા.૨૪/૧૨/૧૨ ના રોજ આઈ.ડી. નં.:૧૭૧૩ થી સુરત શહેરના રહેઠાણ વાળા વિસ્તારમાં હેતુફેર કરી જરીના કારખાના જેવા કે જરીતારક ,જરી હેવી ટવીસ્ટીંગ મશીનો,જરીના પાટલા ના મશીનો ,જરીના આળીયા મશીનો ,જરીના પાવઠા મશીનો, જરીના વિંટવાના મશીનો ,જરીના ફીરકા ભરવાના મશીનો ,જરીના ચપળ મશીનો ,જરીના ચાંદી ગીલીટના બાકડાઓ ચાલુ કરતા પહેલા આવા કારખાનાના માલિકોએ સુરત મહાનગરપાલિકાના કમિશ્નર પાસે ધી બી.પી.એમ.સી. એકટની કલમ પ્રકરણ ૧૨ મું ઈમારતોને લગતા વિનીમયોની પેટા કલમ–૧૦ મુજબ પરવાનગી લેવાની ફરીજયાત હોય છે અને આવી પરવાનગી વગર જે કારખાના વાળા કારખાના ચાલુ કરે તો તે બંધ કરવાની જવાબદારી સંબંધિત વિભાગોમાંથી કોની આવે છે તેની માહિતી આપવા માંગતી અરજી સેન્ટ્રલ ઝોન કચેરીમાં સંદર્ભ (૧) હેઠળ રજુ કરેલ.

અરજદાર શ્રી સુરેશ એમ.પટેલે મળેલ માહિતી અધુરી તેમજ ખોટી માહિતી આપવામાં આવેલ હોવાનું જણાવી સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે સંદર્ભ (૨) હેઠળ થી અપીલ અરજી રજુ કરેલ. અરજદારે તેમની અપીલના મુદ્દા નં (૬) તથા (૮) માં જણાવેલ છે કે શહેર વિકાસ વિભાગ તથા ટાઉન પ્લાનીંગ વિભાગના જાહેર માહિતી અધિકારીએ સમય મર્યાદામાં માહિતી પુરી પાડેલ નથી તેમજ રહેઠાણવાળા વિસ્તારમાં શહેર વિકાસ વિભાગે નોટીસ આપી કારખાના બંધ કરાવવા અંગે આપેલ નોટીસની નકલ રજુ કરી જણાવેલ છે કે માહિતી શહેર વિકાસ વિભાગને લાગે છે તેમ છતા આ વિભાગ તરફથી માહિતી આપવામાં આવેલ નથી. આમ સમય મર્યાદામાં માહિતી પુરી પાડેલ ન હોય, જાહેર માહિતી અધિકારી ઉપર કાર્યવાહી કરવા રજુઆત કરવામાં આવેલ છે.સદર અપીલ અરજી સંદર્ભ (૩) હેઠળના પત્રથી અત્રેની કચેરીને અપીલ અરજી તબદીલ કરવામાં આવેલ. જે અત્રેની કચેરીમાં તા.૧૪–૨–૧૩ ના રોજ મળેલ છે અને અપીલ નં ૧૯૫ થી નોંધાયેલ છે.

જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીના જણાવ્યા અનુસાર, અરજદારશ્રીની સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તેઓને મળેલ ન હોવાથી તેઓ ધ્વારા અરજદારને માહિતી/જવાબ આપી શકાયેલ નહી હોવાનું જણાવી અરજદારશ્રી તરફથી માંગવામાં આવેલ માહિતીની જાણ અપીલ અધિકારીશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રીને અરજદાર તરફથી સેન્ટ્રલ ઝોન કચેરીમાં કરવામાં આવેલ અપીલ અરજી,સેન્ટ્રલ ઝોન કચેરીના સંદર્ભ (૩) હેઠળના પત્ર ધ્વારા તબદીલ કરવામાં આવેલ છે ત્યારબાદ તેઓને

થયેલ હોવાનું જણાવેલ છે. જે ધ્યાને લેતાં, અપીલ અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાન ઉપર લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા જણાવ્યા અનુસાર અરજદારશ્રી સુરેશ એમ.પટેલની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૨૪–૧૨–૧૨ ની મુળ અરજી, જે તે સમયે તેઓને તબદીલ કરવામાં આવેલ નહી હોવાથી તેઓને મળેલ નથી જેથી સદરહું માહિતી માંગતી અરજી સંદર્ભે તેઓ ધ્વારા અરજદારશ્રીને માહિતી/ પ્રત્યુતર પાઠવી શકાયેલ નથી.**

**ઉપરોકત હકિકતે, અરજદારશ્રીએ તા.૨૪–૧૨–૧૨ ના રોજ આઈ.ડી નં ૧૭૧૩ ની અરજીથી માંગવામાં આવેલ માહિતીની અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને મળેલ ન હોય, પરંતુ અરજદારની અપીલ અરજીને ધ્યાને લેતા માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને તેઓના કાર્યક્ષેત્ર હેઠળના મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને લગતી માહિતી / જવાબ અરજદારને દિન–૭ (સાત) માં વિના મુલ્યે પુરી પાડવા હુકમ કરવામાં આવે છે.**

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૧૬૧
તા. ૩૦ –૩–૨૦૧૩

**અપીલ અરજી તા.૧૬–૦૨–૨૦૧૩,**
**અરજદારશ્રી :– શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૩–૧–૧૩ ની આઈ.ડી નં૧૮૦૭, ટીડીઓ.આઈ.ડી નં.૬૪૪ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :– (૧) અરજદારશ્રી શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૩/૧/૧૩ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી ટીડીઓ.આઈ.ડી. નં.: ૬૪૪**
**(૨) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૨/૦૨/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૭૭૧ થી માહિતી પુરી પાડતો પત્ર**
**(૩) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (વેસ્ટ ઝોન) ને અંશતઃ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૫/૨/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૭૮૩ થી અરજી તબદીલકરવામાં આવી.**
**(૪) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (અઠવાઝોન) ને અંશતઃ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૫/૨/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૭૮૪ થી અરજી તબદીલ કરવામાં આવી.**
**(૫) "નમુનો–જ" માં અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ ધ્વારા તા.૧૧/૦૨/૧૩ ના રોજ રજુ કરેલ પ્રથમ અપીલ અરજી. ટીડીઓ.૧૯૦**
**(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૬–૩–૧૩ ના ટીડીઓ નં.૧૫૦ થી અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટને રૂબરુ હીયરીંગ** માટે બોાલવતો પત્ર.

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારી તરફથી અરજીમાં માંગેલ વિગતો પૈકી ઈનવર્ડ નં.ડી/૬૬૭૪ થી કરેલ અરજી ની મુદ્દા નં(૧) થી (૪) ની માહિતી પુરી પાડવામાં આવેલ છે. જયારે ઈનવર્ડ નં ડી/૬૬૭૪, તા. ૨૯–૧૦–૧૨ થી કરેલ અરજી વેસ્ટ ઝોન કચેરીમાં મોકલવામાં આવેલ હોવાથી સદર વિગતો અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, વેસ્ટ ઝોનને સંદર્ભ (૩) હેઠળના પત્રથી અરજી તબદીલ કરવામાં આવેલ. જયારે ઈનવર્ડ નં ડી/૬૩૭૭ તા.૧૦–૧૦–૧૨ તથા ઈનવર્ડ નં ૬૬૭૩ તા.૧૯–૧૦–૧૨ થી કરેલ અરજી સાઉથ વેસ્ટ ઝોન (અઠવા) માં મોકલવામાં આવેલ હોવાથી સદર માહિતી બાબતે સંદર્ભ (૪) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સાઉથ વેર્સ્ટ ઝોન (અઠવા) ને તબદીલ કરવામાં આવેલ છે. જે અન્વયે અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ ધ્વારા અરજી નં ૬૬૭૭, ૬૬૭૩ અને ૬૬૭૪ તેમ આ ત્રણેય અરજીઓ શહેર વિકાસ અધિકારીશ્રી તરફ આવેલ હોવાથી તા. ૯–૧–૧૩ ના રોજ પત્ર નં ૨૭૨૩ થી સંપૂર્ણ તબદીલ કરવામાં આવેલ તેમ છતા માહિતી પુરી પાડેલ ન હોવાનું જણાવી સંદર્ભ (૫) હેઠળ નમુનો "જ' માં અરજી કરવામાં આવેલ. સદર અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૬) હેઠળના પત્રથી તા.૧૧–૩–૧૩ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા જણાવતા અરજદાર ઉકત દિને અપીલ અધિકારીશ્રી સમક્ષ રૂબરૂ સુનાવણી માટે હાજર રહેલ.હાજર રહેલ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીએ અપીલમાં કરેલ મુદ્દાઓ પરત્વે સ્પષ્ટતા કરેલ છે. અપીલના મુદ્દાઓ બાબતે અરજદારે ફકત ઈનવર્ડ નંબરનો ઉલ્લેખ કરી ત્રણ માસ પહેલા કરેલ અરજીની માહિતી માંગેલ. જેથી આ નંબરો સુરત મહાનગરપાલિકાની મધ્યસ્થ કચેરી (સુરત મહાનગરપાલિકા) ના રજીસ્ટર પર નોંધાયેલ હોવાથી શહેર વિકાસ ખાતાના રજીસ્ટર પર તેઓની અરજી શોધવામાં સમય વ્યતિત થયેલ જેથી સદર નંબરોથી નોંધાયેલ અરજી ટ્રેસ થયા બાદ અરજીની વિગતો પ્રમાણે જે તે માહિતી અધિકારીશ્રીઓને અરજી તબદીલ કરવામાં વિલંબ થયેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર

વિકાસ અધિકારીશ્રી ધ્વારા તેઓને સ્પર્શતા મુદ્દાઓની માહિતી તા.૨–૨–૧૩ ના રોજ ટીડીઓ નં ૭૭૧ થી પુરી પાડેલ છે. જે બરાબર હોવાનું જણાવેલ છે. અરજદારે અપીલના વાંધાઓ સિવાય અન્ય કોઈ રજુઆત કરેલ નથી. આથી અપીલ અરજી અંગે નીચે મુજબનો હુકમ કરૂં છું.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ ની તા.૩/૧/૧૩ ની મુળ અરજી મળ્યા બાદ નિયત સમય મર્યાદામાં તબદીલ થયેલ નથી અને તે બાબતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ કરેલ ખુલાસો અંશતઃ બરાબર છે પરંતુ આ માહિતી અરજી દિન–૨૭ જેટલા લાંબા સમય સુધી તબદીલ કરવામાં વિલંબ બરાબર નથી. જેથી આવુ ભવિષ્યમાં ન થાય તેની તકેદારી રાખવા સુચના આપવામાં આવે છે. વધુમાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા આપવામાં આવેલ માહિતી ઉપલબ્ધ રેકર્ડ મુજબ આપવામાં આવેલ હોવાની સ્પષ્ટતા/ સમજ અરજદારશ્રીને રૂબરુમાં આપવામાં આવેલ છે. જે અંગે અરજદારશ્રીએ સંતોષ વ્યકત કરેલ છે. તેમ છતા આ અંગે અરજદાર રેકર્ડ ચકાસણી અંગે રજુઆત કરે તો નિયમાનુસાર રેકર્ડ ઈન્સ્પેકશન કરવા દેવા તથા તે અન્વયે જે નકલોની માંગણી કરવામાં આવે તે આપવા હુકમ કરુ છું. અને અપીલ સંદર્ભે અરજીનો હું નિકાલ થયેલ જાહેર કરૂં છું.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકાપ્રતિ,**

નં.ટી.ડી.ઓ/૯૯૫
તા. ૩૦–૩–૨૦૧૩

**અપીલ અરજી તા.૩૧–૧૨–૨૦૧૨,**
**અરજદારશ્રી :– શ્રી વિજય મોહનલાલ ગાંધી**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એક્ટ–૨૦૦૫ હેઠળ શ્રી વિજય મોહનલાલ ગાંધીની તા.૧૭–૧૨–૧૨ ની આઈ.ડી નં.૭૯૭ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :– (૧) અરજદારશ્રી શ્રી વિજય મોહનલાલ ગાંધીની તા.૧૭/૧૨/૧૨ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી ટીડીઓ.આઈ.ડી. નં.: ૫૮૪**
**(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (વરાછા ઝોન) તરફથી તા. ૨૩–૧૧–૧૨ ના પત્ર નં. આર.ટીઆઈ.સેલ/ આઉટ/નં. ૭૯૭ થી અંશતઃ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવી.**
**(૩) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૨૧/૧૨/૧૨ ના પત્ર નં.: ટીડીઓ/૬૯૫ થી માહિતી પુરી પાડતો પત્ર**
**(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી વિજય મોહનલાલ ગાંધી ધ્વારા તા.૩૧/૧૨/૧૨ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી.**
**(૫) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (વરાછા ઝોન) તરફથી તા. ૮–૧–૧૩ ના પત્ર નં. સી.ઝેડ/આર.ટીઆઈ./ આઉટ/નં. ૨૭૫૮ થી અપીલ અરજી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવી.**
**(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૨૩–૧–૧૩ ના ટીડીઓ નં.૧૩૭ થી અરજદારશ્રી વિજય મોહનલાલ ગાંધીને રૂબરુ હીયરીંગ માટે બોલવતો પત્ર.**
**(૭) અરજદારશ્રી વિજય મોહનલાલ ગાંધીની તા. ૩૧–૧–૧૩ ની લેખિત રજુઆત.**

અરજદારશ્રી વિજય મોહનલાલ ગાંધી તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એક્ટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૩)ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારી તરફથી માહિતી પુરી પાડવામાં આવેલ તેમજ માંગ્યા મુજબની, નકલો તા.૨૮–૧૨–૧૨ થી ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા આપવામાં આવેલ છે. જે અન્વયે અરજદારશ્રી વિજય મોહનલાલ ગાંધીએ માંગેલ માહિતી આપવાના બદલે અન્ય ઝોનની માહિતી આપેલ હોવાનું જણાવી તા.૩૧–૧૨–૧૨ ના રોજ નુમનો "જ" માં અપીલ અરજી રજુ કરેલ છે. અપીલ અરજી અન્વયે અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા. ૩૧–૧–૧૩ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા જણાવતા, અરજદારે તા.૩૧–૧–૧૩ ના રોજની લેખિત રજુઆત કરી ઉકત તારીખે તેઓ હાજર રહી શકે તે ન હોય ,અન્ય બીજી તારીખ ફાળવવા રજુઆત કરેલ. જે અંગે તેઓને તા.૨–૨–૧૩ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે હાજર રહેવા જણાવેલ. ઉકત તારીખે અપીલ અધિકારીશ્રી સમક્ષ રૂબરુ સુનાવણી દરમ્યાન અરજદારે હાજર રહી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તેઓને માંગ્યા મુજબની માહિતી મળેલ નથી તેમજ અન્ય ઝોનની માહિતી આપેલ હોવાની રજુઆત કરેલ. અરજદારની ઉકત રજુઆત સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજીમાં જણાવેલ મિલ્કત વરાછા ઝોન વિસ્તારમાં આવતી હોવાથી જે તે વિસ્તાની કામગીરી કરતા જુની.ઈજનેર/ આસી.ઈજનેરેના કચેરી હુકમની નકલ પુરી પાડવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરવામાં આવેલ. જે અંગે અરજદારે સંતોષ વ્યકત કરેલ તેમજ તેઓને પુરી પાડવામાં આવેલ કચેરી હુકમની નકલો સિવાયના કોઈ કચેરી હુકમો હોય તો તે પુરા પાડવા જણાવેલ. ઉકત વિગતો ધ્યાને લઈ અપીલ અરજી અંગે નીચે મુજબનો હુકમ કરૂં છું.

—:: હુકમ ::—

માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી વિજય મોહનલાલ ગાંધી ની તા.૧૭/૧૧/૧૨ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ પાઠવેલ જવાબ તેમજ પુરી પાડેલ નકલો અન્ય ઝોનની પુરી પાડેલ હોવાનું જણાવી અરજદારશ્રીએ અપીલ અરજી કરેલ. જે સંદર્ભે તા.૨–૨–૧૩ ના રોજ અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ કરવામાં આવેલ રૂબરુ સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીઅને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા માંગ્યા મુજબની માહિતીઓ પુરી પાડવામાં આવેલ હોવાની રૂબરુ હીયરીંગ દરમ્યાન સ્પષ્ટતા કરવામાં આવેલ છે. જે અન્વયે અરજદારે પણ સમજ મેળવી આપવામાં આવેલ માહિતી બાબતે સંતોષ વ્યકત કરેલ છે. વધુમાં અરજદારશ્રીએ અન્ય કચેરી હુકમો હોય તો તે પુરા પાડવા રજુઆત કરેલી છે.

ઉપરોકત હકિકત ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ તેમના દફતરી રેકર્ડની ચકાસણી કરી પાઠવેલ કચેરી હુકમો સિવાયના અન્ય કોઈ કચેરી હુકમો હોય તો તે અરજદારને વિના મુલ્યે પુરી પાડવા હુકમ કરવામાં આવે છે. અને અપીલ સંદર્ભે અરજીનો હું નિકાલ થયેલ જાહેર કરૂં છું.

(મનિષ એમ.ડોકટર)
અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

નં.ટી.ડી.ઓ/૦૧
તા. ૦૧–૪–૨૦૧૩

**અપીલ અરજી તા.૨૯–૧૨–૨૦૧૨,**
**અરજદારશ્રી :– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૯–૧૨–૧૨ ની આઈ.ડી નં.૧૭૫૦, ટીડીઓ.આઈ.ડી નં.૬૩૧ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :– (૧) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૯/૧૨/૧૨ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી નં ૧૭૫૦,ટીડીઓ.આઈ.ડી. નં.: ૬૩૧**
**(૨) જાહેર માહિતી અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તેમના પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/૨૬૫૭ તા. ૧–૧–૧૩ થી જાહેર માહિતી અધિકારીશ્રી વેસ્ટ ઝોન કચેરીને અરજી તબદીલ કરવામાં આવી.**
**(૩) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (વેસ્ટ ઝોન) ધ્વારા તા. ૯–૧–૧૩ ના પત્ર નં. વેસ્ટ ઝોન/ આર.ટી.આઈ.સેલ/૧૫૯૫ થી મુદ્દા નં(૬) ની માહિતી બાબતે અરજી જાહેર માહિતી અધિકારીશ્રી, શહેર વિકાસ વિભાગને અરજી તબદીલ કરવામાં આવી.**
**(૪) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૬–૧–૧૩ ના પત્ર નં ટીડીઓ/૭૩૦ થી મુદ્દા નં(૬) ની માહિતી અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારને પુરી પાડવામાં આવી.**
**(૫) "નમુનો–જ" માં અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા તા.૦૬/૦૨/૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી.**
**(૬) જાહેર માહિતી અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તા. ૮–૨–૧૩ ના પત્ર નં. સે.ઝેડ/ આર.ટી.આઈ/ આઉટ/ નં ૩૦૯૨ થી અપીલ અરજી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવી.**
**(૭) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૬–૩–૧૩ ના ટીડીઓ નં.૧૫૨ થી અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારને રૂબરુ હીયરીંગ** માટે બોાલવતો પત્ર.

અરજદારશ્રી નરેશભાઈ નાજીભાઈ બથવાર તરફથી સંદર્ભ (૧) થી આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારીશ્રી સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી અરજી જાહેર માહિતી અધિકારીશ્રી, વેસ્ટ ઝોન કચેરીને અરજી તબદીલ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારીશ્રી, વેસ્ટ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ(૩) ના પત્ર થી મુદ્દા નં(૬) ની માહિતી માટે જાહેર માહિતી અધિકારીશ્રી, શહેર વિકાસ વિભાગને અરજી તબદીલ કરવામાં આવી. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૪) હેઠળના પત્રથી અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારને મુદ્દા નં(૬) ની માહિતી પુરી પાડવામાં આવી. જેનાથી નારાજ થઈ હું બી.પી.એલ. કાર્ડ ધારક હોવાથી મને નકલો પુરી પાડેલ ન હોવાનું જણાવી અરજદારશ્રી નરેશભાઈ નાથીભાઈ બથવાર ધ્વારા તા. ૬–૨–૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં નુમનો "જ" માં પ્રથમ અપીલ રજુ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૬) હેઠળના પત્રથી અપીલ અરજી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવી. અરજદારની અપીલ અરજી અન્વયે અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારને તા. ૧૧–૩–૧૩ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.સદર દિવસે અને સમય અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર હાજર રહેલ નહી અને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ આ બાબતે તેઓને તા. ૧૬–૧–૧૩ થી આપેલ માહિતી, જે તે સમયે રેકર્ડ મુજબ બરાબર હોવાની કેફીયત રજુ કરેલ. આથી અપીલ અરજી અંગે નીચે મુજબનો હુકમ કરૂં છું.

**–:: હુકમ ::–**

માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી નરેશભાઈ નાનથીભાઈ બથવારની તા.૨૯/૧૨/૧૨ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ તા. ૧૬–૧–૧૩ ના રોજ પાઠવેલ જવાબ સામે અરજદારશ્રીએ અપીલ દાખલ કરેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ તેઓ ધ્વારા તા. ૧૬–૧–૧૩ ના રોજ ટીડીઓ નં ૭૩૦ થી આપેલ મુદ્દા નં(૬) નો જવાબ જે તે સમયે રેકર્ડ મુજબ બરાબર હોવાનું જણાવેલ છે. જે સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈચા નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તેઓએ તા. ૧૬–૧–૧૩ ના રોજ આપેલ માહિતી/પ્રત્યુતર બાદ, અરજદારશ્રીની માંગણી મુજબના પ્લાન જો મંજુર કરી રજાચિઠ્ઠી આપવામાં આવી હોય તો તેની નકલ અરજદારને વિના મુલ્યે દિન–૪ માં પુરી પાડવા હુકમ કરવામાં આવે છે. અને અપીલ સંદર્ભે અરજીનો હું નિકાલ થયેલ જાહેર કરૂં છું.

(મનિષ એમ.ડોકટર)
અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકાપ્રતિ,

નં.ટી.ડી.ઓ/૦૨
તા.૦૧– ૦૪ –૨૦૧૩

**અપીલ અરજી તા.૦૬–૦૨–૨૦૧૩,**
**અરજદારશ્રી :– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૫–૧૧–૧૨ ની આઈ.ડી નં.૧૫૩૦ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :– (૧) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૫/૧૧/૧૨ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૧૫૩૦(ટીડીઓ/૫૪૬)**
**(૨) જાહેર માહિતી અધિકારીશ્રી સેન્ટ્રલ ઝોન ધ્વારા તા. ૭–૧૧–૧૨ ના પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/૨૨૨૪ થી અરજી જાહેર માહિતી અધિકારીશ્રી, શહેર વિકાસ વિભાગને તબદીલ કરવામાં આવી.**
**(૩) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૨૧–૧૨–૧૨ ના પત્ર નં.ટીડીઓ/૬૫૨ થી અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારને જવાબ પાઠવ્યો.**
**(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા તા.૦૬/૨/૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરીમાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી.**
**(૫) સેન્ટ્રલ ઝોન કચેરીના તા. ૮–૨–૧૩ ના પત્ર નં. સી.ઝેડ/ આરટીઆઈ/ આઉટ/૩૦૯૦ થી અપીલ અરજી તબદીલ કરતો પત્ર.**
**(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારને તા. ૪–૩–૧૩ ના રોજ રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા ટીડીઓ/અપીલ/નં ૧૪૬ તા.૨૨–૨–૧૩ થી પત્ર પાઠવવમાં આવેલ.**

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા તા.૫/૧૧/૧૨ ના રોજ આઈ.ડી. નં.:૧૫૩૦ થી સેન્ટ્રલ ઝોન કચેરીમાં અરજી રજુ કરેલ. જાહેર માહિતી અધિકારીશ્રી સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી અરજી જાહેર માહિતી અધિકારીશ્રી, શહેર વિકાસ વિભાગને અરજી તબદીલ કરવામાં આવેલ. અરજદારની સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના પત્રથી અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારને જવાબ / માહિતી પાઠવવામાં આવેલ. ઉકત અરજી અન્વયે પાઠવેલ જવાબો પૈકી મુદ્દા નં(૬)ની માહિતી અધુરી તથા મુદ્દા નં(૧) થી (૫) ની માહિતી આપેલ ન હોવાનું જણાવી સંદર્ભ (૪) હેઠળ સેન્ટ્રલ ઝોન કચેરીમાં અપીલ અરજી રજુ કરેલ. જાહેર માહિતી અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૫) હેઠળના પત્રથી અપીલ અરજી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવી.

સદર અપીલ અન્વયે સંદર્ભ(૬) હેઠળના પત્રથી અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૪/૩/૧૩ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર સુનાવણીના નિયત સમયે હાજર રહેલ ન હતા તેમજ તે બાબતે તેમણે કોઈ લેખિત જાણ પણ કરેલ નથી.જયારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તા.૪–૩–૧૩ ના રોજ સુનાવણીના નિયત સમયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેલ છે. જે સુનાવણીમાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારે કરેલ અરજીના તેઓના લગતા મુદ્દા નં(૫) તથા (૬) માં ફકત બાંધકામની પ્લાન મંજુરી અને

રજાચિઠ્ઠીની વિગતો માંગેલ હોય, જે તેઓને પુરી પાડવામાં આવેલ છે તેમજ મુદ્દા નં(૬) મિલ્કતના પાર્ટ પ્લાનરસ્તા અંગેની નકલો માંગેલ છે. જે તેઓને પુરી પાડવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરવામાં આવેલ.

**–:: હુકમ ::–**

**અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાન ઉપર લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા જણાવ્યા અનુસાર અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૫–૧૧–૧૨ ની અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકાશ્રી ધ્વારા શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતાને લગતા મુદ્દા નં(૫) તથા (૬) ની માહિતી આપવામાં આવેલ હોય તેમજ અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તેઓની અપીલ અરજી સંદર્ભે રૂબરુ સુનાવણીની નિયત તારીખે હાજર રહેલ નથી તેમજ આ બાબતે તેઓએ કોઈ લેખિત સ્પષ્ટતા પણ કરેલ નથી.**

**ઉપરોકત હકિકતે, અરજદારશ્રીએ તા.૫–૧૧–૧૨ ના રોજ આઈ.ડી નં ૧૫૩૦ ની અરજીથી માંગવામાં આવેલ માહિતીની સંદર્ભે શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતાને લગતા મુદ્દા નં(૬) અંગેની નકલ સહિતની માહિતી, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને તા.૨૧–૧૨–૧૨ ના પત્ર નં.ટીડીઓ/૬૫૨ થી માહિતી પુરી પાડવામાં આવેલ છે તથા મુદ્દાનં.: (૫) સંદર્ભે માંગેલ માહિતી પુરી પાડવામાં આવેલ, તેમ છતા અરજદારશ્રીએ ઉકત અપીલથી પ્લાન અને રજાચિઠ્ઠીની મંજુરીની નકલની માંગણી કરેલ છે. જે વિના મુલ્યે આપવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરવામાં આવે છે અને આમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

નં.ટી.ડી.ઓ/૦૪
તા. ૦૪ –૪–૨૦૧૩

**અપીલ અરજી તા.૧૬–૦૨–૨૦૧૩,**
**અરજદારશ્રી :– શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૧૦–૧–૧૩ ની આઈ.ડી નં૧૮૭૧, ટીડીઓ.આઈ.ડી નં.૬૫૬ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :– (૧) અરજદારશ્રી શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૧૦/૧/૧૩ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી ટીડીઓ.આઈ.ડી. નં.: ૬૫૬**

**(૨) જાહેર માહિતી અધિકારીશ્રી સેન્ટ્રલ ઝોન ધ્વારા તા. ૧૫–૧–૧૩ ના પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/ ૨૮૧૫ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવી.**

**(૩) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (વેસ્ટ ઝોન) ને માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૨૮/૧/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૭૪૯ થી અરજી તબદીલ કરવામાં આવી.**

**(૪) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (વેસ્ટ ઝોન) ના પત્ર નં. ૧૭૨૬, તા.૧–૨–૧૩ થી મુદ્દા નં(૨),(૩) ની સંપૂર્ણ તથા (૪) ની અંશતઃ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરવામાં આવી.**

**(૫) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (વેસ્ટ ઝોન) ને મુદ્દા નં(૪) ની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૧૩/૨/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૮૧૬ થી અરજી તબદીલ કરવામાં આવી**

**(૬) અરજદારશ્રી મહેન્દ્રસિંહ બ્રહમભટ્ટને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસઅધિકારીશ્રી તરફથી તા.૧૩/૦૨/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૮૧૭ થી મુદ્દા નં(૨) ની માહિતી પુરી પાડતો પત્ર**

**(૭) "નમુનો–જ" માં અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ ધ્વારા તા.૧૬/૦૨/૧૩ ના રોજ રજુ કરેલ પ્રથમ અપીલ અરજી. ટીડીઓ.૧૯૮**

**(૮) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૬–૩–૧૩ ના ટીડીઓ નં.૧૫૧ થી અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટને રૂબરુ હીયરીંગ** માટે બોલવતો પત્ર.

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી રજુ કરેલ. જે અંગે સંદર્ભ (૨)ના પત્રથી જાહેર માહિતી અધિકારીશ્રી સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી અરજી જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારીશ્રી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી, શહેર વિકાસ વિભાગ ધ્વારા સંદર્ભ (૩) હેઠળના પત્રથી અરજી જાહેર માહિતી અધિકારીશ્રી, વેસ્ટ ઝોન કચેરીને તબદીલ કરવામાં આવી. જાહેર માહિતી અધિકારીશ્રી, વેસ્ટ ઝોન કચેરી ધ્વારા મુદ્દા નં(૨),(૩) ની સંપૂર્ણ તથા મુદ્દા નં(૪) ની માહિતી બાબતે અરજી જાહેર માહિતી અધિકારીશ્રી, શહેર વિકાસ વિભાગને અરજી તબદીલ કરવામાં આવી. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારી તરફથી તા. ૧૩–૨–૧૩ ના પત્ર નં.ટીડીઓ/૮૧૭ થી મુદ્દા નં(૨) ની માહિતી અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટને પુરી પાડવામાં આવી તેમજ મુદ્દા નં(૪) ની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીશ્રી, વેસ્ટ ઝોનને અરજી તબદીલ કરવામાં આવી.

અરજીમાં માંગેલ વિગતો નો જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ પાઠવેલ જવાબથી નારાજ થઈ અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ ધ્વારા નમુનો "જ" માં તા.૧૬–૨–૧૩ ના રોજ અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ અપીલ અરજી રજુ કરવામાં આવી.અપીલ માટેના કારણો નીચે મુજબ આપેલ.

(૧) જવાબદાર જાહેર માહિતી અધિકારી ધ્વારા મુદ્દા નં(૨) ની માહિતીની પ્રમાણિત નકલ આપેલ નથી.

(૨) મુદ્દા નં(૧),(૩) અને (૪) ની માહિતી છુપાવવામાં આવી છે.

(૩) મે.કમિશ્નરશ્રીના હુકમ/ શેરો/ નોંધની અમલવારી ન થઈ હોવાથી જ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ માહિતી છુપાવી હોવાનાં કારણે નાયબ શહેર વિકાસ અધિકારી વિરૂધ્ધ કાર્યવાહી થવી જોઈએ.

સદર અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૮) હેઠળના પત્રથી તા.૧૧–૩–૧૩ ના રોજ સાંજે ૩.૩૦ કલાકે અરજદારને રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા જણાવતા અરજદાર ઉકત દિને અપીલ અધિકારીશ્રી સમક્ષ રૂબરુ સુનાવણી માટે હાજર રહેલ. રૂબરુ સુનાવણી દરમ્યાન અરજદારે અરજીમાં માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ છુપાવી હોવાનું જણાવી તેમની સામે કાર્યવાહી કરવા રજુઆત કરેલ. જયારે હાજર રહેલ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ અપીલ અરજીના મુદ્દા નં(૨) બાબતે અરજદારને રેકર્ડ પરની તમામ માહિતી સંદર્ભ (૬) હેઠળના પત્રથી આપેલ હોવાનું જણાવેલ. જયારે અપીલના મુદ્દા નં(૨) અને (૩) બાબતે અરજદારને આપવામાં આવેલ માહિતી રેકર્ડ પરથી જ આપેલ હોઈ, કોઈપણ માહિતી છુપાવી ન હોવાની સ્પષ્ટતા કરેલ. અરજદારે પણ તે બાબતે વિસ્તારપુર્વક સમજ મેળવેલ છે. આથી અપીલ અરજી અંગે નીચે મુજબનો હુકમ કરું છું.

**–:: હુકમ ::–**

**માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ ધ્વારા અપીલ અરજીમાં ઉપસ્થિત કરેલ મુદ્દાઓ પરત્વે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને વિસ્તારપુર્વક સમજ/ સ્પષ્ટતા આપવામાં આવેલ છે.અને અપીલના મુદ્દા નં(૨) ની માહિતી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૧૩–૨–૧૩ ના રોજ પત્ર નં.ટીડીઓ/૮૧૭ થી પુરી પાડવામાં આવેલ છે તેમજ આ બાબતે અરજદાર ઈચ્છે તો રેકર્ડનું નિરીક્ષણ કરવા માટે વિનામુલ્યે રેકર્ડ ઈન્સ્પેકશન આપવા તથા તેઓ ધ્વારા જરૂરી નકલોની માંગણી કરવામાં આવે તો તે નકલો વિનામુલ્યે આપવા હુકમ કરવામાં આવે છે અને અપીલ સંદર્ભે અરજીનો નિકાલ થયેલ જાહેર કરૂ છુ.**

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકાપ્રતિ,**

નં.ટી.ડી.ઓ/૦૭
તા. ૧૦ –૪–૨૦૧૩

**અપીલ અરજી તા.૨૦–૦૩–૨૦૧૩,**
**અરજદારશ્રી :– શ્રી સુરેશ એમ. પટેલ,**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી સુરેશ એન. પટેલની તા.૧૬–૨–૧૩ ની આઈ.ડી નં.૨૧૩૬ થી માંગેલ માહિતી બાબત.**

સંદર્ભ :–
**(૧) અરજદારશ્રી શ્રી સુરેશ એમ. પટેલની તા.૧૬/૦૨/૧૩ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી ૨૧૩૬ અને ટીડીઓ/આઈ.ડી. નં.: ૮૬૦, તા.૨૨/૦૩/૧૩**
**(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા તા. ૨૧–૩–૧૩ ના રોજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરતો પત્ર.**
**(૩) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી તરફથી તા.૨૮/૦૩/૧૩ ના પત્ર નં.: ટીડીઓ/૯૯૨ થી માહિતી પુરી પાડતો પત્ર.**
**(૪) "નમુનો–જ" માં અરજદારશ્રી સુરેશ એમ. પટેલ ધ્વારા તા.૨૦/૦૩/૧૩ ના રોજ રજુ કરેલ પ્રથમ અપીલ અરજી. ટીડીઓ.૨૮૮**
**(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા. ૩૦/૦૩/૧૩ ના ટીડીઓ નં.૧૬૨ થી અરજદારશ્રી સુરેશ એમ. પટેલને રૂબરુ હીયરીંગ માટે લખવામાં આવેલ પત્ર.**

